# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 191 ■ વિક્રમ સંવત ૨૦૮૨

શ્રાવણ સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 August 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

R.N.I. No. 1563/1957 ★

ગુરુવાર, ૧૩ ઑગસ્ટ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ પુરુષ પૂર્તિ ૯ ૧૦ ૧૧ LIKE & FOLLOW: /Mumbaisamachar4u


**નીટ-વિદ્યાર્થી-વિવાદ**

## હવે સરકાર ચર્ચા માટે તૈયાર, તો વિપક્ષનો નનૈયો

*નવી દિલ્હી:* ચોમાસુ સત્રના ગુરુવારના અંતિમ દિવસ પહેલા ગઈ કાલે લોકસભામાં વિદ્યાર્થીઓના આંદોલન પર ચર્ચા માટે સરકારના પ્રયાસો નિષ્ફળ ગયા કારણ કે વિપક્ષે ગૃહ પ્રધાન અમિત શાહના જવાબ બાદ નીટ પેપર લીક અને અન્ય મુદ્દાઓ પર બે દિવસની ચર્ચાના પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સૌપ્રથમ વિપક્ષને ચર્ચા માટે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને ઔપચારિક પત્ર સુપરત કરવાનો (જુઓ પાનું ૨) ▶▶







# ઘાટકોપરમાં ભેખડ ધસી પડી: સાતનાં મોત



**ગમખ્વાર:** ઘાટકોપરમાં ભેખડો ધસી પડતાં સાત જણનાં મોત થયાં હતાં અને બુધવારે મોડે સુધી બચાવકાર્ય શરૂ હતું. (એજન્સી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* મુંબઈમાં મંગળવારે દિવસભર વરસેલા વરસાદ પછી બુધવારના મળસકે ડુંગરાળ ભાગમાં બાંધવામાં આવેલાં ઘરો પર એકાએક ભેખડ ધસી પડી હોવાની ઘટના ઘાટકોપર નજીક બની હતી. ભૂસ્ખલનને કારણે ત્રણથી ચાર ઘર જમીનદોસ્ત થઈ ગયા હતા અને રહેવાસીઓ કાટમાળ નીચે દટાઈ ગયા હતા. આ કમનસીબ ઘટનામાં બે બાળક સહિત સાત રહેવાસીએ જીવ ગુમાવ્યા હતા તો જખમી અન્ય સાતને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘાટકોપરના બનાવને પગલે ડુંગરાળ ભાગોમાં જીવને જોખમે રહેતા લોકોનો પ્રશ્ન ફરી ચર્ચાએ ચઢ્યો હતો. મુંબઈ મહાનગરપાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ ચિરાગ નગર પાસેના અશોક નગરમાં ગૌશિયા ચાલ પર બુધવારના મળસકે ૩.૪૫ વાગ્યાની આસપાસ ડુંગરનો અમુક ભાગ તૂટી પડ્યો હતો. કાટમાળ નીચે દટાઈ ગયેલાઓમાંથી સાતનાં મૃત્યુ થયાં હતાં. મૃતકોમાં બે વર્ષના અબાન આરીફ શેખ, (જુઓ પાનું ૨) ▶▶

# ઘરમાંથી રોકડની જપ્તી: જસ્ટિસ યશવંત વર્મા દોષી

**લોકસભાના સ્પીકરે રચેલી તપાસ સમિતિનો અહેવાલ મુજબ તેમની સામેના તમામ આરોપો પુરવાર થયા**

*નવી દિલ્હી:* જસ્ટિસ યશવંત વર્માના ઘરે મળેલી રોકડ રકમની તપાસ કરવા લોકસભાના સ્પીકરે રચેલી સમિતિએ તેના અહેવાલમાં એવું તારણ રજુ કર્યું છે કે ખુલાસો ન કરાયેલી રોકડ રકમ, પુરાવાનો નાશ કરવાના પ્રયાસ અને ગલ્લાંતલ્લાં કરતા સ્પષ્ટીકરણથી આરોપો 'સાબિત થયા' છે. બુધવારે સંસદના બન્ને ગૃહમાં રજૂ કરાયેલા અહેવાલમાં ન્યાયાધીશ (તપાસ) ધારા હેઠળ રચાયેલી ત્રણ સભ્યની સમિતિએ કહ્યું હતું કે જસ્ટિસ વર્મા તેમના સત્તાવાર નિવાસસ્થાનના સ્ટોર રૂમમાં મળેલી રોકડ રકમની હાજરી, ઉગમ કે માલિકી વિશે સંતોષકારક ખુલાસો આપી શક્યા નથી. સમિતિએ વધુમાં જણાવ્યું હતું કે ભૌતિક પુરાવાને સુરક્ષિત રીતે જાળવી રાખવામાં આવ્યા નહોતા. કાયદેસર (જુઓ પાનું ૨) ▶▶



## ટાટા સન્સના ચેરમેન ચંદ્રશેખરનનું રાજીનામું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* નટરાજન ચંદ્રશેખરનને ટાટા સન્સના ચેરમેન પદેથી રાજીનામું આપી દીધું છે. તેમનું રાજીનામું ૧૮ ઓગસ્ટે યોજાનારી કંપનીની વાર્ષિક સામાન્ય સભા પહેલા આવ્યું છે. બુધવારે વહેલી સવારે ચંદ્રશેખરન દ્વારા રાજીનામું આપાયાના સમાચારો પછી, ટીસીએસ, ટાઇટન અને ટાટા ગ્રુપના અન્ય શેરો પર ભારે વેચાણ દબાણ જોવા મળ્યું હતું. એક નિવેદનમાં તેમણે કહ્યું હતું કે મેં ટાટા ગ્રુપમાં ૪૦ વર્ષનો વ્યાવસાયિક જીવનકાળ પૂર્ણ કર્યો છે. આ આદરણીય સંસ્થામાં યોગદાન આપવાની અત્યંત સંતોષકારક તક માટે હું આભારી છું. છેલ્લાં દાયકામાં ટાટા સન્સનું નેતૃત્વ કરવું (જુઓ પાનું ૨) ▶▶


વી. પી. રોડમાં
કોટન, ટેરીકોટન તથા સિલ્કના
દરેક સાઇઝમાં
જભ્ભા લેંગા
પહેરણ
કલર કુર્તા સુટ
થરમલ તથા નાઇટ સુટસ
Madura
સિકકાનગરની બાજુમાં, ૧૫૪, વિઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ-૪. Tel: 23854193
Mob.: 9326190837







**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈમરાન જેલમાં ગુજરી જાય તો પાકિસ્તાનમાં રમખાણો થઈ જાય

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના વડા ઈમરાન ખાન ગુજરી ગયા હોવાનો ફરી એક વાર દાવો કરાતાં સનસનાટી મચી છે. વરિષ્ઠ પાકિસ્તાની પત્રકાર વજાહત એસ. ખાને દાવો કર્યો છે કે, ઇમરાન ખાન જેલમાં જ ગુજરી ગયો છે પણ બબાલ ના થઈ જાય એટલે પાકિસ્તાનની સરકાર જાહેરાત કરતી નથી. વજાહતે તો એવો દાવો પણ કર્યો છે કે, પાકિસ્તાની લશ્કરના ત્રણ અધિકારીઓએ ઈમરાન ઉપર પહોંચી ગયો હોવાની વાતને સમર્થન આપ્યું છે. વજાહતનો વીડિયો સોશ્યલ મીડિયા પર ફરી રહ્યો છે તેમાં ઈમરાન ગુજરી ગયો હોવાનું ત્રણ અધિકારીએ કહ્યું હોવાનું કહે છે.

વજાહત સાથે સાથે ચોખવટ પણ કરે છે કે, અધિકારીઓએ સત્તાવાર રીતે આ માહિતી નથી આપી પણ અંગત રીતે આ માહિતી આપી છે. વજાહતનો દાવો છે કે, રાવલપિંડીમાં આવેલા પાકિસ્તાનના લશ્કરી હેડક્વાર્ટરના અધિકારીઓએ પોતાને આ માહિતી આપી છે. પાકિસ્તાનની જેલોમાં જ નહીં પણ બીજે ક્યાંય પણ શું બને છે તેની રજેરજ માહિતી પાકિસ્તાની હેડક્વાર્ટરને મળતી રહે છે તેથી આ વાતોને સાવ ખોટી ના માની શકાય. વજાહતે એ પણ કબૂલ્યું છે કે, આ વાત પોતે આંખે જોઈ નથી પણ માત્ર કાને સાંભળી છે.

સ્વાભાવિક રીતે જ અંગત રીતે અપાયેલી માહિતીમાં માહિતી આપનાર અધિકારી કોણ છે તેમનાં નામ જાહેર ન જ કરાય તેથી વજાહત ખાનની વાતમાં કેટલો દમ છે એ મોટો સવાલ છે. સોશિયલ મીડિયા પર તમે કોઈ પણ ગપ્પું ચલાવી દો પછી તેનો કોઈ ખુલાસો કરવાનો હોતો નથી કે જવાબ આપવાનો હોતો નથી પણ આ ગપ્પાના કારણે રાતોરાત સોશિયલ મીડિયા પર જાણીતા થઈ જવાય છે તેથી વજાહત ખાને પણ રાતોરાત પ્રસિદ્ધિ માટે ઈમરાનના મોતનું પડીકું ફરતું કરી દીધું હોય એવી પૂરી શક્યતા છે.

ઈમરાન ખાન ભલે પાકિસ્તાનનો વડા પ્રધાન બન્યો હોય પણ એ ઈન્ટરનેશનલ સેલિબ્રિટી છે તેથી તેના મોતના સમાચારમાં આખી દુનિયાને રસ પડે તેથી પાકિસ્તાનમાં જેનો કોઈ ભાવ નથી પૂછતું એ વજાહત ઈન્ટરનેશનલ લેવલે જાણીતો થઈ ગયો છે. આ કારણે પણ વજાહતે ઈમરાનના મોતની વાત રમતી કરી હોય એ શક્ય છે. સામે પાકિસ્તાન સરકાર આ મામલે ચૂપ છે ને આર્મી પણ કશું બોલતી નથી. ઈમરાન ખાન જેલમાં સહીસલામત છે એ સાબિત કરે એવા કોઈ પુરાવા પણ સરકારે મૂક્યા નથી કે કહેવા ખાતર પણ કોઈ ચોખવટ કરી નથી તેથી ઈમરાન ખરેખર ગુજરી ગયો હોય એ પણ શક્ય છે.

ઈમરાન ખાન ૨૦૨૩ના ઓગસ્ટથી જેલમાં બંધ છે. આ ત્રણ વરસ દરમિયાન ઈમરાન ખાનનું મોત થયું હોવાની વાતો બહુ વાર ચાલી છે પણ દરેક વાર ખોટી પડી છે. છેલ્લે ૨૦૨૫ના ડિસેમ્બરમાં ઈમરાન ગુજરી ગયો હોવાની વાતો ચાલી હતી. આ વાતોના મૂળમાં ઈમરાન ખાનના પુત્ર કાસિમ ખાને એક્સ પર મૂકેલી પોસ્ટ હતી. કાસિમ પિતાને મળવા માટે મંજૂરી માગ્યા કરતો હતો પણ લાંબા સમય સુધી મુલાકાતની મંજૂરી ન મળતાં કાસિમ ખાને એક્સ પર પોસ્ટ મૂકીને પોતાના પિતાના જીવિત હોવાનો પુરાવો આપવાની માગણી કરી હતી. મીડિયાના એક વર્ગે તેનું એવું અર્થઘટન કર્યું કે, ઈમરાનને જેલમાં જ પતાવી દેવાયો હોવાથી તેના દીકરાને પણ મળવાની મંજૂરી નથી અપાતી.

મીડિયાએ આ વાતને ચગાવી એટલે ઈમરાનની પાર્ટી પીટીઆઈ મેદાનમાં આવી ગઈ. પીટીઆઈએ ઈમરાન જીવતો હોવાના પુરાવા માંગીને દેખાવો શરૂ કર્યા. આ દેખાવોના ભાગરૂપે પીટીઆઈએ ઈસ્લામાબાદ હાઈકોર્ટની બહાર વકીલો ખડકી દઈને દેકારો કરાવડાવી દીધો હતો. ઈમરાન ખાનને એકાંતમાં રાખીને અને કોઈને પણ નહીં મળવા દઈને માનવાધિકારોનો ભંગ કરાઈ રહ્યો હોવાની ફરિયાદ પણ વકીલોએ કરી હતી. પીટીઆઈએ અડિયાલા જેલની બહાર પણ હજારો કાર્યકરોને ખડકી દીધા હતા. સરકાર પહેલાં પીટીઆઈના નેતાઓને ગણકારતી નહોતી પણ દેકારો વધ્યો એટલે છેવટે નમવું પડ્યું. સરકારે ઈમરાનનાં બહેન ડો. ઉઝમા ખાનને જેલમાં મળવાની મંજૂરી આપી હતી. ડો. ઉઝમા જેલમાં ઈમરાનને મળ્યાં અને બહાર આવીને જાહેરાત કરી કે, ઈમરાન સલામત છે ત્યારે સૌને હાશકારો થયેલો અને સૌ વેરાઈ ગયેલાં.

અત્યારે પણ પીટીઆઈએ દેકારો ચાલુ કરી દીધો છે અને નિવેદનબાજી શરૂ થઈ ગઈ છે. કેટલાંક શહેરોમાં દેખાવો પણ શરૂ થઈ ગયા છે પણ આ દેખાવો ઉગ્ર નહીં બને ત્યાં લગી સરકાર સળવળે એવી આશા રાખવા જેવી નથી. પીટીઆઈએ પહેલાંની જેમ લાખો કાર્યકરોને રસ્તા પર ઉતારવા પડે, એ સિવાય સરકાર કશું કરે એ વાતમાં માલ નથી.

વજાહતે ઈમરાન કઈ રીતે ગુજરી ગયો એ વિશે કશું કહ્યું નથી પણ ઈમરાન જેલમાં ગુજરી જાય તો તેના સમર્થકો એવું જ કહેવાના કે, સરકારે તેને પતાવી દીધો હશે. ઈમરાન અત્યારે ૭૦ વર્ષથી વધારે ઉંમરનો છે. જેલની બહાર હતો ત્યારે કડેધડે હતો ને એકદમ ફિટ લાગતો હતો પણ જેલ ભલભલાંને ઢીલા કરી નાંખે છે એ જોતાં ત્રણ વરસમાં તેની તબિયત કેવી હશે એ કહેવું મુશ્કેલ છે. ઈમરાન માટે તો જેલની જીંદગી બહુ દુષ્કર છે કેમ કે ઈમરાન તો ધનિક જાગીરદાર પરિવારનો નબીરો છે. એકદમ સુખસાહ્યબી અને અય્યાશીમાં જીવ્યો છે તેથી જેલની જિંદગી તેને માફક ના આવી હોય ને ત્રણ વરસમાં સાવ ખખડી ગયો હોય એ શક્ય છે.

આ કારણે ઈમરાન કુદરતી મોતે મરે એ શક્યતા પણ છે પણ તેના સમર્થકો આ વાત ના માને. ઈમરાન હાલના પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનિર બંનેનો દુશ્મન છે તેથી સૌથી પહેલાં આ બંને સામે જ આંગળી ચીંધવામાં આવે. આ કારણે ઈમરાન ગુજરી ગયો હોવાની વાત પર ઢાંકપિછોડો કરાતો હોવાની શક્યતા પણ છે જ.

આપણને સત્ય ખબર નથી પણ ખરેખર ઈમરાન ગુજરી ગયો હશે તો પાકિસ્તાનમાં મોટું દંગલ થઈ જશે તેમાં શંકા નથી. ઈમરાનને કાવાદાવા કરીને ભલે સત્તામાંથી હટાવી દેવાયો હોય તેની લોકપ્રિયતા હજુ પણ ભારે છે. આ કારણે પાકિસ્તાનમાં તો રમખાણો થઈ જ જાય ને એ કારણે શરીફ સરકાર ડરતી હોય એ શક્ય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઈમરાનનો સમર્થક વર્ગ બહુ મોટો છે તેથી આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પડઘા પડે. પાકિસ્તાન આમ પણ માનવાધિકારોના મુદ્દે વગોવાયેલું છે ને તેમાં ભૂતપૂર્વ વડા પ્રધાન જેલમાં ગુજરી જાય તો તો ફજેતો થઈ જાય તેથી પાકિસ્તાન સરકાર વાત બહાર ના પાડતી હોય એ શક્ય છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, ગુરુવાર, તા. ૧૩–૮–૨૦૨૬, શ્રાવણ માસારંભ, શિવપૂજનારંભ

- ભારતીય દિનાંક ૨૨, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ –૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ –૧
- પારસી શહેનશાહી રોજ ગાથા–૪ વોહુક્ષથ્ર સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧લો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર મઘા મધ્યરાત્રિ પછી ક. ૨૮–૩૮ સુધી (તા. ૧૪) પછી પૂર્વાફાલ્ગુની ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૬–૦૬ સુધી, પછી સિંહમાં. ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૨, સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

- ભરતીઃ બપોરે ક. ૧૨–૩૦, મધ્યરાત્રે ક. ૦૦–૩૫, • ઓટઃ સાંજે ક. ૧૮–૪૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – પ્રતિપદા. શ્રાવણ માસારંભ, શિવપૂજનારંભ, નક્તવ્રત પ્રારંભ, બૃહસ્પતિ પૂજન, પારસી ગાથા–૪ વોહુક્ષથ્ર, ઈષ્ટિ. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- શ્રાવણ માસ સંક્ષિપ્ત (તા. ૧૩–૮–૨૦૨૬થી તા. ૧૧–૯–૨૦૨૬): શ્રાવણ શુક્લ પક્ષમાં તેરસની વૃદ્ધિ થાય છે. દિવસ કુલ ૧૬ છે. શ્રાવણ કૃષ્ણપક્ષમાં પાંચમનો ક્ષય છે. દિવસ–કુલ ૧૪ છે. એમ શ્રાવણ માસમાં કુલ દિવસ–૩૦ રહે છે. શ્રાવણ પૂનમના દિવસે ચંદ્ર શતભિષા નક્ષત્રમાં રહે છે. આજનું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહીં, આથી પાળવાનું રહેતું નથી. રક્ષાબંધન પર્વ તા. ૨૮મીએ છે. તા. ૨૭મીએ વ્રતની પૂનમ, નાળિયેરી પૂનમ, ઉપાકર્મ વિધિ થશે. શ્રાવણ અમાસ તા. ૧૧મીએ શુક્રવારે સૂર્યગ્રહણનો યોગ બનતો નથી.
- શ્રાવણ મહિમાઃ શ્રી વિષ્ણુ–લક્ષ્મી, શ્રી ગણેશ, શ્રી સૂર્યનારાયણ દેવતાનું વિશેષરૂપે પૂજન, શ્રાવણમાં ભગવાન શિવની આરાધના અનેક સ્વરૂપે થાય છે.આ માસમાં દરરોજ શિવજીને જળાભિષેક કરવાથી વિશેષ પુણ્ય અને મનોકામના પૂર્ણ થાય છે. ઉપરાંત દૂધ, પંચામૃતથી અભિષેક, બિલીપત્ર અર્પણ તથા ૐ નમઃ શિવાયના મંત્રજાપ, અનુષ્ઠાનનો મહિમા છે. શ્રાવણ મહિનામાં પ્રત્યેક વાર મુજબ ગ્રહના પૂજનનો પણ મહિમા છે. વિશેષરૂપે પ્રત્યેક શુક્રવારે મહાલક્ષ્મી પૂજન, પ્રત્યેક શનિવારે પીપળાનું અને મારુતિ ભગવાનનું પૂજન કરવું. શ્રાવણમાં પ્રત્યેક સોમવારે ધાન્યથી શિવપૂજા અભિષેક કરવો. શ્રાવણ મહિનામાં પ્રત્યેક મંગળવારે ગૌરી પૂજનનો મહિમા છે શ્રાવણ માસ એટલે વરસાદી ઋતુનો પર્વ ઉત્સવોથી ભરપૂર હરિયાળો માસ છે. વડનું પૂજન કરવું, ગુરુ ગ્રહદેવતાનું વિશેષરૂપે પૂજન કરવું.
- મુહૂર્ત વિશેષઃ આજથી શ્રાવણ માસના શિવપૂજા નિયમ પાલનનો પ્રારંભ. નક્તવ્રતારંભ મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ઈષ્ટિ પર્વનો શ્રદ્ધાવાનોમાં ઉપવાસનો મહિમા. આજે પિતૃનું પૂજન કરવું.સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, ધાન્ય ઘરે લાવવું, સ્થાવર મિલકતની લેવડદેવડ, શુક્લ પ્રતિપદા તિથિ હોય કંસાર, લાપસીના નૈવેદ્ય અર્પણ કરવા,
- આચમનઃ ચંદ્ર–રાહુ પ્રતિયુતિ નિષ્ફળતાનો ભય રહ્યા કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–રાહુ પ્રતિયુતિ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–મિથુન, માર્ગી બુધ–કર્ક, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

**મુખ્બિરે ઈસ્લામ**

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# રૂઠેલી કુદરતને રાજી કરવા માટેનો આ રહ્યો હાથવગો ઉપાય

ઈન્સાન જાતની જન્મથી એ ફીતરત (ટેવ) રહી છે કે તે સુખમાં રબની નેઅમત (ઈશ્વરીય દેણગી)થી બેપરવાહ રહેતો હોય છે, પણ તેના પર જ્યારે દુઃખ આવે છે તો તે અલ્લાહને યાદ કરી આજીજી કરતો હોય છે. એક અલ્લાહ, એક કુરાન અને એક પયગંબર હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (સલ.)ને દિલોજાનથી માનનારા સુન્ની-શિયાના નામે મુસલમાન મુસીબતના સમયેજ ખુદાને યાદ કરે અને રાહતના સમયે રીતિરિવાજ પ્રમાણે સ્મરણ કરી દુનિયાની દોડધામમાં, ભૌતિક સુખ પાછળ વ્યસ્ત થઈ જાય તે કેટલી હદે યોગ્ય છે, જેનું સ્મરણ કરી લેવાનો સમય દરવાજે દસ્તક દઈ રહ્યો છે.

અલ્લાહતઆલા કુરાન કરીમમાં ફરમાવ્યું છે કે - સેતાન ઈન્સાન જાતને ઈલાહી માર્ગથી ભટકાવી, ગેરમાર્ગે દોરવા સતત બહેકાવતો રહે છે, પછી તે જીનોમાંથી હોય કે ઈન્સાનમાંથી હોય?

ઉપરોક્ત આયત (શ્લોક)માં જીનોનું નામ પ્રથમ લેવાયું છે અને માનવીનું નામ પછી કહેવાયું છે.

વ્હાલા જિજ્ઞાસુ વાચક મિત્રો! યાદ રહેવું ઘટે કે મનુષ્યની જેમ જીનોમાં પણ સારા-નરસા, ભલા-બૂરા હોય છે.

અહીં એક પ્રશ્ન ઊભો થાય છે, શું મોમીન બંદા ખરેખર એક સારા ઈમાનદાર મુસલામાન પોતાની જાતને કહી શકીએ છીએ? ઈબાદત-બંદગી-સ્તુતિ તો કરીએ છીએ પણ અલ્લાહ અને તેના રસુલે અનવરે (સલ.) બતાવેલ માર્ગ પર અમલ કરીએ છીએ? સુખમાં પોતાની 'કાબેલિયત'ને દાદ આપીએ છીએ અને દુઃખમાં અલ્લાહને ફરિયાદ કરીએ છીએ.

આવા સ્વાર્થીપણા માટે અલ્લાહ તઆલાએ તેની કિતાબ કુરાન કરીમમાં એક આયત દ્વારા સ્પષ્ટ કર્યું છે - '...માણસ સામે જ્યારે આફત અથવા બુરાઈ દેખા દે છે ત્યારે તે મંડી પડે છે અમારી સામે દુઆ માંગવા, પછી જ્યારે અમે અમારા તરફથી તેના પર મહેરબાની કરીએ છીએ ત્યારે તે કહેવા માંડે છે કે આ તો ફક્ત અમારી હોશિયારી અને ઈલ્મોજ્ઞાનની તાકાત તથા કુનેહ થકી મને મળ્યું છે (આ સરાસર ભૂલ છે), બલકે આ તો એક પરીક્ષા-આઝમાઈશ હતી, પરંતુ તેમાંના મોટા ભાગના આ નથી સમજતા.' (સૂરહઝૂમ-આયતઃ ૪૯) અહીં પરીક્ષાનો અર્થ એ થાય છે કે ઈન્સાન મુસીબત ટળે તેમજ કૃપાઓ થયા પછી આરામ તથા શુકુન-ચૈનની સ્થિતિમાં આવી ગયા બાદ પણ તે શું તેના રબને યાદ કરતો રહે છે તેમજ એક આઝાદ-સ્વતંત્ર મોમીનની જેમ શુક્રિયા અદા કરતો રહે છે ખરો? સાચા દિલથી કરવામાં આવતી બંદગીમાં એક અદ્‌ભુત કશીશ રહેલી હોય છે અને એ દ્વારા મોમીન જે ઈચ્છે છે અને જે છે તેના કરતાં કંઈક વિશેષ હોવાનો અહેસાસ પ્રાપ્ત થાય છે. ટૂંકમાં જીવનને બદલવાનો એક ઉમદા માર્ગ જો કોઈ હોય તો તે બંદગી છે. લેખના પ્રારંભમાં સ્પષ્ટતા કરી, તેમ ઈબાદતમાં સ્વાર્થીપણું હોવું જોઈએ નહીં. પરવરદિગારે આલમ પાસે જ્યારે યાચના કરીએ ત્યારે તેમાં ઈચ્છાઓ પૂર્ણ કરવા માગણીઓ કરતા રહેવાને પ્રાધાન્ય ન આપતાં માણસની ભલાઈ શેમાં રહેલી છે અને પરવરદિગારે જો સુખ આપ્યું હોય, તેણે પોતાની નેઅમત-કૃપાઓ-મહેરબાનીઓથી નવાઝયા હોય તો એ કૃપાઓ (નેઅમતો) અન્યો સુધી પહોંચતી કરવા શક્ય સઘળું કરી છૂટવું જોઈએ અને જો દુઃખ આવ્યું હોય, માંદગી, આર્થિક તંગી અથવા સગાં-સંબંધીઓ જોડે મતભેદ થવા પામ્યા હોય કે અન્ય કોઈ મુસીબતમાં ઘેરાયેલા હોઈએ તો તેમાંથી બહાર નીકળવાનો માર્ગ એકમાત્ર અલ્લાહ પર ભરોસો રાખવાથી શક્ય બનશે- નેક માર્ગે ચાલવાથી બનશે. પછી ભલે તે કાંટાળો હોય. સારી અથવા ખરાબ પરિસ્થિતિ એ કુદરતી ક્રમ છે. કોઈના દિવસ કદી પણ એકસરખા રહેતા નથી સુખી અને દુઃખ એક સિક્કાની બે બાજુ જેવા છે. અલ્લાહ રહેમાન, રહીમ અને કરીમ (મહાન દયાળુ, કૃપા કરનાર, બરકતથી સન્માનિત કરનાર) છે. ત્યાં દેર છે પણ અંધેર નથી. માત્ર ધીરજ ધરવી જરૂરી છે.

* * *

દિલ પર લાગેલા કાટનું કારણ કદી જાણવાનો પ્રયત્ન કર્યો છે?

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદ્દિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયદે વસલ્લમ (સલ.) ફરમાવ્યું કે, 'જેવી રીતે પાણી લાગવાથી લોઢાને કાટ ચઢે છે, તેવી જ રીતે દિલને પણ કાટ ચઢે છે.' આપ હઝરત અબ્દુલ્લાહ (રદ્દિ.અન્હો) અરજ ગુજારી કે તે કેવી રીતે સાફ થાય? આપ રસૂલે કરીમે (સલ.) ફરમાવ્યું કે, ૧- મૃત્યુને વારંવાર યાદ કરવાથી અને ૨-કુરાન મજીદની તિલાવત (વાંચન) કરવાથી કાટને દૂર કરી શકાય, અને એ કાટ લાગવાનું કારણ કુરાન કરીમમાં જ બતાવી દીધું છે. ફરમાવ્યું છે કે, બેશક, અલ્લાહ તઆલાએ તેઓના ખરાબ કૃત્યોના કારણે, તેમના દિલો પર કાટ ચઢાવી દીધો છે. સાબિત થયું કે, ખોટાં કાર્યોથી દિલ પર કાટ ચઢે છે.

હુઝુરે અનવરે (સલ.) ફરમાવ્યું કે, માનવી જ્યારે કોઈ ગુનો કરે છે, ત્યારે તેના દિલ પર એક કાળું ટપકું ઉપસી આવે છે. પછી જો તે તૌબા (પ્રાયશ્ચિત) કરી લે (ફરી કોઈ ગુનો ન કરવાની શરતે) તો તેનું દિલ સ્વચ્છ થઈ જાય છે. જો તે શખસ વારંવાર ગુનાહ કરતો રહે તો તેનું કાળું નાનું ટપકું, ધીમે ધીમે આખા દિલને ઘેરી લે છે. પછી તે શખસ નેકી-બદી વચ્ચેનો તફાવત ભૂલી જાય છે. માત્ર બદી તરફ જ ખેંચાયા કરે છે.

* * *

**સાપ્તાહિક સંદેશ**

વિચાર અને આચાર વચ્ચે અંતર ઘટાડવા માટે સત્સંગની આવશ્યકતા છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ઘાટકોપરમાં ભેખડ ધસી

ચાર વર્ષના મનત આરીફ શેખ, મરજિના આરીફ શેખ (૨૭), મોહમ્મદ સમીર અન્સારી (૧૪), સાહિલ હુસેન અબ્દુલ કાઝી (૧૯) અને વિકેત રમેશ યાદવ (૨૭)નો સમાવેશ થાય છે. ૪૫ વર્ષના એક મૃતકની ઓળખ મેળવવાના પ્રયાસ હાથ ધરાયા હતા. મુંબઈ અને આસપાસના પરિસરોમાં પોરો ખાધા પછી મંગળવારે વરસાદે ફરી દેખા દીધી હતી. આખો દિવસ વરસાદની હાજરી વાતાવરણમાં ખુશનૂમા બન્યું હતું ત્યારે બુધવારના મળસકે બનેલી આ ઘટનાથી શોકનું મોજું ફરી વળ્યું હતું.

કહેવાય છે કે ટેકરી વિસ્તારમાં આવેલા અશોક નગરમાં મોટા ભાગનાં ઘરો ગેરકાયદે બાંધવામાં આવ્યાં હતાં. મહાપાલિકાની ચેતવણી છતાં રહેવાસીઓએ સ્થળાંતર કર્યું નહોતું. બુધવારે ભેખડ ધસી પડવાને કારણે ત્રણથી ચાર ઘર તૂટી પડ્યાં હતાં અને કાટમાળમાં ફેરવાઈ ગયાં હતાં.

દુર્ઘટનાની જાણ થતાં જ ઘાટકોપર પોલીસ, ફાયર બ્રિગેડ, નૅશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) અને પાલિકાના એલ વૉર્ડનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને બચાવ કામગીરી હાથ ધરી હતી. પાલિકાના નએલથ વૉર્ડનો ચાર્જ સંભાળતા આસિસ્ટન્ટ કમિશનર અનિલ જાધવે શરૂઆતમાં બેનાં મૃત્યુ અને છથી આઠ રહેવાસી દટાયા હોવાની માહિતી આપી હતી. બાદમાં બચાવ કામગીરી દરમિયાન કાટમાળ હેઠળ દટાયેલા અન્ય રહેવાસીઓને બહાર કાઢવામાં આવ્યા હતા.

રેસ્ક્યૂ ઑપરેશન દરમિયાન કાટમાળ નીચેથી બહાર કાઢવામાં આવેલા ચાર રહેવાસીને કુર્લાની ભાભા હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. સોહેલ અન્સારી (૧૮)ને માથામાં ગંભીર ઇજા થઈ હતી, જ્યારે મોહમ્મદ અન્સારી (૧૪), નઈમુદ્દીન ઈકબાલ ખાન (૨૮) અને સાજિદ અન્સારી (૧૬)ની સારવાર બાદ તબિયત સુધારા પર હોવાનું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. દરમિયાન રાજાવાડી હૉસ્પિટલમાં દાખલ ત્રણ રહેવાસી ફરાના દિલબર ખાન (૨૮), દિલબર અમનુલ્લા ખાન (૩૮) અને શમીન મુસ્લિમ ખાન (૨૬)ની સારવાર ચાલી રહી છે. પ્રાથમિક સારવાર પછી તેમનું સ્વાસ્થ્ય સુધારા પર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

### જસ્ટિસ જશવંત વર્મા

રીતે સ્ટોર રૂમનું નિરીક્ષણ થાય કે એ સીલ થાય એ પહેલાં તેની સ્થિતિમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. સમિતિએ એ પણ શોધી કાઢ્યું હતું કે જસ્ટિસ વર્માએ આવા સંજોગોમાં જે નિખાલસતા, પારદર્શિતા અને સંસ્થાકીય જવાબદારી દાખવવાની હોય એ દાખવી નહોતી. સ્વતંત્ર સત્તાવાર સાક્ષી અને પષ્ટિ કરનારા ભૌતિક પુરાવા રજૂ કરાયા ત્યારે પણ તેઓ ગલ્લાંતલ્લાં કરી રહ્યા હતા. આથી સમિતિ તેના અંતિમ તારતમ્યમાં કહે છે કે આરોપ એક, બે, અને ત્રણ સાબિત થાય છે. અહેવાલ બે ખંડમાં છે અને એમાં મૌખિક અને દસ્તાવેજી પુરાવાનો સમાવેશ થાય છે. સમિતિએ મે મહિનામાં સ્પીકરને અહેવાલ સુપરત કર્યો હતો. ૨૦૦ સંસદસભ્યે વર્માની હકાલપટ્ટીની માગણી કરી હતી. ૧૪ માર્ચ ૨૦૨૫એ તેમના ઘરમાં આગ લાગી ત્યારે સ્ટોરરૂમમાં બળેલી રોકડ રકમ મળી હતી. (એજન્સી) ■

### ટાટા સન્સના

એ એક મહાન સન્માન અને મોટી જવાબદારી રહી છે.

ચંદ્રશેખરનનો વર્તમાન કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી ચાલશે. પોતાના નિવેદનમાં, તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ તેમનો કાર્યકાળ પૂર્ણ થયા પછી ફરીથી નિમણૂકની અરજી નહીં કરશે. તેમણે કહ્યું હતું કે, કામકાજમાં સરળતા રહે એ માટે મેં બોર્ડને યોગ્ય અનુગામીની નિમણુંક સુનિશ્ચિત કરવા માટે જલ્દીથી નિર્ણય લેવા કહ્યું છે.

સમાચાર સંસ્થાઓના અહેવાલો અનુસાર શેરધારકો સાથેના તણાવ અને ચંદ્રશેખરન તથા ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટા વચ્ચેના મતભેદો દરમિયાન રાજીનામું આવ્યું છે. તેમના નિવેદનમાં, ચંદ્રશેખરને એવો ઉલ્લેખ કર્યો છે કે બોર્ડના એક સભ્ય (કદાચ નોએલ ટાટા!) ૨૦૨૭થી આગળ તેમના કાર્યકાળના વિસ્તરણને સમર્થન આપતા નહોતા અને સર્વસંમતિથી સમર્થન ન મળતાં તેમણે પદ છોડવાનો નિર્ણય લીધો છે.

ટાટા ગ્રુપના અને શેરબજારમાં લગડી ગણાતાં ટીસીએસ, ટાઈટન સહિત અમુક શેરોમાં વેચવાલીના દબાણ સાથે એકાએક કડાકા જોવા મળ્યા હતા. વાસ્તવમાં ટાટા જૂથમાં ટોચના સ્તર પર થયેલા ફેરફારની અસરોનું રોકાણકારો મૂલ્યાંકન કરી રહ્યા હોવાથી, ટાટા જૂથના શેરોમાં વેચવાલીનું દબાણ વધી જતાં આ શેર ઇન્ડેક્સના ટોચના ઘટનારા શેરોમાં ગબડી પડ્યા હતા.

ચંદ્રશેખરનના રાજીનામા બાદ, ગબડનારા ટાટા ગ્રુપ કંપનીઓના શેરમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટાટા સ્ટીલ, ટાટા પાવર કંપનીનો સમાવેશ થાય છે. સવારના સત્રમાં ટાટા પાવરમાં ૧.૨૬ ટકા, ટીસીએસમાં ૩.૯ ટકા અને ટાટા સ્ટીલમાં ૧.૮૩ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ■

### નીટ–વિદ્યાર્થી–વિવાદ

પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે જો ચર્ચા બુધવારથી શરૂ થશે તો તેઓ તમામ પ્રશ્નોના જવાબ આપવા માટે સમગ્ર કાર્યવાહીમાં હાજર રહેશે. ગૃહ પ્રધાને ગૃહની કાર્યવાહી શરૂ થયાના થોડીવાર પછી સંસદ ભવનમાં પત્રકારોને જણાવ્યું હતું કે હવે વિપક્ષે નિર્ણય લેવાનો છે કે તેઓ ચર્ચામાં ભાગ લેવા માંગે છે કે સંસદમાં હંગામો મચાવવો છે. કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે બુધવારે વિરોધ પક્ષોને વિદ્યાર્થીના વિરોધ પ્રદર્શન અને એને સંબધિત મુદ્દા પર ચર્ચા કરવા પત્ર સ્પીકરને આપવાનો પડકાર ફેંક્યો હતો. અમિત શાહે કહ્યું હતું કે જો બુધવારે ચર્ચા શરૂ થાય તો હું આખી કાર્યવાહીમાં હાજરી આપીશ અને બધા જ સવાલોના જવાબ આપીશ. સંસદ ભવનન સંકુલમાં પત્રકારોના સવાલનો જવાબ આપતા શાહે કહ્યું હતું કે એ વિરોધ પક્ષે હવે નક્કી કરવાનું છે કે તેઓ ચર્ચામાં ભાગ લેવા માગે છે કે પછી સસદમાં મડાગાંઠ ચાલુ રાખવા માગે છે.

સરકારને કશું છુપાવાનું નથી એમ ભારપૂર્વક કહેતા ગૃહપ્રધાને કહ્યું હતું કે આજે પણ વિરોધ પક્ષો બપોરના બે વાગ્યા સુધી પત્ર સુપરત કરે અને અમે બપોરના ત્રણ વાગ્યાથી આવતી કાલના ત્રણ વાગ્યા સુધી દરેક પ્રકારની ચર્ચા માટે તૈયાર છીએ.

સંસદનું ચોમાસું સત્ર ગુરવારે પૂરું થવાનું છે એના એક દિવસ પહેલાં અમિત શાહે આ ટિપ્પણી કરી હતી. સંસદના બંને ગૃહમાં કાર્યવાહી ખોરવાયેલી રહી હતી. વિરોધ પક્ષના સભ્યોએ શરૂઆતમાં નીટ પેપર લીક અને અયોધ્યાના રામમંદિરમાં ચંદા-ચોરી અંગે વિરોધ પ્રદર્શન કર્યા હતા અને સૂત્રો પોકાર્યા હતાં.

વિરોધ પક્ષોએ નીટ પેપર લીક અંગે દેખાવો કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસની કાર્યવાહી અંગે ચર્ચા માગી હતી. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહની હાજરી અને તેમના નિવેદનોની માગણી કરી હતી.

તેઓ ચર્ચાથી દૂર ભાગી રહ્યા છે એવા વિરોધ પક્ષના આક્ષેપો સામે અમિત શાહે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે 'લાપતા' અને 'ભાગેડૂ' જેવા શબ્દો ભારતના જાહેર અને સંસદીય વાર્તાલાપમાં નવા છે. (એજન્સી) ■

# જંતર મંતર સીઝન-ટૂ જલદી જ આવી રહી છે

*નવી દિલ્હીઃ* કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સંસ્થાપક અભિજિત દીપકે અણસાર આપ્યો છે કે જંતર મંતરમાં આંદોલનનો બીજો અધ્યાય ટૂંક સમયમાં શરૂ થશે. દીપકેએ કહ્યું હતું કે ઘણા લોકો ઇન્સ્ટાગ્રામ પર ટિપ્પણી કરી રહ્યા છે કે જંતર મંતરમાં બીજી મોસમની શરૂઆત ક્યારે થશે. હું તેમને કહેવા માંગું છું કે આંદોલનનો બીજો અધ્યાય તુરંત શરૂ થશે. તેમણે બીજો તબક્કો ક્યારે અને ક્યાં શરૂ થશે અને એમાં કઈ માગણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરાશે એ અંગે ફોડ પાડ્યો નહોતો. જો કે, તેમની ટિપ્પણી સૂચવે છે કે સીજેપી જંતર મંતર ખાતે ફરી આંદોલન કરવાની તૈયારી કરી રહ્યું છે. પહેલું આંદોલન પણ જંતર મંતરમાં જ થયું હતું. સીજેપીના સંસ્થાપકે તાજેતરમાં હમિરપુરમાં શાળાના વિદ્યાર્થીઓએ કરેલા વિરોધ પ્રદર્શનને ટેકો આપ્યો હતો. આ વિદ્યાર્થીઓ શાળા તરફ જવાનો યોગ્ય રસ્તો આપવાની માગણી સાથે હમિરપુરના જિલ્લા કલેકટરની કચેરીમાં કૂચ કરી ગયા હતા. આ કૂચમાં ૩૦૦ વિદ્યાર્થીઓ અને ૧૦૦ માતાપિતા જોડાયાં હતાં. વિદ્યાર્થીઓએ ખાસ કરીને ચોમાસામાં રોડની કથળેલી સ્થિતિનો વિરોધ કર્યો હતો.

સીજેપીએ દાવો કર્યો હતો કે દિલ્હી સ્વયંસેવકોની બેઠકમાં અમારા પર દબાણ લાવવામાં આવ્યું હતું. સીજેપીને દિલ્હીમાં સ્વયંસેવકોની બેઠક યોજવામાં તકલીફ પડી રહી છે એવો આક્ષેપ તેમણે કર્યો હતો અને આ પાર્શ્વભૂમિમાં બુધવારે તેમણે આ ટિપ્પણી કરી હતી. તેમના કહેવા મુજબ પક્ષને બેઠક માટે યોગ્ય સ્થળ શોધવામાં મુશ્કેલી નડી હતી. તેમણે કહ્યું હતું કે હૉલમાલિકોએ કહ્યું હતું કે હૉલ ન આપવા અમારા પર ઉપરથી દબાણ છે.

તેમણે દાવો કર્યો હતો કે અંતે અમને એક હૉલ મળ્યો હતો, પરંતુ બેઠકની સવારે જ માલિકને ધમકી આપવામાં આવી હતી. હૉલમાલિકોને એવી ચેતવણી અપાય છે કે જો સીજેપીની બેઠક તમારે ત્યાં થશે તો આવી બનશે. તેમણે આ દબાણ માટે ભાજપને દોષિત ઠરાવતા કહ્યું હતું કે ભાજપના નિર્ણયથી લાગે છે કે તે દેશના યુવાનોના આંદોલનથી ગભરાય છે. તેમણે કહ્યું હતું કે ભાજપના પ્રયાસોથી સીજેપી ગભરાશે નહીં. ■

## કાંદિવલીના બે સેન્ટરમાં બોગસ દસ્તાવેજો બનાવી આપવા બદલ ચાર જણ ઝડપાયા

મુંબઈઃ કાંદિવલી વિસ્તારમાં બે આધાર કાર્ડ સેન્ટરમાં બોગસ દસ્તાવેજો બનાવી આપનારા ચાર જણને દહિસર પોલીસે ઝડપી પાડી લોકઅપભેગા કરી દીધા હતા. પોલીસે બંને સ્થળેથી બનાવટી દસ્તાવેજો, કમ્પ્યુટર્સ, પ્રિન્ટર, સ્કેનર તથા અન્ય મતા જપ્ત કરાઇ હતી.

દહિસર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સૂરજકુમાર રામચંદ્ર યાદવ, ઉપેન્દ્ર કપ્તાન સિંહ, સત્યમ લલન મિશ્રા અને આકાશ ભગવાન પટવા તરીકે થઇ હતી. પોલીસ હવે ઉમેશ યાદવ ઉર્ફે સમીરની શોધ ચલાવી રહી છે.

દહિસર પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર નીલેશ સાળુંકેને માહિતી મળી હતી કે દહિસર પૂર્વના બાલાજીનગરમાં બોગસ દસ્તાવેજો બનાવી આપવામાં આવે છે. ■




## સાકીનાકાની દુકાનમાંથી બાવીસ કિલો ચાંદી ચોરનારી ટોળકીના ચાર સભ્યની ધરપકડ

મુંબઈઃ સાકીનાકામાં અંધેરી-ઘાટકોપર રોડ પરની દુકાનનું લૉક તોડી બાવીસ કિલો ચાંદી અને મોબાઈલ ફોન્સ ચોરનારી ટોળકીના ચાર સભ્યને પોલીસે પકડી પાડ્યા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ રમજાન મકસૂદ સાહ (૨૦), ઝીશાન અબ્દુલ સાબુધ ખાન (૨૯), અખ્તર હુસેન ગુલામ મુરતુજા ખાન (૨૭) અને ઈરફાન નૂરઉલ્લા ખાન (૨૬) તરીકે થઈ હતી. તેમની પાસેથી અંદાજે ૪૪ લાખ રૂપિયાની કિંમતની બાવીસ કિલો ચાંદી અને ચોરીનો એક મોબાઈલ ફોન હસ્તગત કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ચોરીની ઘટના પચીસ જુલાઈની રાતે ૧૨ વાગ્યાથી બીજી સવારે આઠ વાગ્યા દરમિયાન અંધેરી-ઘાટકોપર રોડ પરના અસલ્ફા નજીક અનિસ કમ્પાઉન્ડમાં બની હતી. ચોરી થઈ ત્યારે દુકાનના બે કર્મચારી અંદર જ સૂતા હતા. મુખ્ય દરવાજાનું લૉક તોડી ચોર દુકાનમાં ઘૂસ્યા હતા. પછી ટેબલના ડ્રોઅરમાંથી બે લાખની રોકડ, કબાટમાંથી બાવીસ કિલો ચાંદી અને કર્મચારીઓના બે મોબાઈલ ફોન મળી અંદાજે ૪૬.૪૦ લાખ રૂપિયાની મતા ચોરી આરોપી ફરાર થઈ ગયા હતા. ■

## માલવણીમાં ડ્રગ્સ ખરીદતી વખતે પોલીસ કોન્સ્ટેબલ પકડાયો

મુંબઈઃ માલવણી વિસ્તારમાં મેફેડ્રોન ડ્રગ્સ ખરીદતી વખતે પોલીસ કોન્સ્ટેબલને પકડી પાડવામાં આવ્યો હતો, જેની બાદમાં ધરપકડ કરાઇ હતી. પોલીસ કોન્સ્ટેબલની ઓળખ કિરણ ઇન્દુલકર તરીકે થઇ હતી. ઇન્દુલકર હાલ જોગેશ્વરી પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતો.


માલવણી પોલીસ સ્ટેશનની ટીમે મળેલી માહિતીને આધારે મંગળવારે રાતના ગેટ નંબર-૮ નજીક છટકું ગોઠવ્યું હતું. એ સમયે ઇન્દુલકર ત્યાં આવ્યો હતો અને તેણે ચાર ગ્રામ મેફેડ્રોનની માગણી કરી હતી. ઇન્દુલકર ડ્રગ્સના પંદર હજાર રૂપિયા ચૂકવી રહ્યો હતો ત્યારે પોલીસ ટીમે તેને તાબામાં લીધો હતો. પોલીસ ટીમ શરૂઆતમાં જાણ નહોતી કે તેમણે જે શકમંદને પકડી પાડ્યો હતી, તે એક પોલીસ કર્મચારી છે. ચકાસણી દરમિયાન તેની ઓળખ સામે આવી હતી.

મધ્ય મુંબઈના નાયગાંવમાં બીડીડી ચાલનો રહેવાસી ઇન્દુલકર અગાઉ મલાડમાં માલવણી પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતો. એ સમયગાળામાં ઇન્દુલકરે ડ્રગ-પેડલિંગ નેટવર્ક સાથે સંબંધ વિકસાવ્યા હોવાની પોલીસને શંકા છે. ■

## પોલીસ દળમાં વેતન કૌભાંડઃ રિટાયર્ડ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસરની ધરપકડ

મુંબઈઃ મુંબઈ પોલીસ દળ સાથે સંકળાયેલા ૬.૫ કરોડ રૂપિયાના વેતન કૌભાંડ સંદર્ભે ક્રાઇમ બ્રાન્ચે રિટાયર્ડ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર રામકિસન ગોસ્વામીની ધરપકડ કરી હતી. ૨૦૨૩માં સેવામાંથી નિવૃત્ત થયેલા ગોસ્વામીને ધરપકડ બાદ કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને ૧૭ ઑગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

મુંબઈ પોલીસની નોર્થ રિજન ઓફિસમાંના પોલીસ ઇન્સ્પેક્ટરની ફરિયાદને આધારે સમતાનગર પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ પાંચ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, જેમાં આરોપી તરીકે રામકિસન ગોસ્વામી સહિત નાગેશ તળવડેકર, વિજય ચવાણ, અજય રાઠોડ અને અમોલ મેશ્રામનો સમાવેશ છે. આ કેસમાં ગોસ્વામીની ધરપકડ કરાઇ હોઇ અન્ય ચાર જણની ભૂમિકા તપાસવામાં આવી રહી છે. કથિત છેતરપિંડી કેવી રીતે કરાઇ હતી અને ભંડોળ કેવી રીતે વળવામાં આવ્યું હતું, તેની પણ તપાસ ચાલી રહી છે. વિજયા અશોક ચવાણ અને અમોલ મેશ્રામને સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. મરોલના લોકલ આર્મ્સ વિભાગની ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ વિજયા ચવાણ તેમ જ વેસ્ટર્ન રિજનલ ડિવિઝનમાં ફરજ બજાવતો અમોલ મેશ્રામ કથિત ગેરરીતિ આચરાઇ ત્યારે નોર્થ રિજન ડિવિઝનમાં ફરજ બજાવતા હતા. ■






છેલ્લા પાનાનું ચાલુ

## ૨૩૮ નવી એસી

છે. એટલે મુંબઈગરાને નવી એસી લોકલ માટે અગાઉના કરતાં ચાર વર્ષ ઓછી રાહ જોવી પડશે.

નવી એસી લોકલનું ઉત્પાદન ઝડપથી પૂર્ણ કરવા માટે હવે ત્રણ રેલવે ઉત્પાદન યુનિટમાં એકસાથે કામ કરવામાં આવશે. ચેન્નઈની ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (આઈસીએફ), કપૂરથલાની રેલ કોચ ફેક્ટરી (આરસીએફ) અને રાયબરેલીની મોડર્ન કોચ ફેક્ટરી (એમસીએફ) ખાતે ૨૩૮ નવી એસી લોકલ રેકનું એકસાથે ઉત્પાદન કરવામાં આવશે. અગાઉ ટેક્નોલોજી પાર્ટનર્સ મારફતે મોટા પાયે ઉત્પાદન શરૂ કરવા માટે લાંબી પ્રોક્યોરમેન્ટ પ્રક્રિયા થવાની હતી, જેના કારણે સમય વધુ લાગવાની શક્યતા હતી. નવી વ્યૂહરચનાથી ઉત્પાદનની ગતિ વધારીને મુંબઈની વધતી રેલવે ક્ષમતા સાથે ટ્રેનોની ઉપલબ્ધતા પણ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ ૨૩૮ નવી એસી લોકલમાંથી ૪૭ રેક એમયુટીપી-૩ અને ૧૯૧ રેક એમયુટીપી-૩એ હેઠળ બનાવવામાં આવશે. મુંબઈની ઉપનગરી રેલવેના વિસ્તરણ માટે આશરે રૂ. ૨૨ હજાર કરોડનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત નવા રેલવે કોરિડોર, વધારાની રેલવે લાઈનો, ૧૫ કોચની લોકલ માટે પ્લેટફોર્મનું વિસ્તરણ અને યાર્ડ રિમોડેલિંગ જેવા મહત્ત્વપૂર્ણ કામ કરવામાં આવશે. એટલે નવી એસી લોકલની સંખ્યા વધારવાની સાથે રેલવેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ વિસ્તરશે, જેથી ભવિષ્યમાં વધુ સેવાઓ શરૂ કરવાનો માર્ગ મોકળો થશે.

નવી એસી લોકલમાં માત્ર ઠંડકની સુવિધા જ નહીં, પરંતુ મુસાફરોના આરામ અને સુવિધા પર પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. હાલની સ્ટીલ સીટની જગ્યાએ નરમ અને કુશનવાળી સીટ આપવાની યોજના છે. દરેક કોચમાં હાલના ૧૫ ટન ક્ષમતાવાળા એચવીએસી યુનિટની જગ્યાએ બે ૨૫ ટન ક્ષમતાવાળા યુનિટ લગાવવામાં આવશે, જેથી કૂલિંગ અને વેન્ટિલેશન વધુ અસરકારક બને. દરેક સીટની નજીક મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટની સુવિધા પણ હશે. આ ઉપરાંત મેટ્રો જેવી પેસેન્જર ઈન્ફોર્મેશન અને ઈન્ફોટેનમેન્ટ સ્ક્રીન પણ કોચમાં લગાવવામાં આવશે. એટલે મુંબઈગરાની લોકલ હવે વધુ ઠંડી, આરામદાયક અને ટેક્નોલોજીથી સજ્જ બનવાની છે. નવી એસી લોકલને વધુ ઝડપી બનાવવાની પણ યોજના છે. ટ્રેનની પાવર સપ્લાય ક્ષમતા હાલના ૩૩ ટકાથી વધારીને ૫૦ ટકા કરવાનો પ્રસ્તાવ છે, જેના કારણે ટ્રેન વધુ ઝડપથી ગતિ પકડી શકશે. એસી લોકલમાં દરવાજા ખોલવા અને બંધ કરવામાં સામાન્ય લોકલની સરખામણીએ સ્ટેશન દીઠ આશરે ૧૫થી ૨૦ સેકન્ડ વધુ લાગી શકે છે. જોકે, વધુ ઝડપી એક્સિલરેશનથી આ વધારાનો સમય સરભર કરવાનો પ્રયાસ કરવામાં આવશે. નવી ટ્રેનની મહત્તમ સંભવિત ઝડપ ૧૩૦ કિમી પ્રતિ કલાક સુધી રાખવાની યોજના છે, જ્યારે હાલની ઉપનગરીય ટ્રેનોની ઝડપ આશરે ૧૦૦થી ૧૧૦ કિમી પ્રતિ કલાક છે. વધુ ઝડપ માટે ટ્રેનના આગળના ભાગની ડિઝાઈનમાં પણ ફેરફાર કરવાની શક્યતા છે.

## સાંકડા માર્ગને

હતી અને પછી માટી આસપાસની ચાલીઓમાં ફરી વળી હતી. વરસાદને કારણે માટી ચીકણી થઈ ગઈ હોવાથી સહેલાઈથી ચાલી પણ શકાતું નથી. તેમાં સાંકડી ચાલીઓ રેસ્ક્યૂ ટીમ માટે માથાનો દુખાવો બની હતી. પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે ભેખડ ધસી પડી તે સ્થળે જવા માટેનો માર્ગ એટલો સાંકડો હતો કે એક સમયે એક જ વ્યક્તિ પસાર થઈ શકે. બે વ્યક્તિ સામસામી ઊભી રહી શકે એટલી પણ જગ્યા નહોતી. પરિણામે જખમીઓને બહાર કાઢવામાં ખાસ્સી જહેમત ઉઠાવવી પડી હતી. અધિકારીના કહેવા મુજબ વધુમાં વધુ ત્રણ ફૂટની જ પગદંડી હોવાથી કાટમાળ ખસેડવામાં પણ તકલીફ પડતી હતી. સાંકડી જગ્યાને કારણે મશીનરીનો ઉપયોગ કરી શકાતો નહોતો.

### મૃતકના પરિવારને ચાર લાખની સહાય

ભૂસ્ખલનની ઘટના બનતાં વૉર્ડ સમિતિના અધ્યક્ષ વિજયેન્દ્ર શિંદે, મહાપાલિકાના એડિશનલ કમિશનર (પૂર્વ ઉપનગરો) ડૉ. અવિનાશ ઢાકણે, એલ વૉર્ડનો ચાર્જ સંભાળતા આસિસ્ટન્ટ કમિશનર અનિલ જાધવ અને અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મુંબઈનાં મેયર રિતુ તાવડેએ પણ ઘટનાસ્થળે પહોંચી પીડિતોના કુટુંબીજનોને સાંત્વના આપી હતી અને અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. આ ઘટનામાં મૃત્યુ પામેલી વ્યક્તિની દરેક વ્યક્તિના પરિવારને ચાર લાખ રૂપિયાની સહાયની તેમણે જાહેરાત કરી હતી. એ સિવાય જખમીઓને ૫૦ હજાર રૂપિયાની તબીબી મદદ પણ તેમણે જાહેર કરી હતી.

# પોલીસ દળમાં વેતન કૌભાંડ: રિટાયર્ડ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસરની ધરપકડ

મુંબઈ: મુંબઈ પોલીસ દળ સાથે સંકળાયેલા ૬.૫ કરોડ રૂપિયાના વેતન કૌભાંડ સંદર્ભે ક્રાઇમ બ્રાન્ચે રિટાયર્ડ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર રામકિસન ગોસ્વામીની ધરપકડ કરી હતી. ૨૦૨૩માં સેવામાંથી નિવૃત્ત થયેલા ગોસ્વામીને ધરપકડ બાદ કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને ૧૭ ઑગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. મુંબઈ પોલીસની નોર્થ રિજન ઓફિસમાંના પોલીસ ઇન્સ્પેક્ટરની ફરિયાદને આધારે સમતાનગર પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ પાંચ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, જેમાં આરોપી તરીકે રામકિસન ગોસ્વામી સહિત નાગેશ તળવેકર, વિજય ચવાણ, અજય રાઠોડ અને અમોલ મેશ્રામનો સમાવેશ છે. આ કેસમાં ગોસ્વામીની ધરપકડ કરાઇ હોઇ અન્ય ચાર જણની ભૂમિકા તપાસવામાં આવી રહી છે. કથિત છેતરપિંડી કેવી રીતે કરાઇ હતી અને ભંડોળ કેવી રીતે વળવામાં આવ્યું હતું, તેની પણ તપાસ ચાલી રહી છે. વિજયા અશોક ચવાણ અને અમોલ મેશ્રામને સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. મરોલના લોકલ આર્મ્સ વિભાગની ઓફિસ સુપરિન્ટેન્ડન્ટ વિજયા ચવાણ તેમ જ વેસ્ટર્ન રિજનલ ડિવિઝનમાં ફરજ બજાવતો અમોલ મેશ્રામ કથિત ગેરરીતિ આચરાઇ ત્યારે નોર્થ રિજન ડિવિઝનમાં ફરજ બજાવતા હતા.

# કાંદિવલીના બે સેન્ટરમાં બોગસ દસ્તાવેજો બનાવી આપવા બદલ ચાર જણ ઝડપાયા

મુંબઈ: કાંદિવલી વિસ્તારમાં બે આધાર કાર્ડ સેન્ટરમાં બોગસ દસ્તાવેજો બનાવી આપનારા ચાર જણને દહિસર પોલીસે ઝડપી પાડી લોકઅપભેગા કરી દીધા હતા. પોલીસે બંને સ્થળેથી બનાવટી દસ્તાવેજો, કમ્પ્યુટર્સ, પ્રિન્ટર, સ્કેનર તથા અન્ય મતા જપ્ત કરાઇ હતી.

દહિસર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સૂરજકુમાર રામચંદ્ર યાદવ, ઉપેન્દ્ર કપ્તાન સિંહ, સત્યમ લલન મિશ્રા અને આકાશ ભગવાન પટવા તરીકે થઇ હતી. પોલીસ હવે ઉમેશ યાદવ ઉર્ફે સમીરની શોધ ચલાવી રહી છે.

દહિસર પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર નીલેશ સાળુંકેને માહિતી મળી હતી કે દહિસર પૂર્વના બાલાજીનગરમાં બોગસ દસ્તાવેજો બનાવી આપવામાં આવે છે.

## વિલેપાર્લેના ફ્લેટમાં

હતી અને ધુમાડો પણ આખા માળ પર ફેલાઈ ગયો હતો. પહેલા લેવલની આગને પંદરેક મિનિટમાં જ ફાયર બ્રિગેડે બીજા લેવલની જાહેર કરવી પડી હતી. પરિણામે આસપાસનાં ફાયર બ્રિગેડ સ્ટેશનમાંથી જવાનોની વધુ ટીમ આગ ઓલવવાની કામગીરી માટે જોડાઈ હતી.

અધિકારીના જણાવ્યા મુજબ બટાવિયા પરિવારના ફ્લૅટમાં આગ લાગી હતી. ઈલેક્ટ્રિક વાયરિંગ, રાચરચીલું, એસી અને ઘરના અન્ય સામાનમાં આગ ઝડપભેર ફેલાઈ હતી. મધરાતે એક વાગ્યાની આસપાસ ફાયર બ્રિગેડને આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી.

આગમાં દાઝવાથી અને ગૂંગળામણને કારણે અબીર, અંકિતા, પાર્થ બટાવિયા (૩૨), હિરેન બટાવિયા (૬૨), યશસ્વી અને અભિષેકને નજીકની નાણાવટી હૉસ્પિટલમાં લઈ જવાયાં હતાં, જ્યાં ફરજ પરના તબીબે અબીર અને અંકિતાને મૃત જાહેર કરાયાં હતાં. યશસ્વી અને અભિષેકને પ્રાથમિક ઉપચાર પછી ઘરે જવા દેવાયાં હતાં, જ્યારે પાર્થ અને હિરેનને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આગ ઓલવવાની કામગીરી દરમિયાન જખમી ફાયર બ્રિગેડના બે જવાન મનોજ સોનાવણે (૩૦) અને શિવમ દ્વિવેદી (૨૯)ને કૂપર હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. વધુ ઇજાને કારણે સોનાવણેને હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું.

## ૨૨,૪૮૩ પરિવાર

આસપાસ સુરક્ષા દીવાલ ચણવાની પણ ભલામણ કરવામાં આવી હતી. ૨૦૧૦માં સર્વસમાવેશક સર્વેક્ષણ કરનારા મુંબઈ ઝૂંપડપટ્ટી સુધાર મંડળે કરેલી ભલામણો પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હોત તો ડુંગરાળ પરિસરમાં રહેતા લોકોના જીવ ઘાટકોપરની ઘટનાની જેમ જોખમમાં ન મુકાયા હોત, એવી ચર્ચા ચાલી રહી છે.

## બાંદ્રામાં ડ્રગ્સની

ડ્રગ્સ મળી આવ્યું હતું. આથી શખસ વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરાઇ હતી.

દરમિયાન આરોપીની પૂછપરછમાં તેણે ઉત્તર પ્રદેશના ગ્રેટર નોએડા ખાતે આવેલા કારખાનામાંથી ડ્રગ્સ મેળવ્યું હોવાનું જાણવા મળતાં એટીએસના અધિકારીઓ ઉત્તર પ્રદેશ જવા રવાના થયા હતા. અધિકારીઓએ ગ્રેટર નોએડા ખાતે સ્થાનિક પોલીસની મદદથી કારખાનામાં રેઇડ પાડી હતી અને ત્યાંથી ૫.૪૦ કરડો રૂપિયાનું ૨૬૮૮ ગ્રામ ડ્રગ્સ જપ્ત કર્યું હતું. કારખાનામાંથી ડ્રગ્સ બનાવવા માટે વપરાતી સાધન-સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. એટીએસના અધિકારીઓએ બાદમાં બે વિદેશી મહિલાની પણ આ પ્રકરણે ધરપકડ કરી હતી. ઉપરોક્ત કારખાનામાંથી ડ્રગ્સ ક્યાં-ક્યાં સપ્લાય કરાતું હતું તેની તપાસ કરવામાં આવી રહી છે.

## સાયનના ગાર્ડનમાં

બહારની રચના જેમાં મજબૂત છત હોય છે, જે આશ્રય તેમ જ છાંયડાવાળી જગ્યા પૂરી પાડે છે.

કેટલાક સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે ગાર્ડનની નજીક નવી બિલ્ડિંગના બાંધકામ માટે ચાલી રહેલા પાઇલિંગના કામને લઇ વાઇબ્રેશનને કારણે માળખું તૂટી પડ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે આ ઘટનામાં આઠથી દસ સિનિયર સિટિઝનને ઇજા થઇ હતી.

કેટલાક સિનિયર સિટિઝન્સ ગઝીબોની અંદર બેઠા હતા અને તેમના માથામાં ઇજા થઇ હતી. તમામ ઘાયલોને હોસ્પિટલમાં લઇ જવાયા હતા. સ્થાનિકોએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે પાઇલિંગના કામને લઇ વાયબ્રેશનથી આ વિસ્તારની અમુક ઇમારતમાં તિરાડ પડી હતી.

## નાંદેડની સ્થાનિક

અને ઔદ્યોગિક ટાઉનશિપ્સ એક્ટ, ૧૯૬૫'ની કલમ ૧૬(૧-ડી) હેઠળ તેમને ત્રણ વર્ષ માટે નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાવવા માટે અપાત્ર જાહેર કરવામાં આવ્યા હતા. આ આદેશો ૨૭ જુલાઈએ જારી કરવામાં આવ્યા હતા, જ્યારે ગેરલાયક ઠરેલા ઉમેદવારોના નામ ૫ ઓગસ્ટે મહારાષ્ટ્ર સરકારના ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

૪૪ ગેરલાયક ઠરેલા ઉમેદવારોમાં ઉમરી મ્યુનિસિપલ કાઉન્સિલના છ, ભોકરના બે, લોહાના એક, હિમાયતનગર નગર પંચાયતના ૧૪, ધર્માબાદના છ, કિનવટના સાત, મુખેડના ત્રણ અને કંધારના પાંચ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, નિર્ધારિત સમયમર્યાદામાં ચૂંટણી ખર્ચનો હિસાબ રજૂ કરવો એ દરેક ઉમેદવારની કાયદાકીય જવાબદારી છે. (પીટીઆઈ)

## જૈન મરણ

**મારવાડી ઓસવાલ જૈન**

પાંચોરા નિવાસી હાલ ઘાટકોપર કાંતિલાલ દીપચંદ ઓસવાલ (ઉં. વ. ૭૨) ૧૦-૮-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે રેખાબેનના પતિ. યશના પિતાશ્રી. સુભાષ જૈનના ભત્રીજા. શાંતિલાલ, પ્રકાશ જૈન, ચિત્રા નવીનચંદ્ર પિયુષ પ્રાંજલના ભાઈ. સમીર કિશોરચંદ્ર પારેખ, કિરણ જીતેન્દ્રકુમાર પંડ્યાના બનેવી. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**ઘોઘારી વીસા શ્રીમાળી જૈન**

મોટા ખુટવડા નિવાસી હાલ મુલુંડ કંચનબેન અમૃતલાલ હરીચંદ દોશીના પુત્ર હસમુખભાઈ (ઉં. વ. ૮૦) સોમવાર, ૧૦-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હસુમતીબેન, ઉર્મીલાબેન (વંદનાબેન)ના પતિ. જીજ્ઞેશ તથા આશિષના પિતાશ્રી. ફાલ્ગુની તથા મેઘલના સસરા. સ્વ. નવીનચંદ્ર, સ્વ. ભાનુબેન કાંતિલાલ, સ્વ. કળાબેન પ્રવીણભાઈ, ઉર્મીલાબેન નવીનચંદ્રના ભાઈ. સસુર પક્ષ સ્વ. અમરચંદ કેશવજી દોશી (હાલ ઘાટકોપર), સ્વ. બાબુલાલ દામજીભાઈ કોરડીયા (હાલ મુલુંડ)ના જમાઈ તીર્થવંદના ૧૪-૮-૨૬, શુક્રવાર સવારે ૧૦ થી ૧૨. સમૃદ્ધિ બેન્કવેટ, સમૃદ્ધિ કોમર્શિયલ કોમ્પ્લેક્સ, બીજો માળ, ટેલિફોન એક્સચેન્જ પાસે, ઉડિપી ૨ મુંબઈ હોટલની ઉપર, મુલુંડ (પ.).

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

કાનાતલાવ (સાવરકુંડલા) હાલ વસઈ શીલાબેન સુરેશભાઈ અજમેરા (ઉં. વ. ૬૬) બુધવાર ૧૨-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સુરેશભાઈ શાંતિલાલ અજમેરાના ધર્મપત્ની. વિકીભાઈ- ઈશાબેન, નિરવભાઈ- ઝંખનાબેનના માતુશ્રી. રમેશભાઈ- સ્વ. લીલમબેન, રાજેશભાઈ- કલ્પનાબેન, મનોજભાઈ- પ્રતિમાબેન, ધર્મેન્દ્રભાઈ- કાજલબેન, ઉષાબેન હસમુખરાય ચોવટીયા, સ્વ. જયશ્રીબેન પ્રફુલકુમાર ગાંધીના ભાભી. સ્વ. સવિતાબેન હરિલાલ સંઘરાજકાના પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૪-૮-૨૬ ને શુક્રવાર સવારે ૧૦ થી ૧૨. ઠે. ડ્રીમ અરિના બેન્કવેટ, દોસ્તી, બિહાઇંડ સ્ટેલા પેટ્રોલ પંપ, વસઈ (વે).

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી દેરાવાસી જૈન**

મોરબી નિવાસી હાલ કાંદીવલી સ્વ. પ્રભાવતીબેન ભોગીલાલ રાયચંદ મહેતાના પુત્ર અભયભાઈ (ઉં. વ. ૮૪) તે પુનીતાબેનના પતિ. નીરવ તથા ડો. મીતના પિતા. શીખા તથા ડો. પ્રાચીના સસરા. તે સ્વ. શિરીષભાઈ, નૌતમભાઈ, સ્વ. રજનીભાઈ, સ્વ. નિરંજનભાઈ, ભરતભાઈ, સ્વ. ડો. અનિલભાઈ, વિજયભાઈ તથા સ્વ. વિનોદીનીબેન નવનીતરાય વોરાના ભાઈ. સ્વ. દેવીબેન પ્રભુદાસભાઈ શાહના જમાઈ તા. ૧૦-૮-૨૬ ને સોમવારના અરિહંતશરણ પામેલ છે. (લૌકીક વ્યવહાર બંધ છે.)

**ધાનેરા જૈન**

સ્વ. નિપુર્ણા ચંદુલાલ મોહનલાલ સવાણીના પુત્ર રાકેશ (ઉં. વ. ૫૯) તે સંજય, નિમેષ, ચેતના, બીનાના ભાઈ. જયશ્રી, નિશાના દિયેર-જેઠ. આકાશ- જીમીત નિખીલ વાણી રિના જાહ્નવી જેનીશાના કાકા-મામા તા. ૧૧-૮-૨૬ મંગળવારના રોજ અરિહંતશરણ થયેલ છે. લૌકિક વહેવાર બંધ છે.

**સુરત વિસા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

પ્રીતિબેન હિમાંશુભાઈ ઝવેરી (ઉં.વ. ૬૫) ૧૧/૮/૨૬ના દેવલોક પામ્યા છે. હિમાંશુભાઈ ઝવેરીના પત્ની. સ્વ. નવીનચંદ્ર ઝવેરી અને સ્વ. પુષ્પાબેન ઝવેરીના પુત્રવધૂ. સ્વ. માણેકચંદ ઝવેરચંદ ઝવેરી અને સ્વ. અરૂણાબેન ઝવેરીના પુત્રી. નિયતિ અને ધ્રુવીની માતા. હરિત રાજેશભાઈ ઝવેરીના સાસુ. વિયાનની નાની.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

અમરેલી નિવાસી, સ્વ. મુકતાલક્ષ્મી પ્રતાપરાય કોરડીઆના સુપુત્ર રાજેશભાઈ (ઉં.વ. ૬૬) હાલ સાંતાક્રુઝ, તા. ૧૦/૮/૨૬ને સોમવારના અવસાન પામેલ છે. ફાલ્ગુનીબેનના પતિ. પ્રયુક્તાના પિતાશ્રી. હર્ષાબેન તથા મીનાબેનના દીયર. સ્વ. હરેશભાઇ, સ્વ. જવાહરભાઇ, ચંદ્રીકાબેન રશ્મીભાઈ, જયશ્રીબેન ધનવંતભાઈ, વર્ષાબેન ભરતકુમાર, ભારતીબેનના ભાઈ. સ્વ. અરવિંદભાઈ છબીલદાસ શેઠના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૫-૮-૨૬ શનિવારના ૩ થી ૫. સ્થળ: આજીવાસન બેંકવેટ હોલ, એસએનડીટી કોલેજની બાજુમાં, જુહુ રોડ, સાંતાક્રુઝ વેસ્ટ.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

પાટણ નિવાસી, ફોફળિયા વાડો, વખતજીની શેરીના સ્વ. મધુબેન વિનોદચંદ્ર કાંતિલાલ શાહ (રાજુલાવાળા)ના પુત્ર કેતનભાઈ (ઉં.વ. ૫૯) રેખાબેનના પતિ. માનસીના પિતા. દર્શન રાજેશભાઈ ગાલાના સસરા. જનકભાઈ તથા સંજયભાઈના ભાઈ. પ્રભાવતીબેન વ્રજલાલ શાહના જમાઈ, ૧૧/૮/૨૬ના અરિહંતશરણ પામ્યા છે. બેસણું તા. ૧૩-૮-૨૬, ગુરુવારના બપોરે ૪ થી ૬. હાલાઇ લોહાણા બાળાશ્રમ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોવિયા નિવાસી હાલ બોરીવલી, સ્વ. તારાબેન અને સ્વ. અમૃતલાલ માટલીયાના સુપુત્ર મહેશભાઈ (ઉં.વ. ૭૫) તે તરૂબેનના પતિ. નંદિનીના પિતાશ્રી. સ્વ. પ્રફુલભાઈ, સ્વ. દિપકભાઇ, સ્વ. કલ્પનાબેન - કિશોરભાઈ જગડ તથા અશોકભાઈના ભાઈ. વઢવાણ નિવાસી સ્વ. મંગળાબેન અને સ્વ. વૃજલાલ મણિયારના જમાઈ. સ્વ. રંજનબેન, હસમુખભાઈ, જવાહરભાઈ, જ્યોત્સનાબેન ચન્દ્રકાંત શાહના બનેવી. તા. ૧૦/૮/૨૬ના સોમવારે ધરમપુર મુકામે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી. (ચક્ષુદાન કરેલ છે.)

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભીંસરાનાં લક્ષ્મીચંદ ભારમલ સાવલા (ઉં.વ. ૭૪) તા. ૧૧-૮-૨૬નાં દેહ પરીવર્તન કરેલ છે. નેણબાઇ ભારમલના સુપુત્ર. લતાના પતિ. દિક્ષીત, મીનલના પિતા. બુરહાનપુર શાંતાબેન માખણલાલ ચૌધરીના જમાઇ. સ્વ. દેવચંદ, પાનાચંદ, સ્વ. સુંદરજી, કાંતી, કેસરબેન, નિર્મળાના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. લક્ષ્મીચંદ સાવલા, ૧૨૦૫/૨૮૩, શ્રી સાંઇ ગણેશ સોસાયટી, જવાહર નગર રોડ નં. ૩, સુવિધા હોસ્પિટલ લેન, ગોરેગામ (વેસ્ટ).

બિદડાના માતુશ્રી પ્રેમીલાબેન પ્રેમજી દેઢિયા (ઉં.વ. ૮૪) તા. ૧૦-૮-૨૬ના પાલીતાણા મુકામે અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી ભચીબાઈ જગશીના પુત્રવધૂ. પ્રેમજીના ધર્મપત્ની. જયેશના માતુશ્રી. મોંઘીબેન લાલજી વેલજીની પુત્રી. છગનલાલ, મનસુખ, અમીચંદ, ભુજપુરના પ્રવીણા મણીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે.જયેશ પ્રેમજી દેઢિયા, કચ્છી ભવન, તળેટી રોડ, પાલીતાણા, ગુજરાત.

મેરાઉના શાંતાબેન પોપટલાલ ગાલા (ઉં.વ. ૮૪) ૯-૮ના સાડાઉ ગામે દેહ પરિવર્તન કરેલ છે. પોપટલાલ ઉમરશીના ધર્મપત્ની. રાણબાઈ ઉમરશી દેવજીના પુત્રવધૂ. જયેશ, શિલ્પા, રીટાના માતુશ્રી. સાડાઉ હીરબાઈ હીરજી રતનશી દેઢિયાના સુપુત્રી. ઘનજી, ઉમરશી, નાગશી, કાંતિ, તેજબાઈ, નિર્મળા, લીલાવંતી, હસ્તિકલા, મોક્ષીલાના બહેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. શિલ્પા દેઢિયા : ૨૮૦૧, ફોન/મેસેજ આવકાર્ય. પીરામલ રેવંતા, ટાવર-૧, નિર્મલ લાઈફ સ્ટાઈલની પાછળ, એલબીએસ રોડ, મુલુંડ (વે.).

મોટા રતડીયાના ભાઈલાલ મોહનલાલ શાહ (ગડા) (ઉં.વ. ૯૦) તા. ૧૦-૮-૨૬ના અવસાન પામેલ છે. જેઠીબાઈ મોહનલાલ ભવાનજીના પુત્ર. ગંગાબેનના પતિ. નિલેશના પિતા. પ્રેમચંદ, ડો. હરખચંદ, હીરામણી દામજી દેવપુર, ગુલાબબેન ખીમજી ભોજાય, મંજુલા ડુંગરશી શેરડી, હેમલતામણીલાલ દેવપુરના ભાઈ. પાનબાઈ ભારમલ લીલાધર ગોસર હાલાપરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નિલેશ ભાઈલાલ શાહ, ૫૦૩/૫૦૪, એ-૪, શંખેશ્વરનગર, માનપાડા રોડ, ડોંબીવલી (ઈસ્ટ).

## છત્તીસગઢમાં અકસ્માતમાં

એક બ્લાઈન્ડ ટર્ન પર બ્રેક ન લાગતાં રિદ્ધિનું બાઈક પરથી નિયંત્રણ છૂટી ગયું અને તે રસ્તાની બાજુમાં ઊભેલી ટ્રક સાથે અથડાઈ હતી.

આ અકસ્માત બાદ સ્થિતિ વધુ ગંભીર બની હતી. રિદ્ધિ ટ્રક સાથે અથડાયા બાદ રસ્તા પર ફેંકાઈ ગઈ હતી અને તે જ સમયે ત્યાંથી પસાર થતી અન્ય ટ્રકે તેને અડફેટે લીધી હતી. મળતી માહિતી મુજબ બીજી ટ્રકથી લાગેલી ટક્કરને કારણે રિદ્ધિને ગંભીર ઈજાઓ થઈ હતી. સાથી બાઈકર્સે તાત્કાલિક મદદ માટે હેલ્પલાઈન પર સંપર્ક કર્યો હતો અને રિદ્ધિને એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

પ્રાથમિક સારવાર માટે રિદ્ધિને કાંકેર જિલ્લાના ચારામા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે લઈ જવામાં આવી હતી. જોકે, તેની ઈજાઓ ગંભીર હોવાથી વધુ સારવાર માટે તેને ધમતરી જિલ્લાના ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાં તબીબોની સારવાર છતાં સવારે આશરે ૮.૩૦ વાગ્યે ગંભીર ઈજાઓને કારણે રિદ્ધિનું મૃત્યુ થયું હતું.

આ સમગ્ર ઘટના અંગે મુંબઈ સમાચારને માહિતી આપતા આ ટૂરમાં સામેલ એક યુવતીએ જણાવ્યું હતું કે રિદ્ધિ બોરીવલી પશ્ચિમની રહેવાસી હતી અને મુંબઈના ૨૩ બાઈકર્સના ગ્રૂપ સાથે રાયપુરથી બસ્તર ટૂર પર ગઈ હતી.

પોતાની બાઈક સાથી યુવતીને આપીને તેની બાઈક ચલાવવાનું શરૂ કરનાર રિદ્ધિ માટે આ મદદનો નિર્ણય જ અંતે જીવલેણ સાબિત થયો હતો. રિદ્ધિનાં મોતના સમાચારથી સમગ્ર બાઈકિંગ ગ્રૂપમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

મુંબઈના બાઈકર્સ ગ્રૂપના સભ્ય અને રિદ્ધિના મિત્ર કપિલ જૈને મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે રિદ્ધિ એક ઘણી સારી બાઈકર હતી અને એથી જ તેણે આટલી હિંમત કરીને બ્રેકમાં ટેક્નિકલ ફોલ્ટ હોવા છતાં ચલાવવાનો નિર્ણય લીધો હતો. વાસ્તવમાં અકસ્માતને કારણે નહીં, પરંતુ અકસ્માત બાદ સારવાર મળવામાં થયેલા વિલંબને કારણે રિદ્ધિનું મૃત્યુ થયું હતું. ગયા વર્ષે જ રિદ્ધિએ માતાને ગુમાવી હતી અને અત્યારે તેના પરિવારમાં ફક્ત પિતા જ છે.

આ અકસ્માતને પગલે છત્તીસગઢમાં માર્ગ સલામતી અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

તાજેતરમાં છત્તીસગઢ હાઈ કોર્ટે રાજ્યમાં વધી રહેલા માર્ગ અકસ્માતોને 'ચિંતાજનક' ગણાવ્યા હતા. વર્ષ ૨૦૨૫માં રાજ્યમાં ૧૫,૪૮૪ માર્ગ અકસ્માતોમાં ૬,૯૬૭ લોકોનાં મોત થયા હતા અને ૧૩,૧૫૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ વર્ષે ૩૧ મે સુધીમાં જ ૬,૮૯૧ અકસ્માતોમાં ૩,૧૭૦ લોકોનાં મોત અને ૫,૭૪૧ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

રિદ્ધિ ઠક્કરના અકસ્માતે માત્ર હિટ એન્ડ રનનો મુદ્દો જ નહીં, પરંતુ બાઈક પ્રવાસ દરમિયાન વાહનની ટેકનિકલ સ્થિતિ, બ્લાઈન્ડ ટર્ન અને ભારે વાહનોની અવરજવર જેવા સલામતીના મુદ્દાઓ પણ ફરી ચર્ચામાં લાવ્યા છે. સાથી બાઈકરની મુશ્કેલીમાં મદદ કરવા માટે બાઈક બદલનાર રિદ્ધિનું થોડા જ સમય બાદ જીવલેણ અકસ્માતમાં મોત થતાં તેના પરિવાર, મિત્રો અને સાથે પ્રવાસે ગયેલા બાઈકર્સ માટે આ પ્રવાસ ક્યારેય ન ભૂલાય તેવી કરુણ યાદ બની ગયો છે.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન રામજી સોમૈયા કચ્છ ગામ ગુંદાળા હાલે મુલુંડવાળાના પુત્રવધુ ગં. સ્વ. જ્યોતીબેન (બેબીબેન) નરેન્દ્રભાઈ સોમૈયા (ઉં. વ. ૭૬) ૧૧-૮-૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. લીલાવતીબેન ભગવાનજી ભીંડે કચ્છ ગામ વાકી પત્રીવાળાના પુત્રી. સ્વ. પ્રભાબેન હરિહામ સચદે, સ્વ. મંજુલાબેન રમેશચંદ્ર સોનઘેલા, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. શાંતિભાઈના બેન. ગં. સ્વ. સીતાબેન, સ્વ. ભારતીબેનના નણંદ. હેતલ અને પુનીતના મમ્મી. નીરવ ચંદ્રકાંત દાવડાના સાસુ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાનીમા વણિક બાલાસિનોર**

દિનેશ મોહનલાલ દેસાઈ (ઉં. વ. ૬૯) મંગળવાર, ૧૧-૬-૨૬ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૩-૮-૨૬, ગુરુવારના રાખવામાં આવેલ છે. તે સ્વ. સ્મિતાબેનના પતિ. ભાવિન- રોહનના પિતા. પંક્તિ-રિયાના સસરા. જિયા- મેહેર- નીલના દાદા. નીતિનભાઈના મોટાભાઈ. સ્થળ: વનિતા વિશ્રામ હાઈ સ્કૂલ, પ્રાર્થના સમાજ, એસ. વી. પી. માર્ગ, હરકિશન હૉસ્પિટલની બાજુમાં, મુંબઈ-૪. સમય: સાંજે ૫ થી ૭.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

ગામ મઉ મોટી હાલ વડોદરા હિંમતલાલ દામજી રાજાવાઢા (હકુ ભા) (ઉં. વ. ૭૨) તે સ્વ. મુક્તાબેન દામજી રાજાવાઢાના પુત્ર. અ. સૌ. સ્વ. હેમલતાબેનના પતિ. સ્વ. દમયંતી પુરષોત્તમ સોનેજી પોરબંદરવાળાના જમાઈ. તુષાર, અતુલ અને અરૂણાના પિતાજી. જીજ્ઞા અને સતીશ વિજયભાઈ મામતોરાના સસરા. યશવીના દાદા ૧૦-૮-૨૬, સોમવારના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૩.૮.૨૬ ને ગુરુવારના ૪ થી ૫. ઠે. પાંજીવાડી, કાંજુરમાર્ગ ઈસ્ટ.

**મચ્છ કઠીયા સઈ સુથાર જ્ઞાતિ મુંબઈ**

કુતિયાણા નિવાસી (હાલ મુલુંડ) સ્વ. ગોરધનદાસ લાલજીભાઈ પીઠડીયા સ્વ. નર્મદાબેન ગોરધનદાસ પીઠડીયાના પુત્ર સ્વ. પ્રકાશભાઈ ગોરધનદાસ પીઠડીયા (ઉં. વ. ૬૧) તે નયનાબેનના પતિ. ડિમ્પલ કશ્યપકુમાર પીઠડીયા અને કરણના પિતાશ્રી. નગીનભાઈ, દિનેશભાઈ, અરુણાબેન દિનેશકુમાર ગોહેલ, કિશોરભાઈના નાના ભાઈ. તે સ્વ. કિરણબેન, જસવંતીબેન, મીનાબેનના દિયર. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે. સરપદડ નિવાસી હાલ ડોંબીવલી સ્વ. ચમનભાઈ પ્રભુદાસ મકવાણાના જમાઈ. સદ્ગતની પ્રાર્થનાસભા ૧૩-૮-૨૬, ગુરૂવાર, સાંજે ૪ થી ૬. સ્થળ: સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વે).

**નવગામ લેવા પાટીદાર સમાજ**

ગામ ખરોડ હાલ મુંબઈ માણેકબેન ખેમચંદદાસના પુત્ર જગજીવનભાઈ (ઉં. વ. ૯૦) ૧૧.૮.૨૬ના દેવલોક પામ્યા છે. તેઓ ચંચળબેનના પતિ. સ્વ. ચુનીભાઈ તથા કાંતિભાઈના ભાઈ. અ. સૌ. ક્રિષ્નાબેનના જેઠ. વિપુલ, હેતલના બાપુજી. સપના તથા અર્ચનાના મોટા સસરા. બેસણું ૧૩-૮-૨૬ના સાંજે ૫ થી ૭. મલ્ટી પર્પઝ હોલ, કલ્પતરુ ગાર્ડન અશોકનગર કાંદીવલી (ઈ).

**રાજ્ય પુરોહિત બ્રાહ્મણ જ્ઞાતિ**

મૂળ જામનગર, હાલ દહિસર, સ્વ. જટાશંકર દયાશંકર પુંજાણી તથા ગોદાવરીબેન પુંજાણીના મોટાપુત્ર રતિલાલ (ઉં.વ. ૮૬) તા. ૧૦-૮-૨૬, સોમવારે કૈલાસવાશી થયેલ છે. તે સ્વ. સંકુલતાબેનના પતિ. વિરલભાઈ, રાજેશભાઈ, જાગૃતિબેનના પિતાશ્રી. શૈલીબેન, ભારતીબેન તથા લીતેશકુમારના સસરા. સ્વ. અમૃતલાલ, સ્વ. ગૌરીશંકર, દેવેન્દ્રભાઈ, સ્વ. શાંતિલાલ, સ્વ. ચંદ્રકાંતભાઈ, મહેન્દ્રભાઈ, શારદાબેન, હંસાબેનના મોટા ભાઈ. સ્વ. શાંતિલાલ ગોવિંદરામ જોશીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૩-૮-૨૬, ગુરૂવારે ૪થી ૬. સ્થળ: લુહાર સુથાર જ્ઞાતિ હિતેચ્છુક મંડળ, વિશ્વકર્મા ચોક, કાર્ટર રોડ નં. ૩, દત્ત પાડા, અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી (પૂર્વ).

**કપોળ**

અકોલા નિવાસી (હાલ મુંબઈ) ગં.સ્વ. કુસુમ અનંતરાય વોરા (ઉં.વ. ૮૬) તે સ્વ. અનંતરાય જયંતિલાલ વોરાનાં ધર્મપત્ની. સાધના નૈમિષ શેઠ, હર્ષા સિદ્ધાર્થ આકાશી, અમલા (સોના) અમર મોદી, રૂપા હિતેશ સંઘવી, અનુરાધા મેહુલ સંઘવીનાં માતા. તુલસીદાસ લવજી ગોરડિયાનાં પુત્રી ૧૦-૮-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ. ભદ્રા, સ્વ. હંસા, સ્વ. પુષ્પા, સ્વ. કિરીટ, સૌ. મુદુલાનાં બહેન. સ્વ. નિર્મલા, સ્વ. જ્યોત્સના, પદ્માબહેન, અનિલકુમારનાં ભાભી તથા યશરાજ, યોગેશ, ઈશિતા, અનીહા, દીપ, મહેકનાં નાની. સર્વ લૌકિક ક્રિયા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ કોઠારાવાળા (હાલ મુંબઈ) સ્વ. પ્રેમજી મોરારજી રૂપારેલના ધર્મપત્ની લક્ષ્મીબેન (ઉં. વ. ૯૨) ૧૦-૮-૨૬ના અવસાન પામ્યા છે. તે સ્વ. અશોક, સરોજ વિક્રમ ઠક્કર, કીરીટ, જયેશ, ભાવેશના માતુશ્રી. તે ઉષા, ડો. વિક્રમ ઠક્કર, ભાવના, છાયા, શીતલના સાસુમા. તે મોથારાવાળા સ્વ. નાથીબેન તથા વિશ્રામ વાલજી આઈયાના પુત્રી. તે કૃપા સ્નેહલ સીંધવળ, હર્ષિતા, કવિતા પ્રીતેશ શાહ, ચિંતન- શ્વેતા, ભાવીક-પ્રાચી, જનક, કેદાર- વૈશાલી, વૈદેહી-અર્શ, મદાન, રીષી તથા રાધીકાના દાદીમા. પ્રાર્થનાસભા માનવ સેવા સંઘ, સાયન ૧૩-૮-૨૬, ગુરુવારના ૫ થી ૭. બહેનોએ પણ તે જ દિવસે આવી જવું.

**હાલાઇ લોહાણા**

હાલ કાંદિવલી, સ્વ. વસંતભાઈ ધરમશી કોટડીયા તથા સુરેખા વસંત કોટડીયાના સુપુત્ર હિતેશ કોટડીયા (ઉં.વ. ૫૬) તે અમિત કોટડીયાના નાનાભાઈ. પુજા અમિત કોટડીયાના દિયર. તા. ૧૧-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વહેવાર બંધ રાખવામાં આવેલ છે.

**માધવપુર ગિરીનારાયણ બ્રાહ્મણ**

મુલરાજ જયદેવ પુરોહિત (ઉં.વ. ૯૩) તે સ્વ. હીરાબેન જયદેવ પુરોહિતના પુત્ર. સ્વ. ઇન્દુમતીબેનના પતિ. ભારતી તથા ઉમાના પિતા. નરેન્દ્ર તથા શેવીલના સસરા. અનસૂલ તથા અલીશાના નાના. ૧૦/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

મૂળગામ દ્રાદ્રા હાલ દહિસર, સ્વ. નરોત્તમભાઈ અમૃતલાલ સુરૂના પુત્ર કમલેશભાઈ (ઉં.વ. ૫૫) ૧૦/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે કોમલબેનના પતિ. દિનેશભાઇ તથા છાયા વિજયભાઈ જગડાના ભાઈ. ધ્રુવ તથા અનમોલના પિતા. હીરાભાઈ ક્રાનજીભાઈ થડેશ્વરના જમાઈ. પ્રાર્થનાસભા ૧૩/૮/૨૬ના ૧૧ થી ૧૨. સોની વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, શીમ્પોલી સિગ્નલ પાસે, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

દેલવાડાવાળા હાલ કાંદિવલી, નલિનીબેન વોરા તે સ્વ. કનૈયાલાલ વનરાવનદાસ વોરાના પત્ની. કપિલાબેન નટવરલાલ મહેતાના ભાભી. મંગળદાસ ગંગાદાસ ગોરડીયાના દીકરી. સ્વ. સુશીલકુમાર, સ્વ. કાંતિલાલ, પ્રમોદભાઈ, સ્વ. દિલીપકુમાર, મહેશભાઈ તથા મૃદુલાબેન કિસનદાસ શેઠના બહેન. હરગોવિંદદાસ માધવજી સંઘવીના ભાણેજ. ૧૦/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ સરસિયાવાળા હાલ બોરીવલી, ધર્મેશભાઈ મગનલાલ મકવાણા (ઉં.વ. ૫૩) ૯/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. કાંતાબેન મગનલાલ મનજીભાઇ મકવાણાના પુત્ર. રશ્મિબેનના પતિ. મનસ્વી, નિશીના પિતા. સ્વ. ભાવેશભાઈ, ભાવના નરસિંહકુમાર, સ્વ. અંજના નિકુલકુમાર, જાગૃતિ બિપીનકુમાર, મીના ભરતકુમાર, રિટા ચેતનકુમારના ભાઈ. ગામ ભાડ્રાવાળા વિનોદભાઈ કેશુભાઈ વાઘેલાના જમાઈ. સાદડી ૧૩/૮/૨૬ના ૫ થી ૭. લુહાર સુતાર વાડી, કાર્ટર રોડ નં. ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળગામ જામ કલ્યાણપુર, હાલ બોરીવલી. રમેશભાઈ મોહનલાલ ભાયાણીના ધર્મપત્ની અ.સૌ. સરોજબેન (ઉં.વ. ૬૯) તા. ૧૧/૮/૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભરતભાઈ, સ્વ. દિલીપભાઈ, મધુબેન, ચંદુભાઈ, રંજનબેન, જીતુભાઈ, કુસુમબેનના ભાભી. વૈશાલી સમીરભાઈ, દિપ્તી કમલેશભાઈ, સોનલ રોહનભાઈના માતા. રિયાશી, શ્યામ, પ્રિયા તથા દુર્વાના નાની, (પોરબંદરવાળા) સ્વ. ગોપાલદાસ ઠકરાર તથા સ્વ. અમૃતબેનના સુપુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩/૮/૨૬ને ગુરુવાર બપોરે ૫ થી ૬. શ્રી લુહાર સુતાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ કલ્યાણ કેન્દ્ર, શ્રી વિશ્વકર્મા ચોક, કાર્ટર રોડ નં.૩, દત્તપાડા મેઈન રોડ, અંબાજી મંદિર પાસે, બોરીવલી (ઈ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી, સ્વ. જયાબેન અને સ્વ. બાબુલાલ વોરાના પુત્ર ભૂપેન્દ્રભાઈના પત્ની રસીલાબેન (ઉં.વ. ૭૮) તા. ૧૦-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે પરેશ અને સ્વ. ડૉલી (હેતલ) રમેશ મેહતાના માતુશ્રી. કવિતાના સાસુ. સ્વ. શશિકાંતભાઈ, નરેન્દ્રભાઈ અને સ્વ. હંસાબેનના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વીરપુર દશાશ્રીમાળી વણિક**

રમેશચંદ્ર બાબુભાઈ શેઠના ધર્મપત્ની હંસાબેન શેઠ હાલ મુંબઈ કાંદિવલી, તા. ૧૦-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પુત્ર નિલેશ, રૂપેશ, પુત્રવધૂ શૈલા અને વૈશાલી, પૌત્ર અંકિત, રાહિલ, પૌત્રી અશ્મિ અને ઈશા, પ્રપુત્રી સેવા અને સ્વ. શૈલેષભાઈ, વિજયભાઈ અને દીપકભાઈના મોટાબેન. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૬ના શુક્રવારે સાંજે ૫ થી ૭. કેવલબાગ, જેઠવા નગર, નમાહ હોસ્પિટલ સામે, કિલાચંદ રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વિધિ બંધ રાખેલ છે.

**કપોળ**

રાજુલા નિવાસી હાલ પૂના, ગો.વા. તારાલક્ષ્મી નવનીતરાય મહેતાના સુપુત્ર હિમાંશુભાઈ (ઉં.વ. ૮૨) તા. ૧૧-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે દિવ્યાબેનના પતિ. પુનિત અને સૌ. પ્રીતિ નિખિલ ગાંધીના પિતા. પૂજા(પ્રિતિના) સસરા. રશ્મિભાઈ, પંકજભાઇ, ગો.વા. દેવયાની કીર્તિકુમાર સંઘવી અને ગો.વા. ઇલાબેનના ભાઇ. રાજકોટવાળા પ્રહ્લાદરાય પી. બુચના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૬. બપોરે ૪ થી ૬. ઝામ્બ્રે પેલેસ, મુકુંદનગર, પૂના. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

રાજકોટ, શ્રી લલિતભાઈ જમનાદાસ સાંગાણી તા. ૧૧-૮-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેન જમનાદાસ નરેશભાઈના પુત્ર. ભાવનાબેનના પતિ. ચિરાગભાઈ, સ્વ. નયનાબેન વખારીયા, જોસનાબેન બાબરીયા, જયશ્રીબેન માંડવીયા, મધુબેન દ્રેશીના ભાઈ. ખ્યાતીબેન સાંગાણીના જેઠ. જીજ્ઞાસાબેન જતીનકુમાર વખારીયા, કાજલબેન પીયૂષકુમાર ગોરસીયા, રાકેશભાઈ, સમીરભાઈના પિતાશ્રી. સલોનીના મોટા પપા. પ્રાર્થનાસભા તા. ૧૩-૮-૨૬ને ગુરુવારના સાંજે ૪ થી ૬. માલવીયા વાડી ગોંડલ રોડ.

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય બ્રાહ્મણ**

હળવદ નિવાસી હાલ દહિસર, સ્વ. નિર્મળાબેન તથા સ્વ. કાંતિલાલ લક્ષ્મીશંકર શુકલના નાના દીકરા સમ્રાટ (ઉં.વ. ૬૯) તે શિતલના પતિ. અ.સૌ. શ્વેતા જીત ભાવસારના પિતા. ગુણવંતભાઈ, હરેનભાઈ, મહેશભાઈના નાનાભાઈ. સ્વ. દીનાબેન તથા સ્વ. હરેશભાઈ રાવલના જમાઈ. તા. ૧૦-૮-૨૬ને સોમવારે કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૬ને શુક્રવારે સાંજે ૫ થી ૭. રાજેશ્રી બેન્કવેટસ, રવિન્દ્ર હોટેલની પાસે, મરાઠા કોલોની રોડ, દહિસર ઈસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. શ્રીમતી કલ્પના લક્ષ્મીકાંત અનમ (ઉં.વ. ૬૮) ગામ સતાપર, અંજાર, કચ્છ. હાલે. થાણે, પત્ની: શ્રી લક્ષ્મીકાંત શામજી અનમ, સ્વ. શ્રીમતી કલાવતી ઓધવજી ધીરવાણી (મોટી મૌ)ના પુત્રી, સ્વ. નર્મદા શામજી અનમના પુત્રવધૂ, સ્વ. અલ્પેશ, જિગ્નેશ અને રંજનની માતા, સુનિતાબેનની સાસુ માહીની દાદી. પ્રાર્થનાસભા ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ સાંજે ૫:૦૦ થી ૬:૩૦. સ્થળ: કચ્છી લોહાણા મહાજનવાડી, પવાની હોલ.

**દશા સોરઠીયા વણિક**

સરધાર નિવાસી હાલ વિલે પાર્લે, અ.સૌ. રેણુકા રસિકલાલ ધ્રુવ (હસુબેન) (ઉં.વ. ૮૩) તા. ૧૨-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે રસિકલાલ પ્રાણજીવનદાસ ધ્રુવના પત્ની. સ્વ. નગીનદાસ નરભેરામ કાટકોરીયા અને સ્વ. નિર્મલાબેન નગીનદાસ કાટકોરીયાના પુત્રી. ચેતન, કેતન અને પ્રેમલના માતૃશ્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

ગં.સ્વ. નિર્મલા (ઉં.વ. ૮૨) તે સ્વ. ક્રીરીટ હરીદાસ પારેખના ધર્મપત્ની. સ્વ. હેમકળા હરીદાસ પારેખના પુત્રવધૂ. સ્વ. વીરમતી વલ્લભદાસ નેગાંધીના પુત્રી. મિતા હીરેન ગગવાની, કાજલ પરેશ આશર, રૂપલ પ્રશાંત ઉદેશીના માતા. ઈશિતા, જય, નીકેત, જીનલ, નીશીત, પ્રિયંકા અને હર્ષના નાની. તા. ૧૨-૮-૨૬ બુધવારના ગોરેગાવ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૬ના સાંજે ૪:૩૦ થી ૬:૦૦. જવાહરનગર હોલ, ૧ માળે, એસ વી રોડ, ગોરેગાંવ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ઝરીન જીમી દુબાસ તે જીમી એન દુબાસના ધનીયાની. તે મરહુમો જર તથા જાંગીર શેઠના, સાયરશ તથા ઝુબીનના માતાજી. તે પરસીસ તથા હસીનાના સાસુ. તે મરહૂમો બરજોર તથા કાવસના બેન. તે યોહાનના બપય. તે કયનાઝ જમશેદ તથા જાંગીરના ફઈ. (ઉં. વ. ૮૨) ઠે. ફોર-એ, સ્ટર્લીંગ એપાર્ટમેન્ટ, ૩૮, પેડર રોડ, મુંબઈ-૨૬. ઉઠમણાની ક્રિયા ૧૩-૮-૨૬એ ૩-૪૦ એ હોડીવાલાની બંગલીમાં છેજી.

**ડર્હામ, યુ.કે.**

મરહૂમ નોશીર જમશેદજી ગાંધી તે લીલીના ખાવીંદ. તે જમશીદ તથા તીનાઝ રતન વાડયાના ડેડી. તે શનાયા જમશીદ ગાંધી તથા રતન નરીમાન વાડ્યાના સસરાજી. તે મરહુમો જમશેદજી તથા સુનામાય ગાંધીના દીકરા. તે મરહૂમો દારા, કેકી તથા કુમી બરજોર કૂપરના ભાઈ. તે સાયરસના બપાવાજી ને ઝોહાન તથા ઝીનીયાના મમાવાજી. તે એમી ધનજી શાહ ગાંધીના જમઈ. (ઉં.વ. ૯૩) રે.ઠે. કોક્ષસહો, ડર્હામ, યુ.કે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# હાઈ કોર્ટના ઠપકા બાદ સરકારે સુરત મ્યુનિસિપલ કમિશનરની બદલી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરના નાસિરનગર ડિમોલિશનના પીડિતોની અરજીની સુનાવણી સમયે ગુજરાત હાઈ કોર્ટે વારંવાર સુરત મહાનગરપાલિકા કમિશનરને તપાસ દરમિયાન પદ પરથી હટાવવાની ટકોર રાજ્ય સરકારને કરી હતી. આખરે રાજ્ય સરકારે સુરત મનપાના કમિશનર નાગરાજન એમ.ની બદલની આદેશ આપ્યા હતા.

ગુજરાત સરકારે મંગળવારે ત્રણ આઈએએસ અધિકારીની બદલી અને મુખ્ય વહીવટી હોદ્દાઓ પર ફેરફાર કરતું જાહેરનામું બહાર પાડ્યું હતું, જેમાં સમગ્ર શિક્ષા અભિયાનના રાજ્ય પ્રોજેક્ટ ડિરેક્ટર અને સુરતના મ્યુનિસિપલ કમિશનરનો સમાવેશ થાય છે.

સામાન્ય વહીવટ વિભાગ (પર્સનલ) દ્વારા જારી કરાયેલા જાહેરનામા મુજબ, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગરના રાજ્ય પ્રોજેક્ટ ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા રણજીત કુમાર જે.ની બદલી કરવામાં આવી છે. તેમને ગુજરાત વીજળી નિયમનકારી આયોગ, ગાંધીનગરના સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે નાગરાજન એમ.ને રણજીત કુમારના સ્થાને સમગ્ર શિક્ષા અભિયાન, રાજ્ય પ્રોજેક્ટ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. નાગરાજનની બદલી બાદ સુરતના કલેક્ટર તેજસ દિલીપભાઈ પરમાર સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર તરીકે વધારાનો હવાલો સંભાળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરતના ગેરકાયદે નાસિરનગર ડિમોલિશન બાદ મામલો હાઈ કોર્ટમાં જતા કોર્ટે સમગ્ર પ્રકરણ અને તેની તપાસ સામે ઘણા ગંભીર સવાલો ઊભા થયા હતા. ગત સુનાવણી વખતે કોર્ટે જણાવ્યું હતું કે જો સુરત મહાનગરપાલિકા અને પોલીસ વિભાગના સિનિયર અધિકારીઓ તપાસ દરમિયાન તેમના પદ પર રહેશે તો ડિમોલિશનની તપાસ એક ફારસ (હાસ્યાસ્પદ રમૂજ) બની રહેશે. કોર્ટે નોંધ્યું હતું કે જો સરકાર ખરેખર ન્યાય ઈચ્છતી હોય તો તેમણે કમિટી તપાસ કરે ત્યાં સુધી સુરત મ્યુનિસિપલ કમિશનર અને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સહિતના સિનિયર અધિકારીઓને પદ પર રહેવાની મંજૂરી આપવી જોઈએ નહીં. ■



**તિરંગા યાત્રાઃ** અમદાવાદ શહેરના રાયપુરથી નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ તિરંગો લહેરાવી તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. વંદે માતરમ્‌ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસર તથા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે દેશની સરહદો પર કપરા સંજોગોમાં દેશની સુરક્ષા માટે તત્પર રહેતા વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા દેશભરમાં આ યાત્રા યોજાઈ રહી છે.

## ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત્, ૧૩૧ તાલુકામાં વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સોમવારથી જામેલો વરસાદી માહોલ હજુ યથાવત્ છે. બુધવારે પણ રાજ્યના લગભગ ૧૩૧ જેટલા તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જોકે કોઈપણ જિલ્લામાં ભારે વરસાદના અહેવાલો નથી. સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરના આંકડા અનુસાર સૌથી વધારે વરસાદ સાબરકાંઠાના ખેડબ્રહ્મમાં સાડા ત્રણ ઇંચ નોંધાયો હતો. જ્યારે સાબરકાંઠાના વેડગામમાં ત્રણ ઇંચ વરસાદ નોંધાયો હતો અને વડાલીમાં ૨.૮૭ ઇંચ વરસાદ નોંધાયો હતો. મહેસાણાના સતલાસણામાં ૨.૫૨ ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત આ ઉપરાંત અરવલ્લી, પંચમહાલ, પાટણ તાલુકામાં પણ વરસાદ નોંધાયો હતો. દરમિયાન હવામાન ખાતાની આગાહી અનુસાર આજે ૧૩ ઓગસ્ટના રોજ દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપીમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે, આ જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ■

## પારસી નવા વર્ષ અને ખોરદાદ સાલ નિમિત્તે "બિચારો બોમસી" નાટકના બે ખાસ પ્રયોગો ભજવાશે

### સંભવિત આવકની સખાવત થશે

મુંબઈઃ પારસી સંપ્રદાયના નવા વર્ષ અને ખોરદાદ સાલ નિમિત્તે ટેન્સનમુક્ત હસી ખુશીની વરસાદી મોસમમાં હાસ્યનું હુલ્લડ લાવતા- "બિચારો બોમસી" નાટકના બે વિશેષ પ્રયોગો ભજવાશે. આ સુપરહીટ ગુજરાતી/ પારસી ધમાલ કોમેડી નાટકની પ્રસ્તુતી યુનિવર્સલ થિયેટર્સ પ્રોડ્કશનની છે. લેખક હોમી તવાડિયા, દિગ્દર્શક સાયરસ દસ્તૂર, પ્રચારક ખુશી ધર્મેશ વકીલ, પ્રચાર પરિકલ્પના મનસ્વી દીક્ષિત અને કળા રમાકાંત ભગતની છે. નાટકનાં કલાકારો સાયરસ દસ્તૂર, પર્લ મિસ્ત્રી, કૈઝાદ ટમ્પાલ, ભારતી ગોપિયાણી, પરીન શાહ, શિલ્પા જોશી, પ્રવિણ વ્યાસ, હેમંત ભટ્ટ, ફરીદા ભાથેના, અમિતા પટેલ, ગુણવંત સુરાણી, રમાકાંત ભગત અને અન્યો છે. નાટક દક્ષિણ મુંબઈના ગોવાળિયા ટેન્કસ્થિત તેજપાલ ઓડિટોરિયમમાં પારસી નવા વર્ષે શનિવાર ૧૫ ઓગસ્ટે અને ખોરદાદ સાલ નિમિત્તે ગુરૂવાર, ૨૦ ઓગસ્ટે સાંજે ૭.૩૦ વાગ્યે ભજવાશે. સંભવિત આવકની સખાવત થશે. ■

## આનંદનગર રેપ કેસ ઈફેક્ટઃ અમદાવાદમાં ૭૦૦થી વધુ સિક્યોરિટી એજન્સીઓ પર દરોડા, ત્રણ સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં આનંદનગર વિસ્તારમાં પીજીમાં રહેતી યુવતી સાથે સિક્યોરિટી ગાર્ડે કરેલા દુષ્કર્મ બાદ અમદાવાદ પોલીસ હરકતમાં આવી છે. આ ચર્ચિત કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ અને સ્થાનિક પોલીસે સંયુક્ત રીતે શહેરભરમાં આવેલી ૭૦૦થી વધુ સિક્યુરિટી એજન્સીઓમાં અચાનક ચેકિંગ હાથ ધર્યુ હોવાની માહિતી મળી છે.

શહેરમાં લગભગ ૧૦૦૦થી વધુ સિક્યુરિટી એજન્સીઓ કાર્યરત છે, જેમાંથી અત્યાર સુધીમાં ૭૦૦થી વધુ એજન્સીની આકરી તપાસ કરવામાં આવી છે. આ તપાસ દરમિયાન પોલીસ દ્વારા એજન્સીઓ કેટલા વર્ષથી કાર્યરત છે, તેમની પાસે માન્ય લાઇસન્સ છે કે નહીં, કંપનીનું પ્રોપર રજિસ્ટ્રેશન છે કે નહીં તેમજ કેટલાં ગાર્ડ નોકરી કરે છે, વેગેરની વિગતો મેળવવામાં આવી રહી છે. ખાસ કરીને ગાર્ડ્સનું પોલીસ વેરિફિકેશન કરાવવામાં આવ્યું છે કે નહીં અને હથિયારધારી ગાર્ડ્સ પાસે ગનનું વેલિડ લાઇસન્સ છે કે કેમ તેની ઝીણવટભરી ચકાસણી કરાઈ રહી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. કેટલીક એજન્સીઓ પાસે લાઇસન્સ હોવા છતાં તે સક્રિય ન હોવાનું અથવા નિયમ વિરુદ્ધ ચાલતી હોવાનું પણ બહાર આવ્યું છે. આ સાથે જ, તપાસ દરમિયાન ૩ સિક્યુરિટી એજન્સીઓ પાસે તો પ્રાઇમરી લાયસન્સ જ ન હોવાનું બહાર આવ્યું છે. ■

## એચપીસીએલની ક્રૂડ ઓઈલ પાઈપલાઈનમાં ગેરકાયદે પંક્ચર કરી ચોરી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્કવોડ દ્વારા દેશભરમાં સક્રિય ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ નેટવર્ક પર સતત નજર રાખવામાં આવી રહી છે. ત્યારે જ એટીએસ અને રાજસ્થાન પોલીસે એક સંયુક્ત ઓપરેશન પાર પાડી રાજસ્થાનના બાલોત્રા જિલ્લામાંથી પસાર થતી એચપીસીએલની ક્રૂડ ઓઈલ પાઈપલાઈનમાં ગેરકાયદે પંચર કરી ક્રૂડ ઓઈલની ચોરી કરતી ગેંગના આઠ સાગરીતોને ઝડપી લેવામાં આવ્યા છે. તેઓ આ ચોરીનું ઓઈલ અમદાવાદ-રાજકોટ હાઈવે પર વેચતા હોવાની વિગતો સામે આવી રહી છે. હવે આ કાંડમાં કેટલા લોકોની સંડોવણી છે તેની તપાસ ચાલી રહી છે. તપાસમાં પણ ઘણા મોટા માથાની સંડોવણી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાત એટીએસના એસીપી શંકર ચૌધરીને બાતમી મળી હતી કે ગુજરાત-રાજસ્થાનની ગેંગ ઘણા લાંબા સમયથી ઓઈલ ચોરી કરી ગેરકાયદે વેચી રહી છે. આ ગેંગ રાજસ્થાનમાંથી ઓઈલ ચોરી અમદાવાદ-રાજકોટ હાઈવે પર હોટલો અને ચોક્કસ લોકેશનો પર તેનું વેચાણ કરે છે. બાતમી મળતાં એટીએસની ટીમે વોચ ગોઠવી હતી. ટીમને અમદાવાદ-રાજકોટ હાઈવે પર કુવાડવા નજીક સોખડા ગામ તરફ જતા રસ્તા પરથી એક શંકાસ્પદ વ્યક્તિ પાસેથી ક્રૂડ મળી આવ્યું હતું. તેણે આ ઓઈલ રાજસ્થાનના બાલોત્રા જિલ્લાના કાલુડી ગામેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. ટીમ જે ગેંગને શોધતી હતી તેનો સાગરિત હોવાનું જાણમાં આવતા તેને ઝડપી પાડ્યો હતો અને સાથે સાથે ગેંગના સાત સાગરીતને રાજસ્થાનના ટાપરા નજીક આવેલા ઢાબા પરથી ઝડપી લેવામાં આવ્યા હતા. આ કામગીરી માટે રાજસ્થાન પોલીસની મદદ લેવામાં આવી હતી. પોલીસે તમામને રાજસ્થાનના જાસોલ પોલીસ સ્ટેશન લઈ જઈ તેમની તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું હતું. ■

## દહેજની માગણી અને પતિના મારથી ત્રસ્ત મહિલાએ આત્મહત્યા કરી, સુસાઈડ નોટ પગ પર લખી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં એક પરિણીતાએ પતિ અને સાસરિયાના કથિત ત્રાસથી કંટાળી આત્મહત્યા કરી હતી. મહિલાએ પોતાની આત્મહત્યાનું કારણ પગમાં પેનથી લખ્યું હતું. મૃતક મહિલાની સુસાઇડ નોટમાં પતિનો માર સહન નથી થતો તેમ લખવામાં આવ્યું હોવાનું અહેવાલો દ્વારા જાણવા મળ્યું હતું. આ અંગે નોંધાયેલી ફરિયાદ અનુસાર મૂળ ઉત્તર પ્રદેશની સીમા નામની મહિલાનાં લગ્ન વર્ષ ૨૦૨૩માં યુપીના જ સુધીર નામના એન્જિનિયર યુવક સાથે થયા હતા. લગ્નના ત્રણ વર્ષમાં જ પરિવારે પ્લોટ ખરીદવાનો છે તેમ કહી સીમા પાસેથી પિયરથી રૂ. ૨ લાખ લઈ આવવાની માગણી કરી હતી. સીમાના પરિવારે થોડો સમય રાહ જોવા કહ્યું હતું, પરંતુ પરિવાર પુત્રવધૂને કથિત ત્રાસ આપતો હોવાની ફરિયાદ મૃતકના ભાઈએ કરી હતી. ૯મી ઑગસ્ટના દિવસે પતિ ફોન રિપેર કરવા ઘરની બહાર નીકળ્યો ત્યારે સીમાએ તેમની ૮ મહિનાની દીકરી પડોશીને રમાડવા આપી હતી. દીકરી જ્યારે રડી ત્યારે પડોશી સીમાનાં ઘરે ગયા ત્યારે સીમા ગળાફાંસો હોવાનું તેમના ધ્યાનમાં આવ્યું હતું. આ વાતની જાણ પરિવારને કરવામાં આવતા પરિવાર વડોદરા દોડી આવ્યો હતો.જવાહરનગર પોલીસે આરોપી પતિ સુધીરકુમાર, સાસુ શીલાદેવી અને સસરા અનેકસિંહની ધરપકડ કરી હતી. ■

## અમદાવાદમાં યુવકે ૩૨મા માળે ક્રેન પર લટકી આત્મહત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરોમાં રહેતા પરપ્રાંતીયોની પોતાની સમસ્યાઓ હોય છે અને પરિવારથી દૂર એકલા રહેતા યુવાનો ઘણીવાર નિરાશામાં આત્યંતિક પગલું ભરી લેતા હોય છે. અમદાવાદમાં એક માત્ર ૨૨ વર્ષીય પરપ્રાંતિય યુવકે ઈમારતના ૩૨માં માળે પહોંચેલી ક્રેનમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મળતી વિગતો અનુસાર યુવક ક્રેન ઓપરેટર હતો. શહેરની નિરમા યુનિવર્સિટી પાસે બની રહેલી નવી બહુમાળીય ઈમારતમાં કામ કરતો હતો. રાત્રે તેણે ૩૨મા માળે ઊભેલી ક્રેન પર લટકી જીવ દઈ દીધો હોવાનું માનવામાં આવે છે. આખી રાત તેનો મૃતદેહ લટકાતો રહ્યો હતો.

સવારે લોકોએ જોયો અને ત્યારબાદ ઈમારતના મજૂરે જોતા સાઈટ એન્જિનિયરને ફોન કર્યો હતો. દરમિયાન પોલીસ પણ આવી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આત્મહત્યાનું કારણ જાણવા મળ્યું નથી. યુવકના પરિચિતના જણાવ્યા અનુસાર તે અમુક વ્યક્તિગત સમસ્યાઓથી દુ:ખી રહેતો હતો. ■

## ગેરતપુર અમદાવાદ સેક્શનમાં ₹૧૫૩ કરોડનો ૪-લેન ઓવરબ્રિજ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય રેલવેએ પશ્ચિમ રેલવેના ગેરતપુર અમદાવાદ વિભાગમાં લેવલ ક્રોસિંગ નંબર ૩૦૫ પર ચાર લેનના રોડ ઓવરબ્રિજ (આરઓબી)ના નિર્માણને મંજૂરી આપી છે.

આ પ્રોજેક્ટ માટે ₹૧૫૩ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. આ આરઓબીના નિર્માણથી લેવલ ક્રોસિંગ પર ટ્રાફિકનું ભારણ ઘટશે અને વાહનચાલકોની અવરજવર વધુ સુરક્ષિત બનશે, તેમ રેલવેએ જણાવ્યું હતું. આ અંગે રેલવેએ આપેલી માહિતી અનુસાર આ પુલ ગીચ વસ્તી ધરાવતા શહેરી વિસ્તારમાં સ્થિત છે તેના માટે લાંબા એપ્રોચ અને એક મોટા નિર્માણની જરૂરિયાત છે. રેલવે પુલની કુલ લંબાઈ ૧૦૬ મીટર રહેશે, જેમાં ૫૩-૫૩ મીટરના બે સંયુક્ત ગર્ડર સામેલ હશે. ત્યારબાદ ૧૫૦ મીટર લાંબો વાયાડક્ટ બનાવવામાં આવશે. રેલવે એપ્રોચની લંબાઈ ૫૯૫ મીટર રહેશે.

નવા ઓવરબ્રિજના નિર્માણથી સડક ઉપયોગકર્તાઓને લેવલ ક્રોસિંગ પર રાહ જોવાની જરૂર નહીં પડે. આથી રેલવે લાઇન ઉપરથી વાહનોની અવરજવર ૨૪ કલાક સતત અને અવિરત ચાલુ રહી શકશે. આ ઓવરબ્રિજથી વિસ્તારના માર્ગ ઉપયોગકર્તાઓને વધુ સુરક્ષિત અને ઝડપી મુસાફરીનો લાભ મળશે તેમ જ લેવલ ક્રોસિંગ પર થતી ટ્રાફિકની ભીડમાંથી રાહત મળશે.

આ મંજૂરી સમગ્ર દેશમાં લેવલ ક્રોસિંગને દૂર કરવા, જાહેર સલામતીમાં સુધારો કરવા અને આધુનિક તથા કાર્યક્ષમ પરિવહન માળખાગત સુવિધાઓના નિર્માણ પ્રત્યે ભારતીય રેલવેની સતત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. ■

## ખંડણી કેસમાં કીર્તિ પટેલની જામીન અરજી ફગાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિવાદાસ્પદ સોશ્યલ મીડિયા ઇન્ફ્લુએન્સર કીર્તિ પટેલની મુશ્કેલીઓ સતત વધી રહી છે. સુરત કોર્ટે એક ગંભીર ખંડણી કેસમાં કીર્તિ પટેલની જામીન અરજી ફગાવી દીધી હતી, જેના કારણે તેને જેલમાં જ રહેવું પડશે. કીર્તિ પટેલ વિરુદ્ધ અગાઉ પણ સુરત તેમજ ગુજરાતના અન્ય પોલીસ સ્ટેશનોમાં મારામારી, ધમકીઓ આપવા અને ગુનાહિત પ્રવૃત્તિઓ સહિતના ૧૫થી વધુ કેસો નોંધાયેલા છે. આમ તેના ગુનાહિત ઇતિહાસ જોતા જામીન અરજી ફગાવી દીધી હતી. સુરતની કોર્ટમાં ચાલતી કાનૂની કાર્યવાહી દરમિયાન કીર્તિ પટેલ તરફથી જામીન મેળવવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ કોર્ટે તેની આ અરજી ગ્રાહ્ય રાખવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો. ખંડણી જેવા ગંભીર આરોપો હેઠળ ઘેરાયેલી હોવાથી તપાસ એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓ અને દલીલોને કોર્ટે મહત્ત્વપૂર્ણ ગણ્યા હતા. અદાલતે આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેને હાલ જામીન પર મુક્ત કરવાનો સાફ ઇનકાર કરી દીધો હતો, જેથી કાયદાકીય પ્રક્રિયા કડકાઈથી આગળ વધી શકે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગરના વેપારી દ્વારા સોશ્યલ મીડિયામાં બદનક્ષી કરવા અને ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાવી હતી. કીર્તિ પટેલ દ્વારા અગાઉ બળાત્કારની ફરિયાદ માટે ૧૨ લાખનું સેટિંગ કર્યું હતું, ફરિયાદી રાજુ ભમ્મર પાસેથી દોઢ વર્ષ દરમિયાન ૩.૧૨ કરોડ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા. આ તમામ બાબતે પુણા પોલીસે વિવિધ કલમો ઉમેરી કીર્તિ પટેલની ધરપકડ કરી હતી. પોલીસે વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધી ધરપકડ કરી હતી. ■

## અમદાવાદને મળ્યું નવું અત્યાધુનિક ગીતામંદિર બસ ટર્મિનલ-૨, હર્ષ સંઘવીના હસ્તે ઉદ્‌ઘાટન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે ગીતામંદિર ખાતે નિર્માણ પામેલ અત્યાધુનિક 'ગીતામંદિર બસ ટર્મિનલ-૨ (નોર્થ બ્લોક) આઇકોનિક બસપોર્ટ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ આઇકોનિક બસપોર્ટ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ અને મેસર્સ હબટાઉન બસ ટર્મિનલ પ્રા. લિ. ના સંયુક્ત ઉપક્રમે પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ ધોરણે તૈયાર કરવામાં આવ્યું છે. મુસાફરોને આધુનિક અને સુવિધાસભર સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી આ આઇકોનિક બસપોર્ટ તૈયાર કરવામાં આવ્યું છે.

બસ ટર્મિનલનું કુલ બાંધકામ ક્ષેત્રફળ ૪,૩૦૯ ચોરસ મીટરમાં પથરાયેલું છે. મુસાફરોના આવાગમન માટે કુલ ૩૯ બોર્ડિંગ, એલાઇટીંગ અને આઇડીયલ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યા છે.

વધુમાં આરામદાયક વેઇટિંગ હોલ અને પૂરતી બેઠક વ્યવસ્થા પણ છે. ■


પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર
કિંમતઃ ₹ ૧૦૦/-
સ્થાપના ઈ.સ.૧૮૧૪
વર્ષ ૨૧૩
પંચાંગકર્તાઃ સોનલ શાહ
■ વિક્રમ સંવત ૨૦૮૩-૮૪ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૮-૪૯
■ ઈ.સ. તા. ૧૦-૧૧-૨૦૨૬ થી તા. ૨૬-૦૩-૨૦૨૮



સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક
૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે

૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.

૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.

તિથિ-યોગ- નક્ષત્ર-કરણ (દિવસના બન્ને કરણ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત-સાંપત્તિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત (વિજય) મુહૂર્ત સાથે.

દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ (વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.

સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતોઃ બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર - પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર-ભરતી-ઓટ કોષ્ટકો.

સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.

સંવત ૨૦૮૩નું રાશિ ભવિષ્ય

મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર-કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.

ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.

શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.

ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.

મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.

સંશોધન સભર લેખો

- ★ તિથિનિર્ધારણની પ્રાચીન અવધારણાઃ એક ગહન સંશોધન
- ★ શુભ ગુરુ – શુભ ભાગ્ય
- ★ પિતૃદોષ...
- ★ રાહુ અને કેતુ એક અભ્યાસ
- ★ વાસ્તુશાસ્ત્રમાં દ્વારદિશા માટે મહત્ત્વની માહિતી
- ★ નોકરી કરતા જાતકોઃ સ્વભાવ – ખાસિયત – ઉપાય
- ★ પરદેશગમનમાં નવમાંશ ડિસ્પોઝિટરનું મહત્ત્વ
- ★ સિંહ રાશિનું વિશેષ અવલોકન
- ★ સાત ચક્ર અને તેના થકી થનારા રોગો
- ★ ઘડીયાં લગ્ન (અચાનક) કયા ગ્રહ યોગથી થાય?

માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૦૨૨-૨૨૦૪૫૫૩૧-33
મુંબઈ સમાચાર
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

# હાર્દિકને કૅપ્ટન્સીની શરત સાથે કમબૅક કરવું છે, પણ ગુજરાત ટાઇટન્સ સાથે કંઈ જામ્યું નથી

અમદાવાદઃ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાના મુંબઇ ઇન્ડિયન્સ સાથેના કનેક્શનનો અંત આવી રહ્યો છે ત્યારે ચેન્નઈ તેમ જ કોલકાતા સહિત પાંચ ફ્રેન્ચાઇઝી પોતાની ટીમમાં હાર્દિકને સમાવવા તત્પર છે એવી અટકળો વચ્ચે આ પ્રકરણમાં નવો ફણગો ફૂટ્યો છે. હાર્દિકને ગુજરાત ટાઇટન્સની ટીમમાં પાછા જવું છે અને કહેવાય છે કે જીટીનું ફ્રેન્ચાઇઝી પણ તેને ફરી આવકારવા તૈયાર છે, પરંતુ હાર્દિકે એક શરત મૂકી જેને લીધે મંત્રણા પડી ભાંગી હોવાનું મનાય છે.



### વર્તમાન કેપ્ટન ગિલની પણ હાર્દિક માટે ‘હા’ હતી

૨૦૨૨માં જીટીએ આઈપીએલમાં ડેબ્યૂ કર્યું અને પહેલા જ વર્ષમાં હાર્દિકની કૅપ્ટન્સીમાં જીટીએ ટાઈટલ જીતીને આ ટૂર્નામેન્ટમાં નવો ઇતિહાસ સર્જ્યો હતો. ત્યાર પછીના વર્ષમાં (૨૦૨૩માં) હાર્દિકના જ સુકાનમાં જીટીની ટીમ રનર-અપ થઈ હતી. જોકે ૨૦૨૪માં હાર્દિક મુંબઈ ઇન્ડિયન્સમાં પાછો આવ્યો અને તેને રોહિત શર્માના સ્થાને કેપ્ટન બનાવી દેવામાં આવ્યો હતો જે વિવાદ આજ સુધી ચર્ચામાં છે. હવે જ્યારે હાર્દિકને જીટીમાં પાછા આવવું છે તો એ માટે વર્તમાન કૅપ્ટન શુભમન ગિલનો અભિગમ પણ સકારાત્મક છે. હાર્દિકના કમબૅક માટે શુભમન ગિલે જીટીના માલિકોને ‘હા’ કહી હોવાનું મનાય છે.

### હાર્દિક દિલ્હી કૅપિટલ્સમાં જોડાશે?

હાર્દિક પંડ્યા મુંબઈ ઇન્ડિયન્સથી અલગ થઈ રહ્યો હોવાના અહેવાલ વચ્ચે થોડા દિવસ પહેલાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) અને કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સાથે ખૂબ ચર્ચામાં હતું પરંતુ થોડા દિવસથી ગુજરાત ટાઇટન્સ સાથે નામ ચર્ચામાં રહ્યા પછી હવે કહેવાય છે કે હાર્દિક દિલ્હી કૅપિટલ્સ (ડીસી) સાથે જોડાવાની તૈયારીમાં છે. દિલ્હી કૅપિટલ્સનો કૅપ્ટન અક્ષર પટેલ છે.

### મંત્રણા સફળ થવાની જ હતી ત્યાં...

જીટીના માલિકો સાથેની હાર્દિકની વાટાઘાટ નિર્ણાયક તબક્કામાં જ હતી ત્યાં હાર્દિકની એક શરત જીટીને મંજૂર નહોતી એવું કહેવાય છે.

### વાટાઘાટ પડી ભાંગી

જોકે હાર્દિકે કૅપ્ટન્સી પાછી સોંપવામાં આવે તો જીટીમાં પાછા આવવાની તૈયારી બતાવી જેને પગલે હાર્દિકની જીટીના ફ્રેન્ચાઇઝી સાથેની વાટાઘાટ પડી ભાંગી છે.

### શરત બની ડીલ-બ્રેકર?

બીજી રીતે કહીએ તો અહેવાલો જણાવે છે કે કમબૅક બાબતમાં હાર્દિકનું જીટીના મૅનેજમેન્ટ સાથે ડીલ થવાની તૈયારીમાં જ હતું, પરંતુ કૅપ્ટન્સીની હાર્દિકની કથિત માગણી આ પ્રકરણમાં ડીલ-બ્રેકર બની ગઈ.

### હાર્દિક તરફથી શું કહેવાયું છે?

જોકે હાર્દિકના કૅમ્પમાંથી એવી વાત જાણવા મળી છે કે હાર્દિકે ટ્રાન્સફર ટ્રેડ વિશે આઈપીએલના કોઈપણ ફ્રેન્ચાઇઝી સાથે સીધી વાટાઘાટ કરી જ નથી.

# પાંચેય સંતાનની હાજરીમાં ફૂટબોલર રોનાલ્ડોએ ૧૦ વર્ષે ગર્લફ્રેન્ડ જ્યોર્જિના સાથે કર્યાં લગ્ન

લિસ્બનઃ વિશ્વપ્રસિદ્ધ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને તેની ગર્લફ્રેન્ડ જ્યોર્જિના રોડ્રિગેઝે આખરે પોતાના સંબંધને નવું નામ આપ્યું છે. લાંબા સમયથી એકબીજા સાથે રહી રહેલા આ સુપર-સેલિબ્રિટી કપલે પોર્ટુગલમાં એક અત્યંત ખાનગી પણ ભવ્ય સમારોહમાં લગ્ન કરી લીધાં હોવાનું મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે જાણવા મળ્યું છે. સોશ્યલ મીડિયા પર વેડિંગ રિંગ પહેરેલી એક તસવીર શૅર કરીને આ જોડીએ કરોડો ચાહકોને આ સરપ્રાઈઝ આપ્યું છે.

રોનાલ્ડોથી જ્યોર્જિના નવ વર્ષ નાની છે. ૪૧ વર્ષીય રોનાલ્ડો અને ૩૨ વર્ષીય જ્યોર્જિનાએ ઇન્સ્ટાગ્રામ પર પોતાના હાથમાં પહેરેલી લગ્નની વીંટીઓની ઝલક આપતા એક ખાસ કેપ્શન "C G" સાથે તસવીર પોસ્ટ કરી હતી. આ પોસ્ટ આવતાંની સાથે જ વિશ્વભરમાંથી ચાહકો અને રમતજગતના દિગ્ગજો તેમને શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.



મંગળવારે પાંચ સંતાનની હાજરીમાં રોનાલ્ડોએ જ્યોર્જિના સાથે લગ્ન કર્યાં હતાં.

### કાસ્કાઈસના કોસ્ટલ રિસોર્ટમાં યોજાયો પ્રસંગ

નોંધનીય છે કે ઓગસ્ટ ૨૦૨૫માં જ્યોર્જિનાએ રોનાલ્ડો સાથેની સગાઈની જાહેરાત કરી હતી અને બરાબર એક વર્ષ બાદ ૧૧ ઓગસ્ટે બંનેએ લગ્ન કરી લીધા છે. આ લગ્ન સમારોહ પોર્ટુગલની રાજધાની લિસ્બન નજીક આવેલી દરિયાકિનારાની સુંદર જગ્યા કાસ્કાઇસમાં યોજાયો હતો. રોનાલ્ડોનું પબ્લિક રિલેશન્સનું કામકાજ સંભાળતા બ્રુન્સવિક ગ્રૂપે પુષ્ટિ કરી છે કે, આ એક ખૂબ જ અંગત પ્રસંગ હતો, જેમાં માત્ર પરિવારના નજીકના સભ્યો જ હાજર રહ્યા હતા. ખાસ વાત એ રહી કે આ શુભ પ્રસંગે દંપતીના પાંચેય બાળકો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

### રોનાલ્ડોના પાંચ સંતાન

રોનાલ્ડો સૌથી પહેલાં ૨૦૧૦માં પિતા બન્યો હતો. તેનું નામ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો જુનિયર રાખ્યું છે. તે ૧૬ વર્ષનો છે અને ફૂટબોલર છે. જોકે રોનાલ્ડોએ આ પુત્ર કોનાથી થયો હતો એ ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડનું નામ તેની સાથેની સંમતિથી જાહેર નથી કર્યું. ૨૦૧૭માં સરોગસીથી રોનાલ્ડો જોડિયા ટવિન્સનો પિતા બન્યો હતો. રોનાલ્ડોને ભૂતકાળમાં અભિનેત્રી ગેમ્મા ઍટકિન્સન તથા રશિયન મૉડેલ ઇરિના શાયક સાથે ખૂબ નજીકના સંબંધો હતા. ૨૦૧૬માં રોનાલ્ડોની જ્યોર્જિના સાથે રિલેશનશિપ શરૂ થઈ હતી. ૨૦૧૭માં જ્યોર્જિનાએ બાળકીને જન્મ આપ્યો હતો. ૨૦૨૨માં જ્યોર્જિનાએ ટવિન્સને જન્મ આપ્યો હતો, પરંતુ કમનસીબે એમાં જે પુત્ર હતો તેનું જન્મ બાદ થોડા જ દિવસમાં મૃત્યુ થયું હતું. ટૂંકમાં, રોનાલ્ડોના પાંચ સંતાનમાં ત્રણ પુત્ર અને બે પુત્રીનો સમાવેશ છે. રોનાલ્ડો અને જ્યોર્જિનાને અવાના અને બેલા નામે બે પુત્રીઓ છે. જ્યોર્જિના પતિ રોનાલ્ડોને ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડથી થયેલા ક્રિસ્ટિયાનો જુનિયરની તેમ જ તેના જોડિયા બાળકો ઈવા મારિયા તથા મૅટિઓની પણ માતાની જેમ જ સંભાળ રાખે છે.

### એક સ્ટોરથી શરૂ થઈ હતી પ્રેમકહાની

રોનાલ્ડો અને જ્યોર્જિનાની લવસ્ટોરી કોઈ ફિલ્મથી કમ નથી. બંનેની પહેલી મુલાકાત ૨૦૧૬માં મૅડ્રિડમાં ગુચીના એક આઉટલેટમાં થઈ હતી, જ્યાં જ્યોર્જિના સેલ્સ અસિસ્ટન્ટ તરીકે કામ કરતી હતી. ત્યાર બાદ જાન્યુઆરી ૨૦૧૭માં ઝુરિકમાં યોજાયેલા બેસ્ટ ફિફા ફૂટબૉલ અવૉર્ડ્સ દરમ્યાન તેઓ પ્રથમ વખત જાહેરમાં એકસાથે જોવા મળ્યાં હતાં. સમય જતાં આ સંબંધ વધુ ગાઢ બન્યો અને નેટફ્લિક્સની લોકપ્રિય સિરીઝ ’આઇ ઍમ જ્યોર્જિના’માં પણ તેમની ફૅમિલી લાઈફની સુંદર ઝલક જોવા મળી હતી.

આ સાથે રોનાલ્ડોએ એક ઇન્ટરવ્યુમાં સ્વીકાર્યું હતું કે, શરૂઆતમાં તેને અંદાજ નહોતો કે આ સંબંધ આટલો મજબૂત બનશે, પરંતુ સમય જતાં જ્યોર્જિના તેની જિંદગીનો ભાગ બની ગઈ. આ બંનેએ હવે અટકળોને વિરામ આપીને લગ્ન કરી લીધાં છે.

# વન-ડે ફૉર્મેટમાં ૫,૦૦૦ મૅચ પૂરી થઈ

## જાણો, અનોખા વિક્રમો કોના-કોના નામે છે...



ડન્ડી (સ્કૉટલૅન્ડ)ઃ તાજેતરમાં અહીં સ્કૉટલૅન્ડ અને કૅનેડા વચ્ચે રમાયેલી મેન્સ વન-ડે ક્રિકેટના મોટા દેશો માટે ખાસ કંઈ નહોતી, પરંતુ ક્રિકેટના વિકાસમાં ભાગ લઈ રહેલા નાના દેશોની કૅટેગરી માટે આ મુકાબલો મહત્ત્વનો હતો, કારણકે એ આઇસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ લીગ રાઉન્ડનો હિસ્સો હતો. જોકે અહીં મુખ્ય મુદ્દો એ છે કે આ મૅચ વન-ડે ક્રિકેટ જગતની ૫,૦૦૦મી મૅચ હતી અને એના વિશે ચાર દિવસમાં બહુ ઓછું કહેવાયું છે એટલે આ અહેવાલમાં આપણે ઘણું બધુ જાણીશું.

વાત એવી છે કે ૧૯૭૧ની પાંચમી જાન્યુઆરીએ મેલબર્નમાં ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચે રમાયેલી મૅચ વન-ડે આંતરરાષ્ટ્રીય જગતની સૌપ્રથમ મૅચ હતી જેમાં બિલ લૉરીની કૅપ્ટન્સીમાં ઑસ્ટ્રેલિયાએ રે ઇલિંગવર્થની કૅપ્ટન્સીમાં રમનાર ઇંગ્લૅન્ડ સામે પાંચ વિકેટે વિજય મેળવ્યો હતો. એ સૌપ્રથમ વન-ડે રમાયા બાદ બરાબર સાડા પંચાવન વર્ષ બાદ સાતમી ઑગસ્ટ, ૨૦૨૬ના દિવસે ૫,૦૦૦મી વન-ડે રમાઈ.

સાઉથ આફ્રિકાના ફીલ્ડિંગ-લેજન્ડ જૉન્ટી રહોડ્સે મંગળવારે મુંબઈની એક ઇવેન્ટમાં વન-ડે ક્રિકેટના ભાવિ વિશે ચિંતા વ્યક્ત કરી હતી. તેના મતે વન-ડે ફૉર્મેટ વિનાની ક્રિકેટની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. સ્વાભાવિક છે કે આઇસીસી અને બીસીસીઆઇ દ્વારા વન-ડે ફૉર્મેટને બચાવવા આવનારા મહિનાઓમાં ઘણા પ્રયાસો થશે. આ સ્થિતિમાં આપણે ક્રિકેટ જગતની ૫,૦૦૦મી વન-ડેની સિદ્ધિને અંતે કેટલાક વિક્રમો પર નજર કરીએઃ

### વન-ડે ક્રિકેટના વિક્રમો

**સૌથી વધુ મૅચઃ** સચિન તેન્ડુલકર (૪૬૩)
**સૌથી વધુ મૅચ-ટીમઃ** ભારત (૧,૦૫૫)
**સૌથી વધુ જીતઃ** ઑસ્ટ્રેલિયા (૬૧૭)
**સૌથી વધુ હારઃ** શ્રીલંકા (૪૬૧)
**સૌથી વધુ રનઃ** સચિન તેન્ડુલકર (૧૮,૪૨૬)
**કૅલેન્ડર યરમાં સૌથી વધુ રનઃ** સચિન તેન્ડુલકર (૧,૮૯૪)
**કૅલેન્ડર યરમાં સૌથી વધુ સદીઃ** સચિન તેન્ડુલકર (નવ)
**સૌથી વધુ નાઇન્ટીઝઃ** સચિન તેન્ડુલકર (૧૮)
**સૌથી વધુ નૉટઆઉટઃ** એમએસ ધોની (૮૪)
**હાઇએસ્ટ સ્કોરઃ** રોહિત શર્મા (૨૬૪) શ્રીલંકા સામે
**બેસ્ટ બૅટિંગ-ઍવરેજઃ** વિરાટ કોહલી (૫૮.૫૯)
**બેસ્ટ બોલિંગ સ્ટ્રાઇક રેટઃ** શાહિદ આફ્રિદી (૧૧૭.૦૦)
**સૌથી વધુ ડબલ સેન્ચુરીઃ** રોહિત શર્મા (ત્રણ)
**સૌથી વધુ સેન્ચુરીઃ** વિરાટ કોહલી (૫૪)
**સૌથી વધુ હાફ સેન્ચુરીઃ** સચિન તેન્ડુલકર (૯૬)
**સૌથી વધુ ઝીરોઃ** સનથ જયસૂર્યા (૩૪)
**સૌથી વધુ ચોગ્ગાઃ** સચિન તેન્ડુલકર (૨,૦૧૬)
**સૌથી વધુ છગ્ગાઃ** રોહિત શર્મા (૩૬૯)
**ફાસ્ટેસ્ટ સેન્ચુરીઃ** એબી ડિવિલિયર્સ (૩૧ બૉલમાં)
**ફાસ્ટેસ્ટ હાફ સેન્ચુરીઃ** એબી ડિવિલિયર્સ (૧૬ બૉલમાં)
**સૌથી વધુ વિકેટઃ** મુથૈયા મુરલીધરન (૫૩૪)
**સૌથી વધુ ઓવરઃ** મુથૈયા મુરલીધરન (૩૧૩૫.૧)
**બેસ્ટ બોલિંગઃ** ચામિન્ડા વાસ (૮/૧૯)
**સૌથી વધુ મેઇડન ઓવરઃ** શૉન પોલૉક (૩૧૩)
**બેસ્ટ ઇકોનોમી રેટઃ** કર્ટલી ઍમ્બ્રોઝ (૩.૪૮)
**બેસ્ટ બોલિંગ ઍવરેજઃ** રાશીદ ખાન (૧૯.૯૨)
**બેસ્ટ બોલિંગ સ્ટ્રાઇક-રેટઃ** મોહમ્મદ શમી (૨૫.૮)
**સૌથી વધુ વખત પાંચ કે વધુ વિકેટઃ** વકાર યુનુસ (૧૩)
**સૌથી વધુ કૅચઃ** ઍડમ ગિલક્રિસ્ટ (૪૧૭)
**સૌથી વધુ સ્ટમ્પિંગઃ** એમએસ ધોની (૧૨૩)
**સૌથી વધુ શિકાર (વિકેટકીપર)ઃ** કુમાર સંગકારા (૫૦૧)
**સૌથી વધુ મૅન ઑફ ધ મૅચ અવૉર્ડઃ** સચિન તેન્ડુલકર (૬૨)
**સૌથી વધુ મૅન ઑફ ધ સિરીઝ અવૉર્ડઃ** સચિન તેન્ડુલકર (૧૫)
**કૅપ્ટન તરીકે સૌથી વધુ કૅચઃ** રિકી પૉન્ટિંગ (૨૩૦)
**હાઇએસ્ટ ભાગીદારીઃ** ગેઇલ/સૅમ્યુલ્સ (૩૭૨ રન)
**ભાગીદારીમાં સૌથી વધુ રનઃ** સચિન/ગાંગુલી (૮,૨૨૭)
**ભાગીદારીમાં સૌથી વધુ સેન્ચુરીઃ** સચિન/ગાંગુલી (૨૬)
**સૌથી મોટો ટીમ-સ્કોરઃ** ઇંગ્લૅન્ડ (૪/૪૯૮) નેધરલૅન્ડ્સ સામે
**સૌથી નીચો ટીમ-સ્કોરઃ** ઝિમ્બાબ્વે (૩૫ રન) શ્રીલંકા સામે
**એક મેદાન પર સૌથી વધુ રનઃ** તમિમ ઇકબાલ (૨,૮૯૭) મીરપુર
**ડેબ્યૂ મૅચમાં હાઇએસ્ટ રનઃ** મૅથ્યૂ બ્રીટ્ઝકે (૧૫૦ રન)
**સૌથી લાંબી ઇનિંગ્સઃ** ગ્લેન ટર્નર (૨૦૧ બૉલમાં ૧૭૧ અણનમ)
**ઇનિંગ્સમાં સૌથી વધુ છગ્ગાઃ** ઓઇન મૉર્ગન (૧૭)
**ઇનિંગ્સમાં સૌથી વધુ ચોગ્ગાઃ** રોહિત શર્મા (૩૩)
**ઇનિંગ્સમાં ચોગ્ગા-છગ્ગાથી સૌથી વધુ રનઃ** રોહિત શર્મા (૧૮૬)
**કરીઅરમાં સૌથી વધુ બૉલ ફેંક્યાઃ** મુથૈયા મુરલીધરન (૧૮,૮૧૧) ■

# રૉકી રૉક્સ

## ૬, ૪, ૬, ૪, ૬, ૪, ૬, ૪, ૬, ૪, ૬, ૪, ૬...આ છે ફ્લિન્ટૉફના પુત્ર રૉકીના કેટલાક સ્કોરિંગ શૉટની ઝલક



ટૉન્ટનઃ ક્રિકેટમાં ‘બાપ તેવો બેટો’ એવી કહેવત સાચી પાડતા ઘણા કિસ્સા આપણે જોઈ ગયા, પણ ‘બાપથી બેટો સવાયો’ એવું ભાગ્યે જ જોવા મળતું હોય છે અને ઇંગ્લૅન્ડના ફ્લિન્ટૉફ પરિવારના કિસ્સામાં આવું જોવા મળ્યું છે. વાત એવી છે કે ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર ઍન્ડ્રયુ ફ્લિન્ટૉફનો ૧૮ વર્ષીય દીકરો રૉકી ફ્લિન્ટૉફ આજ-કાલ ક્રિકેટના મેદાન પર ધમાલ મચાવી રહ્યો છે.



ઇંગ્લૅન્ડમાં રૉયલ લંડન વન-ડે કપ ટૂર્નામેન્ટ ચાલી રહી છે જેમાં મંગળવારે લૅન્કેશર (૫૦ ઓવરમાં ૬/૪૪૩)ની ટીમે સમરસેટ (૩૯.૨ ઓવરમાં ૧૦/૨૬૯)ની ટીમને ૧૭૪ રનથી પરાજિત કરી હતી.

લૅન્કેશરના ઓપનર કીટૉન જેનિંગ્સે ૧૨૭ બૉલમાં સાત છગ્ગા અને ૧૫ ચોગ્ગાની મદદથી ૧૨૭ બૉલમાં ૧૫૬ રન બનાવ્યા હતા. તેણે લૅન્કેશરને જીતનો મજબૂત પાયો નાખી આપ્યો હતો, પરંતુ સ્ટાર-પુત્ર રૉકી ફ્લિન્ટૉફનો પર્ફોર્મન્સ તેના કરતાં પણ ધમાકેદાર હતો. રૉકી ફ્લિન્ટૉફે માત્ર ૭૬ બૉલમાં સાત છગ્ગા અને દસ ચોગ્ગાની મદદથી ૧૨૩ રન બનાવ્યા હતા. તેણે માત્ર ૬૫ બૉલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. તેણે આ વન-ડે મૅચમાં ટી-૨૦ સ્ટાઇલથી રમીને સમરસેટના બોલર્સની જબરી ધુલાઈ કરી હતી. હરીફ ટીમના ખેલાડીઓ તેમ જ પ્રેક્ષકો રૉકીની આતશબાજી જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. તે પાંચમા ક્રમે બૅટિંગમાં આવ્યો હતો ત્યારે પચીસ કરતાં પણ વધુ ઓવર બાકી હતી, પણ તેણે શરૂઆતથી જ ફટકાબાજી કરી હતી અને ૧૨૩ રનની ઇનિંગ્સમાં સાત છગ્ગા તથા દસ ચોગ્ગા ફટકાર્યા હતા. તેનો સ્ટ્રાઇક-રેટ (દર ૧૦૦ બૉલદીઠ રન) ૧૬૧.૮૪ હતો.

રૉકી ફ્લિન્ટૉફે કુલ ૧૭ મોટા સ્કોરિંગ શૉટ (સાત સિક્સર, દસ ફોર) માર્યા હતા જેની એક ઝલક આ મુજબ હતીઃ ૬, ૪, ૬, ૪, ૬, ૪, ૬, ૪, ૬, ૪, ૬, ૪, ૬...

ઉલ્લેખનીય છે કે પેસ બોલિંગ ઑલરાઉન્ડર ઍન્ડ્રયુ ફ્લિન્ટૉફે ઇંગ્લૅન્ડ વતી ૭૯ ટેસ્ટમાં ૩,૮૪૫ રન બનાવ્યા હતા તેમ જ ૨૨૬ વિકેટ લીધી હતી. તેણે ૧૪૧ વન-ડેમાં ૩,૩૯૪ રન બનાવવા ઉપરાંત ૧૬૯ વિકેટ પણ લીધી હતી. તે સાત ટી-૨૦ મૅચ પણ રમ્યો હતો જેમાં તેના નામે ૭૬ રન અને પાંચ વિકેટ છે. ઇંગ્લૅન્ડ વતી તે છેલ્લી ટેસ્ટ ૨૦૦૯માં રમ્યો હતો. ત્યાર પછી તેણે બૉક્સિંગમાં નસીબ અજમાવ્યું હતું. ■

# શ્રીલંકાની ટેસ્ટ ટીમમાં બે ખેલાડીનું ત્રણ વર્ષે કમબૅક, બે પ્લેયર તદ્દન નવા

કોલંબોઃ શ્રીલંકાએ ભારત સામે શનિવાર, ૧૫મી ઑગસ્ટે ઘરઆંગણે શરૂ થનારી બે મૅચની ટેસ્ટ સિરીઝ માટે જાહેર કરેલી ટીમમાં બે ખેલાડી એવા છે જેમને ત્રણ વર્ષે ટેસ્ટ ટીમમાં કમબૅક કરવા મળી રહ્યું છે અને બે ખેલાડી એવા છે જેમને પહેલી જ વખત રમવાનો મોકો મળવાનો છે. પ્રથમ ટેસ્ટ ૧૫-૧૯ ઑગસ્ટ દરમ્યાન અને બીજી ટેસ્ટ ૨૩-૨૭ ઑગસ્ટ દરમ્યાન રમાશે.

### મેન્ડિસને ઈજા થતાં ૩૩ વર્ષીય ડિકવેલાને તક

૩૩ વર્ષના વિકેટકીપર-બૅટ્સમૅન નિરોશાન ડિકવેલા ત્રણ વર્ષે રેડ-બૉલ ફૉર્મેટમાં કમબૅક કરશે. છેલ્લે તે ૨૦૨૩માં ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટમાં રમ્યો હતો. ટીમનો રેગ્યુલર વિકેટકીપર કુસાલ મેન્ડિસ પગની ઈજા પામતાં ડિકવેલાને ટેસ્ટ ટીમમાં પાછા આવવાનો મોકો મળ્યો છે. લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર દિલશાન મદુશન્કા ફક્ત એક ટેસ્ટ રમ્યો છે અને એ ટેસ્ટ ત્રણ વર્ષ પહેલાં રમાઈ હતી. ઓપનિંગ બૅટ્સમૅન પથુમ નિસન્કા કાંડાની ઈજામાંથી હજી મુક્ત નથી થઈ શક્યો એટલે તેણે ભારત સામેની શ્રેણી ગુમાવવી પડશે.

ઓપનર નિશાન મદુશ્કા અને લાહિરુ ઉડારા દાવની શરૂઆત કરશે એવી સંભાવના છે. ઑફ-સ્પિનર કેશારા નુવાન્થા અને ટૉપ-ઑર્ડર બૅટ્સમૅન પાસિન્દુ સૂરિયાબન્ડારાને શ્રીલંકા વતી પહેલી જ વખત રમવાનો મોકો મળવાનો છે. શ્રીલંકાની ટીમમાં ચાર રેગ્યુલર પેસ બોલર અને ત્રણ સ્પિનર છે.

### બન્ને દેશની ટેસ્ટ સ્ક્વૉડ

ભારતઃ શુભમન ગિલ (કૅપ્ટન), કે. એલ. રાહુલ (વાઇસ-કૅપ્ટન), ઋષભ પંત (વિકેટકીપર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, દેવદત્ત પડિક્કલ, સરફરાઝ ખાન, રવીન્દ્ર જાડેજા, માનવ સુથાર, સારાંશ જૈન, આકિબ નબી, ગુરનૂર બ્રાર, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્ના.

શ્રીલંકાઃ ધનંજય ડિસિલ્વા (કૅપ્ટન), લાહિરુ ઉડારા, નિશાન મદુશ્કા, કામિન્દુ મેન્ડિસ, દિનેશ ચંદીમલ, પાસિન્દુ સૂરિયાબંડારા, સોનલ દિનુશા, નિરોશાન ડિકવેલા, રમેશ મેન્ડિસ, પ્રબાત જયસૂર્યા, કેશારા નુવાન્થા, મિલન રત્નાયકે, અસિથા ફર્નાન્ડો, લાહિરુ કુમારા, વિશ્વ ફર્નાન્ડો અને દિલશાન મદુશન્કા. ■

# ટેબલ ટેનિસ ફેડરેશનની માન્યતા સસ્પેન્ડ

## ઈલેક્શનમાં વિલંબ અને વાંધાજનક સિલેક્શન-પ્રક્રિયા, કારણદર્શક નોટિસનો કોઈ જવાબ નથી

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારના ખેલ મંત્રાલયે ટેબલ ટેનિસ ફેડરેશન ઑફ ઇન્ડિયા (ટીટીએફઆઇ)ની માન્યતા ગેરવહીવટ બદલ સસ્પેન્ડ કરી છે. એના સંચાલનમાં અભાવ હોવાનું કારણ આપીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. સ્પોર્ટ્સ મિનિસ્ટ્રીએ ઇન્ડિયન ઑલિમ્પિક અસોસિયેશન (આઇઓએ)ને દેશમાં આ રમતના વહીવટ માટે ઍડ-હૉક કમિટી નીમવા કહ્યું છે. મંત્રાલયે જણાવ્યું છે કે ટીટીએફઆઇ દ્વારા સમયસર ચૂંટણી નથી નીમવામાં આવી તેમ જ આ વર્ષની શરૂઆતમાં મોકલવામાં આવેલી કારણદર્શક નોટિસનો ફેડરેશન તરફથી સંતોષકારક પ્રતિક્રિયા પણ નહોતી આવી.

### ચૌટાલાની પત્ની ચૅરપર્સન

સાડાત્રણ વર્ષથી ટીટીએફઆઇના પ્રમુખસ્થાને મેઘના આહલાવત છે. તેઓ આ ફેડરેશનના પ્રથમ મહિલા પ્રમુખ છે. તેઓ હરિયાણાના વિધાનસભ્ય દુષ્યંત ચૌટાલાના પત્ની અને ટીટીએફઆઇના ભૂતપૂર્વ પ્રમુખ અજય સિંહ ચૌટાલાના પુત્રવધૂ છે.

### કમલેશ મહેતા સામેના કેસમાં પરાજિત

ટીટીએફઆઇ ઘણા મહિનાઓથી વિવાદમાં છે. જાન્યુઆરીમાં ફેડરેશને દેશના ટેબલ ટેનિસ-લેજન્ડ અને કપોળ સમાજના અગ્રણી કમલેશ મહેતાને મહામંત્રીપદેથી સસ્પેન્ડ કર્યા હતા. નાણાકીય ગેરવ્યવસ્થાનો તેમના પર આક્ષેપ હતો, પરંતુ કમલેશ મહેતા આ મુદ્દો દિલ્હી હાઈ કોર્ટમાં લઈ ગયા હતા અને એ અદાલતે કમલેશ મહેતાનું સસ્પેન્શન રદ કરવાનો આદેશ ફેડરેશનને આપ્યો હતો.

### મનિકા બત્રાની બાદબાકીનો પણ વિવાદ

થોડા મહિના પૂર્વે ફેડરેશને દેશની ટોચની ટેબલ ટેનિસ ખેલાડી મનિકા બત્રાને એશિયન ગેમ્સ માટેના સ્ક્વૉડની બહાર રાખી હતી. ડોમેસ્ટિક સ્તરે જરૂરત કરતાં ઓછું રમ્યાનો તેની સામે આક્ષેપ હતો. બત્રાએ જાહેરમાં આ નિર્ણયને વખોડ્યો હતો અને સ્પોર્ટ્સ મિનિસ્ટ્રીનો હસ્તક્ષેપ માગ્યો હતો. ફેડરેશનની સિલેક્શનને લગતી પ્રક્રિયા શંકાસ્પદ અને અવ્યવહારું હોવાનું બત્રાએ જણાવ્યું હતું. ફેડરેશને આ સહિતના તમામ મુદ્દાને ધ્યાનમાં લઈને ફેડરેશનને કારણદર્શક નોટિસ મોકલી હતી જેનો એના તરફથી સંતોષકારક જવાબ નહોતો મળ્યો. ગયા વર્ષે નૅશનલ ચૅમ્પિયનશિપ યોજવામાં જે વિલંબ થયો હતો એ ઉદાહરણને ધ્યાનમાં રાખીને મંત્રાલયે જણાવ્યું હતું કે ટીટીએફઆઇ ઍથ્લીટોના કલ્યાણ વિશે તકેદારી રાખવામાં ફરજ ચૂકી ગયું છે. બીજું, આ વર્ષે ચૂંટણી યોજવાનો ફેડરેશનને આદેશ અપાયો હતો છતાં એની પ્રક્રિયા ક્યારે શરૂ થશે એ વિશે મંત્રાલયને ફેડરેશન તરફથી હજી સુધી એક શબ્દ પણ નથી જણાવવામાં આવ્યો. ■

# ૯૭ ખેલાડી-ઍથ્લીટનો આવકવેરા વિભાગના કર્મચારીગણમાં સમાવેશ

મુંબઈઃ મુંબઈમાં આવકવેરા વિભાગના કર્મચારીગણમાં ભારતની મહિલા ક્રિકેટ ટીમની ખેલાડી તેજલ હસબનીસ તથા મુંબઈની રણજી ટીમના સ્પિન ઑલરાઉન્ડર તનુષ કોટિયન સહિત કુલ મળીને ૯૭ જાણીતા ખેલાડી-ઍથ્લીટનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ડિપાર્ટમેન્ટને ૯૭ હોદ્દા માટે કુલ ૩,૫૯૫ અરજી મળી હતી.

ઇન્કમ ટૅક્સ (આઇટી) ડિપાર્ટમેન્ટમાં આ સ્પોર્ટ્સપર્સન્સ ‘સ્પોર્ટ્સ ક્વોટ’ હેઠળ નિયુક્ત થયા છે અને તેઓ ખેલકૂદને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહેશે.

આઇટી ડિપાર્ટમેન્ટના સ્ટાફ મેમ્બર્સ બનેલા સ્પોર્ટ્સપર્સન્સમાં જૂનમાં અમદાવાદમાં આયોજિત સૌપ્રથમ વર્લ્ડ યોગાસન સ્પોર્ટ્સ ચૅમ્પિયનશિપમાં બે ગોલ્ડ મેડલ જીતનાર અભિષેકનો પણ સમાવેશ છે.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો (પીઆઇબી)ની યાદીમાં જણાવાયું હતું કે ‘આ સાથે, ખેલકૂદ ક્ષેત્રની શ્રેષ્ઠતાને યોગ્ય દરજ્જો આપવાની તેમ જ જાહેર સેવા ક્ષેત્રે અસાધારણ ટૅલન્ટ ધરાવતા રમતવીરોના વિકાસ કાર્યમાં સહભાગી બનવાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવવામાં આવી છે.’ ■

# અફઘાનિસ્તાન સામે આવતા મહિને સિરીઝ

નવી દિલ્હીઃ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે જૂનમાં એકમાત્ર ટેસ્ટ અને ત્રણ મૅચની વન-ડે સિરીઝ રમાયા બાદ હવે ટી-૨૦ શ્રેણીનો સમય પણ નજીક આવી ગયો છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બૉર્ડે આપેલી જાણકારી અનુસાર આવતા મહિને બન્ને દેશ વચ્ચે ભારતમાં ત્રણ ટી-૨૦ મૅચ રમાશે.

એક જાણીતી ક્રિકેટ-વેબસાઇટના અહેવાલ મુજબ ૧૩, ૧૫ અને ૧૭મી સપ્ટેમ્બરે આ ત્રણ ટી-૨૦ રમાવાની છે. ત્રણેય મૅચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. ■



ARKCruises
Worldwide Cruises
ARKTRAVELGROUP
DeckPro
10th ANNIVERSARY
Dream Cruises
DREAM CRUISES
7.00 AM
Sunrise wow from balcony room
11.00 AM
Pool-side wow
Har Hour
Ek Naya
Wow.
9.00 PM
Trust fall wow at Zodiac Theatre
2.00 PM
Delightful multi-cuisine wow
5.00 PM
Crazy Foam-party wow
GENTING DREAM | EX SINGAPORE
3 NIGHTS CRUISE
Starting from
USD 325* Per Person
*Excludes Port Charges & Gratuity
Every hour full of Wow.
START YOUR WOW JOURNEY
Book with your preferred travel partner | www.deckpro.in
Subscribe to our YouTube Channel
BOOK YOUR CABIN NOW!
For Bookings & Business Collaborations:
+91 98199 57598
+91 90049 95154

# મહારાષ્ટ્રમાં પાંચ વર્ષમાં ૩૬,૦૦૦થી વધુ કંપનીઓ બંધ થઇ

## વિપક્ષનો ભ્રષ્ટાચાર અને સરકારી દખલગીરીનો આરોપ

મુંબઈ: લોકસભામાં જાહેર થયેલા આંકડાઓ પરથી જાણવા મળ્યું છે કે છેલ્લાં પાંચ નાણાકીય વર્ષો દરમિયાન મહારાષ્ટ્રમાં ૩૬,૦૦૦થી વધુ ખાનગી કંપનીઓનું લિક્વિડેશન (સમાપન) કરવામાં આવ્યું, તેમને વિસર્જિત કરવામાં આવી અથવા રજિસ્ટરમાંથી તેમનાં નામ દૂર કરવામાં આવ્યા છે. આ બાબતને લઈને વિપક્ષે મહારાષ્ટ્ર સરકારની આકરી ટીકા કરી છે. તેમણે વધુ પડતી સરકારી દખલગીરી, વ્યાપક ભ્રષ્ટાચાર અને વધતા જતા પ્રતિકૂળ વ્યવસાયિક વાતાવરણને આ માટેના મુખ્ય પરિબળો તરીકે ગણાવ્યા હતા.

શિવસેના (યુબીટી) ના લોકસભા સભ્ય રાજાભાઉ વાજે દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં, કોર્પોરેટ બાબતોના મંત્રાલયે ૧૦ ઓગસ્ટે લોકસભામાં આ માહિતી આપી હતી.

વાજેએ બુધવારે જણાવ્યું હતું કે બિઝનેસ સર્વિસીસ ક્ષેત્રે ૧૪,૦૦૦થી વધુ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે લગભગ ૬,૫૦૦ કંપનીઓનું બંધ થવું એ ચિંતાજનક બાબત છે, કારણ કે આ ક્ષેત્રો મોટા પાયે રોજગારીનું સર્જન કરે છે. વાજેએ એકમો બંધ થવાથી અસરગ્રસ્ત કામદારો અંગેના ડેટાના અભાવ તરફ પણ ધ્યાન દોર્યું હતું. મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે જણાવ્યું હતું કે વર્તમાન શાસન હેઠળ રાજકીય હસ્તક્ષેપ અને ભ્રષ્ટાચાર રાજ્યના આર્થિક વિકાસને ગંભીર નુકસાન પહોંચાડી રહ્યા છે. તેમણે ઉદ્યોગસાહસિકતા માટે અનુકૂળ વાતાવરણ બનાવવામાં સરકારની કથિત નિષ્ફળતા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતના તાજેતરનાં નિવેદનનો ઉલ્લેખ કરતા, જેમાં તેમણે કહ્યું હતું કે તમામ યુવાનો નોકરી શોધી શકતા નથી અને કેટલાકને વ્યવસાય શરૂ કરવો પડશે, સાવંતે કહ્યું કે કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા તે સંદેશથી વિપરીત છે. મુંબઈ શહેર, પુણે અને થાણેમાં મળીને કુલ ૨૩,૧૪૬ કંપનીઓ બંધ થઇ હતી, જે મહારાષ્ટ્રની કુલ સંખ્યાના લગભગ ૬૪ ટકા જેટલી છે. ■

# શિવસેનામાં વિભાજન થયું હતું કે નહીં એ પહેલા ચકાસવું પડશે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: શિવસેનામાં વિભાજન થયું છે કે નહીં એ ચકાસવું પડશે કારણ કે આવું વિભાજન વિધાનસભા પક્ષમાં ઉદ્ભવી શકે છે અને પક્ષમાં પડેલી તિરાડ સંગઠન અને પ્રાથમિક સભ્યપદને પ્રભાવિત કરી શકે છે એમ સુપ્રીમ કોર્ટે બુધવારે જણાવ્યું હતું.

એકનાથ શિંદેના નેતૃત્વવાળા જૂથને મૂળ શિવસેના તરીકે માન્યતા આપવા અને તેને પક્ષનું નામ તેમજ ધનુષ અને બાણ ચિહ્ન ફાળવવાના ચૂંટણી પંચના નિર્ણય સામે ઉદ્ધવ ઠાકરે જૂથની અરજીઓ પર અંતિમ સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમલ્યા બાગચી અને વી મોહનાની ખંડપીઠ દ્વારા આ અવલોકનો કરવામાં આવ્યા હતા.

ચોથા દિવસે સુનાવણી દરમિયાન ન્યાયમૂર્તિ બાગચીએ કહ્યું હતું કે કોઈ વિભાજન થયું છે કે કેમ એ પહેલા ચકાસવું પડશે. વિધાનસભા પક્ષમાં વિભાજન થઈ શકે છે, પરંતુ પક્ષમાં પડેલી તિરાડ સંગઠન અને પ્રાથમિક સભ્યપદને પ્રભાવિત કરી શકે છે.'

આ અવલોકનના જવાબમાં ઉદ્ધવ જૂથ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે 'કાયદાના પ્રસ્તાવ તરીકે, રાજકીય પક્ષમાં વિભાજન ફક્ત વિધાનસભા પક્ષમાં વિભાજનથી ક્યારેય ઉદ્ભવી શકે નહીં. આ નિર્ણય બંધારણીય બેન્ચે (ચુકાદામાં) લીધો છે.'

ન્યાયમૂર્તિ બાગચીએ કહ્યું કે ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે પ્રસ્તાવિત વિભાજન વિધાનસભા પક્ષમાં વિભાજન સુધી મર્યાદિત ન હોઈ શકે. પરંતુ તે એમ કહેતું નથી કે 'જો વિધાનસભા પક્ષમાં વિભાજન શરૂ થાય અને ત્યારબાદ તે સંગઠન અને પ્રાથમિક સભ્યપદમાં પ્રતિબિંબિત થાય, તો તેને ધ્યાનમાં લઈ શકાય નહીં. તે મોટા વિભાજનનું નિમિત્ત હોઈ શકે છે'.

સિબ્બલે કહ્યું કે ચુકાદો વિધાનસભા પક્ષની વાત કરતો નથી.

આ પાસા પર સ્પષ્ટતાની જરૂર હોવાનું જણાવી ખંડપીઠે ઉમેર્યું હતું કે 'શિંદે જૂથને ૧૧ 'રાજ્ય પ્રભારીઓ'નું સમર્થન હતું. રાજ્ય પ્રભારી પક્ષના માળખાનો ભાગ છે. તે શિવસેનાના સંગઠનાત્મક માળખાની બહારની કોઈ બાબત નથી. વધુ મહત્ત્વની વાત એ છે કે જ્યારે આપણે કોઈ રાજકીય પક્ષનો વિચાર કરીએ છીએ ત્યારે આપણે ફક્ત પદાધિકારીઓની ચિંતા કરતા નથી. આપણે પ્રાથમિક સભ્યપદનો પણ વિચાર કરવો પડશે.'

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળના એકમને 'ધનુષ્ય અને બાણ' ચિહ્ન ફાળવવાના ચૂંટણી પેનલના આદેશ સામે ઉદ્ધવ જૂથ દ્વારા ૨૦૨૪માં દાખલ કરાયેલી બે અરજીઓની સુનાવણી ખંડપીઠ કરી રહી હતી. આ અરજીઓમાં શિંદે જૂથને મૂળ શિવસેના તરીકે માન્યતા આપવાના ચૂંટણી પંચના ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ના આદેશને પણ પડકારવામાં આવ્યો છે. (પીટીઆઈ)■

# મુંબઈગરાઓનો પાણીકાપ યથાવત્, પણ... મહાપાલિકા સંચાલિત સ્વિમિંગ પૂલ્સ રવિવારથી ફરી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાઓને કરવામાં આવતા પાણીપુરવઠામાં દસ ટકા કાપ યથાવત્ રાખીને મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સ્વિમિંગ પૂલ્સ રવિવારથી ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે સ્વિમિંગ પૂલમાંના પાણીની ગુણવત્તા તપાસવા સાથે સંચાલકો અને લાઈફ ગાર્ડ્સ નિયુક્ત કરવાના નિર્દેશ મહાપાલિકા પ્રશાસને આપ્યા છે.

મહાપાલિકા પ્રશાસને ૧૬ ઑગસ્ટથી સવાર અથવા સાંજે સ્વિમિંગ પૂલની સુવિધા શરૂ કરવાના નિર્દેશ આપી આ અંગે સર્ક્યુલર બહાર પાડ્યો છે. આદેશમાં જણાવાયું છે કે મુંબઈ મહાનગરને પાણી પૂરું પાડતાં સાત જળાશયોની પાણીની સ્થિતિ જોતાં પાલિકા પ્રશાસને મુંબઈનાં સ્વિમિંગ પૂલ્સનો પાણીપુરવઠો ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

આ માટે સંબંધિત વિભાગના આસિસ્ટન્ટ એન્જિનિયરોનો સંપર્ક સાધીને સ્વિમિંગ પૂલ્સનું પાણીનું કનેક્શન ફરી તાત્કાલિક ધોરણે પૂર્વવત્ કરવાનું કહેવામાં આવ્યું છે. એ સિવાય સ્વિમિંગ પૂલના સંચાલક અને લાઈફ ગાર્ડ્સની સુવિધા ઉપલબ્ધ કરાવીને આ સુવિધા નિયમિત રૂપે શરૂ કરવાના નિર્દેશ અપાયા છે.

ઉલ્લેખનીય છે કે મુંબઈને પાણી પૂરું પાડતાં સાત જળાશયોમાં બુધવારની સવારે ૧૨,૯૫,૨૭૪ મિલિયન લિટર પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાનું નોંધાયું હતું. આ જથ્થો પૂર્ણ પુરવઠાની સામે આશરે ૮૯.૪૯ ટકા જેટલો છે. જળાશયોમાં આટલું પાણી હોવા છતાં પાલિકા દ્વારા ૧૦ ટકા પાણીકાપ ઉઠાવાયો નથી, પરંતુ સ્વિમિંગ પૂલ્સને પાણી પૂરું પાડવાનો નિર્ણય લેવાયો છે. પાલિકાએ આપેલા નિર્દેશ અનુસાર સ્વિમિંગ પૂલ શરૂ કરતાં પૂર્વે પાણીની ગુણવત્તા ચકાસી લેવી. પાણી શુદ્ધીકરણની યંત્રણા શરૂ કરીને સ્વિમિંગ માટે પાણી યોગ્ય હોવાની ખાતરી કરવી. ■

# ભરતી પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા સરકાર ઉચ્ચ સ્તરીય પેનલ બનાવશે: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિવિધ સરકારી ભરતીઓ માટેની પરીક્ષા પદ્ધતિમાં વ્યાપક સુધારાની ભલામણ કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરવામાં આવશે, એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું.

ભરતી પરીક્ષાઓને વધુ સુરક્ષિત, પારદર્શક અને અસરકારક બનાવવાનાં પગલાં અંગે અહેવાલ રજૂ કરતા પહેલા આ સમિતિ રાજ્યના દરેક મહેસૂલી વિભાગની મુલાકાત લેશે અને વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય હિસ્સેદારો સાથે વાતચીત કરશે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

ફડણવીસે તેમના સત્તાવાર નિવાસસ્થાન, વર્ષા ખાતે યોજાયેલી એક ખાસ બેઠકમાં આ નિર્દેશો આપ્યા હતા, જેમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પણ હાજર રહ્યા હતા, જેમણે અનેક સૂચનો કર્યા હતાં, એમ બેઠક પછી જારી કરાયેલી સત્તાવાર યાદીમાં જણાવાયું હતું.

સમિતિનું નેતૃત્વ સામાન્ય વહીવટી વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી વી. રાધા કરશે. પોલીસ ડીજીપી સદાનંદ દાતે, આઈટી સચિવ વીરેન્દ્ર સિંહ, સચિવ એન. રામાસ્વામી અને નાસિક વિભાગીય કમિશનર પ્રવીણ ગેડામ તેના સભ્યો હશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પેનલની ભલામણો રાજ્ય માટે એક વ્યાપક નીતિનો આધાર બનાવશે.

ગયા મહિને, સંસદના બંને ગૃહોએ જાહેર પરીક્ષા સુધારા બિલ પસાર કર્યું, જેના થોડા દિવસો પછી કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને નીટ પેપર લીક અને અન્ય પરીક્ષા સંબંધિત ગેરરીતિઓ અંગે કૉક્રોચ જનતા પાર્ટીના નેતૃત્વમાં યુવાનો દ્વારા કરવામાં આવેલા ભારે વિરોધ પ્રદર્શનો વચ્ચે રાજીનામું આપ્યું હતું.

મહારાષ્ટ્રમાં પહેલાથી જ આ મુદ્દા પર પોતાનો અલગ કાયદો હોવા છતાં, ફડણવીસે અધિકારીઓને આગામી પખવાડિયામાં રાજ્યમાં વધુ કડક કેન્દ્રીય કાયદાનો વિસ્તાર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો છે, એમ પ્રકાશનમાં જણાવાયું છે.

મુખ્ય પ્રધાને અધિકારીઓને ભરતી પરીક્ષાઓ યોજવા માટે મહારાષ્ટ્રમાં ઓછામાં ઓછા ૨૫,૦૦૦ સુરક્ષિત વર્ગખંડો સ્થાપિત કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો, એમ તેમાં જણાવાયું છે. ■

# રક્તદાતાઓને બ્રાન્ડેડ ઘડિયાળોનું વિતરણ કરવામાં આવ્યું: મુંબઈ એફડીએ

મુંબઈ: મુંબઈમાં યોજાયેલા રક્તદાન શિબિરમાં રક્તદાતાઓને બ્રાન્ડેડ ઘડિયાળોનું વિતરણ કરવામાં આવ્યું હોવાની પુષ્ટિ થયા બાદ, રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ આ મામલો સ્ટેટ બ્લડ ટ્રાન્સફ્યુઝન કાઉન્સિલ (એસબીટીસી)ને સોંપ્યો છે. એફડીએ એ એસબીટીસી ને સંબંધિત લોકો સામે જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું છે. એસબીટીસીના નિયામક ડૉ. સુહાસ મોહનાલકર પ્રતિક્રિયા આપવા માટે ઉપલબ્ધ નહોતા.

મુંબઈના અલ્ટામાઉન્ટ રોડ પર, 'યંગ સ્ટાર કમિટી' દ્વારા સર જે.જે. હોસ્પિટલ અને રેડ ક્રોસ/નાયર હોસ્પિટલ સાથે સંકળાયેલી બ્લડ બેંકના સહયોગથી ૯ એપ્રિલના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

એફડીએની એક સ્વતંત્ર તપાસમાં જાણવા મળ્યું છે કે શિબિરમાં ભાગ લેનારા રક્તદાતાઓએ રક્તદાન કર્યા બાદ ઘડિયાળો મળી હોવાની પુષ્ટિ કરી હતી. આ બાબત આયોજકોના અગાઉના લેખિત નિવેદનથી વિપરીત હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કોઈ ભેટ કે ઈનામનું વિતરણ કરવામાં આવ્યું નથી. આ તપાસ ૧૮ એપ્રિલે 'આપલે સરકાર' પોર્ટલ પર દાખલ કરવામાં આવેલી ફરિયાદ અને ત્યારબાદ આ મુદ્દે આવેલા સમાચાર અહેવાલને પગલે હાથ ધરવામાં આવી હતી.

એફડીએ એ સ્વૈચ્છિક રક્તદાન માટેની 'નેશનલ બ્લડ ટ્રાન્સફ્યુઝન કાઉન્સિલ'ની માર્ગદર્શિકાનો ઉલ્લેખ કર્યો જેમાં જણાવાયું છે કે રક્તદાતાઓને ભેટ કે પ્રલોભન આપવું અનુચિત છે. આવા પ્રલોભનોને 'ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ રૂલ્સ, ૧૯૪૫'નું ઉલ્લંઘન ગણવામાં આવે છે અને આ પ્રતિબંધનું ઉલ્લંઘન કરતા આયોજકો સામે નિયમનકારી કાર્યવાહી થઈ શકે છે. ■

# મહારાષ્ટ્ર સરકાર કોન્ટ્રેક્ટરોની ગુણવત્તા અને સમયમર્યાદાનું મૂલ્યાંકન કરશે

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર કોન્ટ્રાક્ટરોની કામગીરીનું મૂલ્યાંકન કરવાની અને રેટિંગ આપવાની એક પદ્ધતિ દાખલ કરશે જેથી રાજ્યમાં મુખ્ય માળખાગત પ્રોજેક્ટ્સ ઉચ્ચ ગુણવત્તા સાથે, નિર્ધારિત સમયમર્યાદામાં, પારદર્શક રીતે અને વધુ જવાબદારી સાથે પૂર્ણ થાય એમ રાજ્યના પ્રધાનએ જણાવ્યું હતું. આ વ્યવસ્થા કોન્ટ્રાક્ટરોની કામગીરીનું મૂલ્યાંકન વધુ પારદર્શક, ઉદ્દેશ્યપૂર્ણ અને પુરાવા આધારિત બનાવશે. સિવાય વ્યક્તિલક્ષી નિર્ણયોથી ઊભા થતા બિનજરૂરી વિવાદોને ઘટાડવામાં મદદ કરશે.

જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી)ના પ્રધાન શિવેન્દ્ર સિંહ ભોસલેએ બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કોન્ટ્રાક્ટરોની કામગીરીનું મૂલ્યાંકન કરવાની અને તે મુજબ રેટિંગ આપવાની એક નવી પદ્ધતિ શરૂ કરવામાં આવશે. પીડબ્લ્યુડી દ્વારા બુધવારે આ અંગે સરકારી ઠરાવ (જીઆર) જારી કરવામાં આવ્યો હતો.

વર્તમાન સમયમાં ટેન્ડર પ્રક્રિયા દરમિયાન કોન્ટ્રાક્ટરોની ટેક્નિકલ અને નાણાકીય ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ ઉપરાંત, પ્રોજેક્ટ અમલમાં મૂકતી વખતે કોન્ટ્રાક્ટરોની થયેલી કામગીરીનું મૂલ્યાંકન કાર્યની ગુણવત્તા, નિર્ધારિત સમયમર્યાદાનું પાલન, સલામતીનાં પગલાં, કરારની શરતોનું પાલન અને એકંદર પ્રોજેક્ટ મેનેજમેન્ટ જેવા પરિમાણોના આધારે કરવામાં આવશે. (પીટીઆઈ)■

# ટીએમટીના ઈ-બસના કાફલાને ૪૩૦ કરોડની ખાધ

## ભાડામાં વધારાનો પ્રસ્તાવ

થાણે: શહેરી પ્રદૂષણ ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે ૧૮૦ વાતાનુકૂલિત ઇલેક્ટ્રિક બસો શરૂ કરવાની થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન (ટીએમસી) અને થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ (ટીએમટી)ની પહેલ સ્થાનિક નાગરિકો અને મ્યુનિસિપલ ભંડોળ પર ભારે આર્થિક બોજ નાખનારી સાબિત થશે. સત્તાવાર અહેવાલ અનુસાર, ૧૨ વર્ષના કરારના સમયગાળા દરમિયાન ૧૮૦ એસી ઇલેક્ટ્રિક બસોના કાફલાના સંચાલન અને જાળવણી પાછળ અંદાજે રૂ. ૧,૦૯૬.૩૬ કરોડનો ખર્ચ થશે. તેની તદ્દન વિપરીત, સમાન સમયગાળામાં ટિકિટના વેચાણ દ્વારા થનારી કુલ આવક માત્ર રૂ. ૬૬૬.૧૧ કરોડ રહેવાનો અંદાજ છે. પરિણામે કરોડો રૂપિયાની જંગી ખાધ ઊભી થશે જેનો બોજ આખરે ટીએમસીને માથે આવશે.

આ ખાધને સરભર કરવા માટે, પરિવહન સંચાલકોએ પેસેન્જર બસના ભાડામાં વધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જો મંજૂરી મળશે, તો ભાડામાં વધારો વાર્ષિક ખાધમાં આશરે રૂ.૧૯ કરોડનો ઘટાડો કરી શકે છે, જેનાથી સરેરાશ વાર્ષિક નુકસાન ઘટીને લગભગ રૂ.૧૬ કરોડ થઈ જશે.જોકે, જુલાઈ ૨૦૧૫ પછી ટીએમટીના ભાડાના દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

૧૫મા નાણાં પંચની 'ક્લીન એર એક્શન પ્લાન' (સ્વચ્છ હવા કાર્ય યોજના) હેઠળ, ઈ-બસો ખરીદવા માટે ટીએમસી ને રૂ.૬૪.૫૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, જે પ્રતિ બસ આશરે રૂ.૩૫.૮૪ લાખ થાય છે. વાહનોના સંચાલન ખર્ચ ઉપરાંત, મુખ્ય ડેપો પર ચાર્જિંગ સ્ટેશનો, વિદ્યુત સ્થાપનો અને સિવિલ કામો માટે મોટા પાયે મૂડી રોકાણની જરૂર પડે છે. આ બધું જોતા આ વાતાનુકૂલિત ઇલેક્ટ્રિક બસો ધોળો હાથી સાબિત થાય એવી શક્યતા છે. ■

# યુવકને ડ્રગ્સ કેસમાં ફસાવવાની ધમકી આપી, તેની સોનાની ચેન આંચકી: બે જણ પકડાયા

મુંબઈ: બોરીવલી પશ્ચિમના ગોરાઇ વિસ્તારમાં પોલીસના સ્વાંગમાં ૧૮ વર્ષના યુવકને આંતર્યા બાદ તેને ડ્રગ્સના કેસમાં ફસાવવાની ધમકી આપી તેની સોનાની ચેન આંચકવાના મામલામાં બે જણની ધરપકડ કરવામાં આવી હતી.

બોરીવલી પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ રોહન ઉમેશ રેડકર અને વિર્તિક રવીન્દ્ર ચૌહાણ તરીકે થઇ હતી. બંને આરોપી પાસેથી બે લાખ રૂપિયાની સોનાની ચેન જપ્ત કરાઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ફરિયાદી વેદાંત મહેતા (૧૮) ૧૦ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ ગોરાઇમાં પાલિકાના ગાર્ડનના ગેટ પાસે હતો ત્યારે મોટરસાઇકલ પર આવેલા આરોપીએ તેને આંતર્યો હતો અને પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી. તેણે વેદાંતને લાફો માર્યો હતો અને ડ્રગ્સના કેસમાં ફસાવવાની ધમકી આપીને પતાવટ માટે રૂપિયાની માગણી કરી હતી. વેદાંત પૈસા ન આપતાં આરોપી તેની બે લાખ રૂપિયાની સોનાની ચેન આંચકી ફરાર થયો હતો. આ પ્રકરણે ગુનો દાખલ કરાયા બાદ પોલીસે મોટરસાઇકલસવારને અનમોલ કોરડે તરીકે ઓળખી કાઢ્યો હતો, જેના બે સાથીદાર રોહન અને વિર્તિકની આ ગુનામાં સંડોવણી સામે આવી હતી. બંને જણને બાદમાં ઝડપી પાડવામાં આવ્યા હતા. ■

# લદાખમાં બ્લેક-નેક્ડ ક્રેન્સ અને વન્યજીવોને બચાવવા માટે કૂતરાઓનું વંધ્યીકરણ

મુંબઈ: બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (બીએનએચએસ) એ લદ્દાખમાં 'બ્લેક-નેક્ડ ક્રેન્સ' (કાળી ગરદનવાળા સારસ) અને અન્ય વન્યજીવોને બચાવવા માટે ૨,૯૫૦થી વધુ કૂતરાઓની નસબંધી કરી છે. સ્થાનિકો આ પક્ષીઓને પવિત્ર અને શાંતિના પ્રતીક માને છે. સંસ્થાએ બુધવારે આ માહિતી આપી હતી.

એક નિવેદનમાં જણાવ્યા અનુસાર, બીએનએચએસ એ ૨૦૨૨માં ભારતીય સેના, પશુપાલન વિભાગ અને વન, ઇકોલોજી અને પર્યાવરણ વિભાગ સાથે મળીને આ પહેલ શરૂ કરી હતી.

બીએનએચએસ એ એક નિવેદનમાં જણાવ્યું છે કે, લદ્દાખના આલ્પાઇન વેટલેન્ડ્સમાં રખડતાં કૂતરાઓ 'બ્લેક-નેક્ડ ક્રેન' ના માળા બાંધવામાં ખલેલ પહોંચાડે છે,તેમના ઈંડા અને બચ્ચાંનો શિકાર કરે છે અને તેઓ આ પક્ષીઓને માળા બાંધવા માટે કોઈ એક જગ્યાએ સ્થિર પણ થવા દેતા નથી. તેમના પ્રજનન વર્તનમાં ફેરફાર લાવે છે, જેના પરિણામે પ્રજનન સફળતામાં ઘટાડો થાય છે. જેથી લાંબે ગાળે તેમના અસ્તિત્વ પર જોખમ ઊભું થયું છે. આ પ્રજાતિને 'સંવેદનશીલ' શ્રેણીમાં મૂકવામાં આવી છે અને તેની વૈશ્વિક વસ્તી ૧૧,૦૦૦ થી ૧૨,૦૦૦ જેટલી છે, જેમાંથી મોટા ભાગના તિબેટના ઊંચાઈવાળા પ્રદેશમાં જોવા મળે છે. એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, ભારતમાં લદ્દાખના રાજ્ય પક્ષી એવા 'બ્લેક-નેક્ડ ક્રેન' ની સંખ્યા ૧૦૦થી પણ ઓછી છે. કાળી-ગરદનવાળા સારસ પક્ષીઓને પવિત્ર તેમજ શાંતિ અને સૌભાગ્યના પ્રતીક માનવામાં આવે છે. વસંતમાં તેમનું આગમન પરંપરાગત રીતે નવસર્જન અને કૃષિ-ઋતુની શરૂઆતના સંકેત તરીકે જોવામાં આવે છે. ■

# મહારાષ્ટ્ર સરકારની આઈટી પ્રોજેક્ટ્સ અને સર્વિસીસ માટે સાડા પાંચ કરોડના ખર્ચને મંજૂરી

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે સાયબર સુરક્ષા ઓડિટ અને કન્સલ્ટન્સી સર્વિસીસને આવરી લેતા વિવિધ આઇટી પ્રોજેક્ટ્સ અને સેવાઓ જાળવવા માટે રૂ. ૫.૪૭ કરોડના ખર્ચને મંજૂરી આપી છે. પ્રોજેક્ટ અમલીકરણ સમિતિની ૨૪ જુલાઈની બેઠકમાં દરખાસ્તો પર નિર્ણયો લેવાયા હતા બાદ ઇલેક્ટ્રોનિક્સ, માહિતી ટેકનોલોજી અને કૃત્રિમ ગુપ્તચર વિભાગે બુધવારે એક આદેશ જારી કર્યો હતો.

કુલ મંજૂર થયેલા રૂ. ૫,૪૭,૦૩,૮૮૦ રૂપિયાના ખર્ચમાં સૌથી વધુ રકમ રૂ. ૩,૧૬,૩૦,૭૪૫ છે જે નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર (એનઆઈસી) દ્વારા રાજ્ય સેતુ સોસાયટી દ્વારા કરવામાં આવેલા ખર્ચ માટે છે. આ રકમમાં ટેક્સનો સમાવેશ થાય છે. સરકારે મહારાષ્ટ્ર સાયબર ક્રાઈમ સિક્યુરિટી કોર્પોરેશન (એમસીસીએસસી) દ્વારા મહારાષ્ટ્ર સરકારના દસ મુખ્ય ડિજિટલ પોર્ટલના સાયબર સુરક્ષા ઓડિટ માટે રૂ. ૮૧ લાખને પણ મંજૂરી આપી છે. આ રકમમાં રૂ. ૫૧ લાખનો પ્રારંભિક ઓડિટ ખર્ચ અને ત્રણ વર્ષ માટે રૂ. અઢી લાખના ત્રિમાસિક જાળવણી ખર્ચનો સમાવેશ થાય છે. એમાં ટેક્સની ગણતરી નથી કરવામાં આવી. એમસીસીએસસી દ્વારા મહાસારથી પોર્ટલના સાયબર સુરક્ષા ઓડિટ માટે રૂ. ૫૪ લાખ સાત હજાર ૫૦૦ના ખર્ચને પણ મંજૂરી આપવામાં આવી હતી.

આદેશ અનુસાર ૧ જૂન, ૨૦૨૬ થી ૧૧ મહિના માટે મુખ્ય પ્રધાન સચિવાલય માટે કન્સલ્ટન્સીમાં કામ કરનારા લોકો માટે કરવેરા સિવાયના ૨૨ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા. (પીટીઆઈ)■

# મરાઠા અનામત: બંધારણની મર્યાદા બહાર કોઈ નિર્ણય નહીં લેવાય, ફડણવીસની સ્પષ્ટતા

મુંબઈ: મહારાષ્ટ્રમાં મરાઠા અનામત અને કુણબી પ્રમાણપત્રને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે આજે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સરકારનું વલણ સ્પષ્ટ કર્યું છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર વિવિધ સમાજોની અનામત સંબંધિત માગણીઓ સાંભળશે, પરંતુ કોઈ પણ નિર્ણય માત્ર બંધારણ અને કાયદાની મર્યાદામાં રહીને જ લેવામાં આવશે.

બંધારણીય જોગવાઈઓથી બહારની કોઈપણ માગ સ્વીકારવામાં નહીં આવે. સરકાર એક સમાજનો હક છીનવીને બીજા સમાજને આપશે નહીં અને મરાઠા, ઓબીસી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા ભટકતી-વિમુક્ત જાતિઓ સહિત તમામ સમાજોને ન્યાય આપવાની સરકારની પ્રતિબદ્ધતા હોવાની સ્પષ્ટતા પણ તેમણે કરી હતી

ફડણવીસે કહ્યું કે સરકાર કોઈપણ પ્રકારના દબાણમાં આવીને અથવા નિયમોથી વિપરીત નિર્ણય નહીં લે. જો કોઈ માગણી જનહિતમાં હોય અને બંધારણીય મર્યાદામાં આવતી હોય તો તેના પર વિચાર કરવામાં આવશે, પરંતુ બંધારણની મર્યાદા બહારની માગણી સ્વીકારવામાં નહીં આવે. સરકાર સૌની વાત સાંભળે છે અને કાયદા મુજબ જ આગળ વધશે.

મુખ્ય પ્રધાને મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે દ્વારા કુણબી પ્રમાણપત્રની રજૂઆતને તપાસ માટે સંબંધિત વિભાગ પાસે મોકલવાના નિર્ણયનો પણ બચાવ કર્યો હતો. તેમણે કહ્યું કે પ્રધાન તરીકે ફરિયાદો અને રજૂઆતોને સંબંધિત વિભાગ પાસે તપાસ માટે મોકલવી તેમની જવાબદારી છે.

વિભાગ માત્ર રજૂઆતના આધારે નહીં, પરંતુ ઉપલબ્ધ પુરાવાઓના આધારે પણ નિર્ણય લે છે. આ મામલાની તપાસ કરતી સમિતિ સરકારથી સ્વતંત્ર છે અને તેને ન્યાયિક સત્તા પણ આપવામાં આવી છે. સમિતિના નિર્ણયથી અસંતુષ્ટ વ્યક્તિ તેના વિરુદ્ધ અપીલ સત્તા સમક્ષ જઈ કરી શકે છે

મરાઠવાડામાં તાજેતરમાં કેટલાક મરાઠા-કુણબી જાતિ પ્રમાણપત્રો રદ કરવામાં આવ્યા બાદ આ મુદ્દો ફરી ઉગ્ર બન્યો છે. મરાઠા આરક્ષણ આંદોલનના નેતા મનોજ જરાંગે પાટીલ સરકાર સામે સતત આક્રમક વલણ અપનાવી રહ્યા છે. ■


# ૧૪ વર્ષ અને ૧૬,૦૦૦ કરોડના ખર્ચા પછી મુંબઈ-ગોવા હાઈવે પર 'ખાડારાજ'

મુંબઈ: ભારે ચોમાસા પછી ફરી એક વખત મુંબઈ સહિત મહારાષ્ટ્રના રસ્તાઓની બિસ્માર હાલત અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. મુંબઈ-ગોવા હાઈવે (NH-૬૬) પર ટોલની વસૂલાત શરૂ થતાં જ સ્થાનિક વાહનચાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. વર્ષોથી ચાલી રહેલા બાંધકામ અને આશરે રૂ. ૧૬,૦૦૦ કરોડના ખર્ચ છતાં હાઈ-વેના અનેક ભાગોમાં ખાડા, પાણી ભરાવું, ટ્રાફિક જામ અને મરમ્મત કામકાજની સમસ્યાઓ યથાવત્ છે. આવી સ્થિતિમાં પનવેલ-પેણ વચ્ચેના ખારપાડા ટોલ પ્લાઝા પર રૂ. ૧૦૦ ટોલ વસૂલાત શરૂ થતાં સ્થાનિકોએ તેનો વિરોધ શરૂ કર્યો છે. કેટલાક વાહનચાલકો તો ટોલ ચૂકવવાનું ટાળવા માટે હાઈ-વેનો બહિષ્કાર કરી સર્વિસ રોડનો ઉપયોગ કરી રહ્યા છે.

ટોલ ચૂકવ્યા બાદ પણ રસ્તાની સ્થિતિમાં કોઈ ખાસ સુધારો ન જોવા મળતા વાહનચાલકો સવાલ કરી રહ્યા છે કે જ્યારે હાઈવે પર મુસાફરી જ મુશ્કેલ બની રહી છે ત્યારે ટોલ શા માટે ચૂકવવો? ચોમાસાના પ્રથમ વરસાદ બાદ નવા બનાવાયેલા ડામર અને સિમેન્ટ-કોંક્રિટના રસ્તા પર પણ ખાડા પડતા રસ્તાની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. અનેક સ્થળે સમારકામને કારણે વાહનવ્યવહાર ધીમો પડ્યો છે અને ટ્રાફિક જામની સમસ્યા પણ વધી છે. આ પ્રકરણે વડખાલના રહેવાસી વિશ્વજીત પાટીલે જણાવ્યું હતું કે, અમે ટોલ તરીકે રૂ. ૧૦૦ ચૂકવીએ છીએ, પરંતુ બદલામાં કેવી સેવા મળી રહી છે? રસ્તાઓ હજુ પણ ખાડાઓથી ભરેલા છે અને સમારકામ શરૂ હોવાને કારણે ટ્રાફિક પણ વધે છે. તેમણે જણાવ્યું કે થોડા દિવસ પહેલાં ટ્રાફિક જામના કારણે તેમને કામ પર પહોંચવામાં બે કલાકનો વિલંબ થયો હતો.

સંગમેશ્વર સહિતના કેટલાક વિસ્તારોમાં રિટેનિંગ વોલ ધોવાઈ જવા અને વરસાદી પાણીના નિકાલની પૂરતી વ્યવસ્થા ન હોવાની ફરિયાદો પણ સામે આવી છે. બીજી તરફ, તારા ગામ નજીક પુલ પર ચાલી રહેલા સમારકામને કારણે પણ ટ્રાફિક જામ સર્જાયો હતો. ■

# પુરુષ



## આધુનિક મૂડીબજારના અગ્રણી ઘડવૈયા

# આશિષકુમાર ચૌહાણ

feedback@bombaysamachar.com
વિશેષ
મનહર ચોકસી

‘નૅશનલ સ્ટૉક એક્સચેન્જ ઑફ ઇન્ડિયા (NSE)ના મૅનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર આશિષકુમાર ચૌહાણે ભારતના આધુનિક નાણાકીય બજારના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. નોંધવું રહ્યું કે પાછલાં ૩૫ વર્ષથી વધુના તેમના અનુભવમાં સ્ટૉક એક્સચેન્જ, ટેક્નૉલૉજી, કૉર્પોરેટ મૅનેજમેન્ટ, નાણાકીય બજાર, શિક્ષણ અને જાહેર નીતિ જેવાં વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

આઇઆઇટી બૉમ્બે અને આઇઆઇટી કલકત્તાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ચૌહાણે ૧૯૯૧માં આઇડીબીઆઇ સાથે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદ તે NSEની સ્થાપના માટે બનાવવામાં આવેલી મુખ્ય ટીમમાં સામેલ થયા હતા.

વર્ષ ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં ભારતનાં શૅરબજારો મુખ્યત્વે પરંપરાગત ફ્લોર ટ્રેડિંગ પર આધારિત હતાં અને તેમાં ગેરરીતિ અને અકાર્યક્ષમતાનું જોખમ હતું. આ તબક્કે આશિષભાઈએ સંપૂર્ણપણે ઑટોમેટેડ, સ્ક્રીન આધારિત અને દેશવ્યાપી ટ્રેડિંગ સિસ્ટમ ઊભી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

આ પરિવર્તનથી શૅરબજારમાં પારદર્શિતા, ઝડપ અને સામાન્ય રોકાણકારોની બજાર સુધીની પહોંચમાં મોટો સુધારો થયો. NSEનાં પ્રારંભિકનાં વર્ષોમાં તેમણે અનેક મહત્ત્વપૂર્ણ પહેલોમાં યોગદાન આપ્યું હતું, જેમાં નિફ્ટી ઇન્ડેક્સ, આધુનિક એક્સચેન્જ આધારિત ડેરિવેટિવ્સ, એનએસઈ સર્ટિફિકેશન ઇન ફાઇનાન્શિઅલ માર્કેટ્સ અને ક્લિયરિંગ તથા ડિપોઝિટરી જેવી મહત્ત્વપૂર્ણ બજાર વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે.

નાણાકીય ડેરિવેટિવ્સના વિકાસમાં તેમના યોગદાનને કારણે તેમને ભારતમાં ‘ડેરિવેટિવ્સના જનક’ તરીકે પણ ઓળખવામાં આવે છે. વર્ષ ૨૦૦૦માં NSE છોડ્યા બાદ ચૌહાણ રિલાયન્સ ગ્રુપ સાથે જોડાયા અને ગ્રુપ ચીફ ઇન્ફૉર્મેશન ઑફિસર તરીકે કામ કર્યું. તેમણે વિવિધ વ્યવસાયોમાં મોટા ટેક્નૉલૉજી પ્રોજેક્ટ્સનું નેતૃત્વ કર્યું અને તે સમયની ભારતની સૌથી મોટી એસએપી અમલીકરણ પ્રક્રિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. વર્ષ ૨૦૦૬માં તે રિલાયન્સ પેટ્રોલિયમના આઇપીઓ સાથે પણ જોડાયેલા હતા. આ આઇપીઓમાં લાખો અરજીઓ આવી હતી અને ઇસ્યૂ મોટા પ્રમાણમાં ઓવરસબ્સ્ક્રાઈ થયો હતો. ત્યારબાદ તેમણે ‘મુંબઈ ઇન્ડિયન્સ ક્રિકેટ ટીમ’નાં શરૂઆતનાં વર્ષોમાં સીઈઓ તરીકે પણ સેવા આપી હતી.

વર્ષ ૨૦૦૯માં ચૌહાણ BSEના મૅનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ બન્યા. તેમણે એક દાયકા દરમિયાન એશિયાના સૌથી જૂના સ્ટૉક એક્સચેન્જને આધુનિક અને ટેક્નૉલૉજી આધારિત સંસ્થામાં પરિવર્તિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તેમના નેતૃત્વ હેઠળ BSEએ ટ્રેડિંગ, ક્લિયરિંગ અને રિસ્ક મૅનેજમેન્ટ સિસ્ટમમાં મોટા ટેક્નૉલૉજિકલ સુધારા કર્યા અને પ્રતિસાદનો સમય માત્ર છ માઇક્રોસેકન્ડ સુધી ઘટાડ્યો. BSEએ ઇક્વિટી ઉપરાંત કરન્સી, કૉમોડિટી અને વ્યાજદરના ડેરિવેટિવ્સ ક્ષેત્રમાં પણ વિસ્તરણ કર્યું. ૨૦૧૭માં BSEનો આઇપીઓ પણ સફળ રહ્યો અને તે ૫૧ ગણાથી વધુ ઓવરસબ્સ્ક્રાઇબ થયો હતો.

BSEમાં કામ કરતી વખતે ચૌહાણે નાણાકીય સમાવેશ (ફાઇનાન્શિઅલ ઇન્ક્લુઝન)ને પણ પ્રોત્સાહન આપ્યું. તેમણે બીએસઈ સ્ટાર મ્યુચ્યુઅલ ફંડ પ્લૅટફૉર્મ શરૂ કર્યું, જેના કારણે રિટેલ રોકાણકારો માટે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવું સરળ બન્યું. નાના અને મધ્યમ ઉદ્યોગોને મૂડી મેળવવામાં મદદ કરવા માટે એસએમઈ પ્લૅટફૉર્મના વિકાસને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું. કૉર્પોરેટ સોશ્યલ રિસ્પૉન્સિબિલિટી (સીએસઆર) માટે ‘સન્માન’ પ્લૅટફૉર્મ દ્વારા કંપનીઓને વિશ્વસનીય સંસ્થાઓ શોધવામાં અને સીએસઆર ફંડનું નિરીક્ષણ કરવામાં મદદ મળી.

વર્ષ ૨૦૨૨માં ચૌહાણ ફરી NSE સાથે મૅનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ તરીકે જોડાયા. તેમનાં મુખ્ય લક્ષ્યોમાં કૉર્પોરેટ ગવર્નન્સ, નિયમોનું પાલન, જોખમ વ્યવસ્થાપન અને માહિતી સુરક્ષાને મજબૂત બનાવવાનો સમાવેશ થાય છે. તેમના નેતૃત્વ હેઠળ NSEનો ટ્રેડ અને ઇન્વેસ્ટર્સ બેઝ નોંધપાત્ર રીતે વધ્યો છે. NSE સાથે હવે ૧૨.૮ કરોડથી વધુ ઇન્ડિવિડ્યુઅલ ઇન્વેસ્ટર્સ અને આશરે ૨૫ કરોડ ઇન્વેસ્ટર્સ અકાઉન્ટ્સ જોડાયેલાં છે. રોકાણકારોની પહોંચ ભારતના ૯૯.૮૫ ટકા પિન કોડ સુધી પહોંચી છે.

ટેક્નૉલૉજી અને મજબૂત વ્યવસ્થા ચૌહાણના નેતૃત્વના મુખ્ય આધાર રહ્યા છે. NSEએ ડેટા સેન્ટર, પ્રાઇવેટ ક્લાઉડ, સાઇબર સુરક્ષા અને ડિઝાસ્ટર રિકવરી સિસ્ટમમાં મોટા પ્રમાણમાં રોકાણ કર્યું છે. ભારતે ૨૦૨૩માં ટી પ્લસ વન સેટલમેન્ટ સિસ્ટમ અપનાવી અને ત્યારબાદ વૈકલ્પિક ટી પ્લસ ઝીરો સેટલમેન્ટની શરૂઆત કરવામાં આવી. વર્ષ ૨૦૨૬માં NSEએ નેનો-સેકન્ડ સ્તરે ઑર્ડર સ્વીકૃતિની સુવિધા શરૂ કરી, જેનાથી ટ્રેડિંગની ઝડપ અને કાર્યક્ષમતામાં વધુ વધારો થયો.

આશિષકુમાર ચૌહાણે ભારતીય નાણાકીય બજારને ગ્લોબલ માર્કેટ સાથે જોડવામાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ગિફ્ટ નિફ્ટીના વિકાસથી આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટે લાંબા સમય સુધી ટ્રેડિંગની સુવિધા ઉપલબ્ધ થઈ છે અને ભારતને વૈશ્વિક નાણાકીય કેન્દ્ર તરીકે મજબૂત બનાવવામાં મદદ મળી છે. તેમણે સોશ્યલ સ્ટૉક એક્સચેન્જને પણ પ્રોત્સાહન આપ્યું છે, જેના દ્વારા નૉન-પ્રૉફિટ મેકિંગ ઇન્સ્ટિટ્યૂટ્સ નિયમિત અને પારદર્શક વ્યવસ્થા હેઠળ મૂડી મેળવી શકે છે.

એસએમઈ અને સ્ટાર્ટઅપ ક્ષેત્ર પણ તેમની પ્રાથમિકતાઓમાં સામેલ છે. NSE ઇમર્જ પ્લૅટફૉર્મને આધારે અનેક નાની કંપનીઓએ આઇપીઓ મારફત મૂડી ઊભી કરી છે. આથી નાનાં શહેરો અને ટિયર-૨ તથા ટિયર-૩ વિસ્તારોની કંપનીઓને વિકાસ, નવીનતા અને રોજગાર સર્જન માટે ભંડોળ મેળવવામાં મદદ મળી છે. NSEએ કૉમોડિટી અને એનર્જી માર્કેટમાં પણ વિસ્તરણ કર્યું છે. ઇલેક્ટ્રૉનિક ગોલ્ડ રિસીપ્ટ્સની શરૂઆતથી ભૌતિક સોનાને વધુ પારદર્શક અને નિયમિત નાણાકીય વ્યવસ્થા સાથે જોડવાનો પ્રયાસ થયો છે.

કૉર્પોરેટ ગવર્નન્સ પણ ચૌહાણની નેતૃત્વ વિચારધારાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. આશિષકુમાર માને છે કે નાણાકીય બજારનું સૌથી મહત્ત્વપૂર્ણ ઉત્પાદન માત્ર મૂડી નહીં, પરંતુ વિશ્વાસ છે. તેમનો અભિગમ મજબૂત ગવર્નન્સ, પારદર્શક માહિતી અને રોકાણકારોનાં હિતોના રક્ષણ પર આધારિત છે. ભારતના વિકાસ માટે મૂડી ઊભી કરવી પણ તેમના વિઝનનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. તેમના નેતૃત્વ હેઠળ NSEએ કંપનીઓ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એમએસએમઈ અને અર્થતંત્રનાં અન્ય ક્ષેત્રો માટે મોટા પ્રમાણમાં ઇક્વિટી અને ડેટ મૂડી એકત્ર કરવામાં મદદ કરી છે. સામાન્ય ભારતીયોની શૅરબજારમાં વધતી ભાગીદારીને કારણે ઘરેલું બચતનો વધુ હિસ્સો નાણાકીય સંપત્તિમાં પરિવર્તિત થયો છે.

આગામી સમયમાં આશિષકુમાર ચૌહાણ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ-AIને નાણાકીય બજાર અને સમગ્ર અર્થતંત્રમાં પરિવર્તન લાવનાર મહત્ત્વપૂર્ણ શક્તિ તરીકે જુએ છે. એનએસઇમાં AIનો ઉપયોગ નિયમનકારી પ્રક્રિયાઓ ઝડપી બનાવવા, દસ્તાવેજોનું વિશ્લેષણ કરવા, એન્જિનિયરોને મદદ કરવા અને સાઇબર સુરક્ષા સુધારવા માટે થઈ રહ્યો છે.

નાણાકીય બજાર ઉપરાંત આશિષકુમાર શિક્ષણ, જાહેર નીતિ અને નાણાકીય સાક્ષરતા ક્ષેત્રે પણ સક્રિય છે. તે વવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી તથા નિયમનકારી સમિતિઓ સાથે જોડાયેલા છે. ૨૦૨૫માં NSEએ ૨૨,૯૦૦થી વધુ રોકાણકાર જાગૃતિ કાર્યક્રમો યોજ્યા હતા, જેમાં લગભગ ૧૨ લાખ લોકો સુધી નાણાકીય જાગૃતિ પહોંચાડવામાં આવી હતી.

આમ સમગ્ર રીતે જોઈએ તો આશિષકુમાર ચૌહાણની કારકિર્દી ભારતના મૂડી બજારના પરંપરાગત અને વિખરાયેલા તંત્રમાંથી ટેક્નૉલૉજી આધારિત, પારદર્શક અને વ્યાપક રીતે ઉપલબ્ધ નાણાકીય વ્યવસ્થામાં થયેલા પરિવર્તન સાથે જોડાયેલી છે. તેમનું નેતૃત્વ ટેક્નૉલૉજી, ગવર્નન્સ, ઇન્વેસ્ટર્સ કૉન્ફિડેન્સ અને ફાઇનાન્શિઅલ ઇનક્લુઝનને સાંકળે છે. તેમનો મુખ્ય વિચાર એ છે કે મજબૂત નાણાકીય સંસ્થાઓ માત્ર સંપત્તિનું સર્જન જ નહીં, પરંતુ આર્થિક વિકાસના લાભોને સમાજના વધુ મોટા વર્ગ સુધી પહોંચાડવામાં પણ મદદરૂપ થવી જોઈએ. ■




# સંધ્યા છાયા


## સમાજે તમને સક્ષમ બનાવ્યા છે તો તમે પણ બીજાને બનાવો!

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

મંદિરે જવું અને દર્શન કરવા, મંદિર બંધાવવાં એ જ માત્ર સેવા નથી. સાચી સેવા તો માનવ સેવા છે. તેથી જ તો આપણે કહીએ છીએ કે ‘જન સેવા એજ પ્રભુ સેવા.’ જે વ્યક્તિ બીમાર હોય તેઓ બહુ પરેશાન હોય છે, સાથે સાથે તેના પરિવારજનો પણ દુઃખી હોય છે. આવા સમયે જો કોઈનો સાથ સહકાર મળી જાય, કોઈ દવા લાગુ પડી જાય તો કેવો હાશકારો થાય! આજે વાત કરવી છે આવો જ હાશકારો કરાવનાર (સ્વ.) શેઠશ્રી મણિકાન્ત મહેતાની.

૯૫ વર્ષની જૈફ ઉંમરે સ્વસ્થતાથી શ્રીજીશરણ થયેલા મણિકાન્તભાઈ આખી જિંદગી સ્વસ્થ, સમૃદ્ધ, સુખી જીવન જીવ્યા. કાપડનો મોટો વ્યવસાય ધરાવનાર, ત્રણ-ચાર દુકાનના આ માલિક પોતાની યુવાન વયથી જ સાદું જીવન જીવતા હતા. ‘સાદું જીવન, ઉચ્ચ વિચાર’ એ જ તેમનો જીવન મંત્ર હતો. તે ડૉક્ટર તો ન હતા, પણ આયુર્વેદમાં તેમને બહુ રસ. આયુર્વેદનાં પુસ્તકોનું વાચન તેમનો શોખ. આયુર્વેદનાં પુસ્તકો વાંચે તેમાં આપેલ પ્રયોગના અખતરા કરે, આપેલ વિધિ પ્રમાણે દવા બનાવે પછી જેને તે તકલીફ હોય તે પ્રમાણે આપે. આમ પણ આ દવાઓની ખાસ આડઅસર હોતી નથી. શરૂઆતમાં પરિવારજનો પર પ્રયોગ કયા પછી તેનું પરિણામ જોઈને પાડોશી, સગાંસંબંધીઓને દવા આપતા. તેમના પરિવારના વૈદરાજ સાથે એમને સારો સંબંધ. વૈદરાજને ત્યાં અઠવાડિયામાં બે-ત્રણ વાર તો મણિકાન્તભાઈ જાય જ. વૈદરાજ સાથે પોતે અભ્યાસ કરેલ દવા, પ્રયોગ વિશે ચર્ચા કરે. જ્યાં ન સમજાય ત્યાં વૈદરાજની સલાહ લે. મણિકાન્તભાઈ આયુર્વેદ પ્રત્યે પૂર્ણપણે સમર્પિત. એમના ત્રણ પુત્ર ધંધામાં સેટલ થઈ ગયા પછી તો તે પોતાનો સંપૂર્ણ સમય આયુર્વેદને જ આપતા.

આયુર્વેદ ઉપરાંત સમાજના લોકોને શિક્ષણ સહાય, વૈદ્યકીય સહાય પણ કરતા. કોઈના પરિવારમાં કંઈ પ્રૉબ્લેમ હોય તો તે સૉલ્વ કરવામાં પણ મદદ કરતા. તેમના પાડોશીની દીકરી સાસરેથી પાછી આવી. સાસરામાં બહુ તકલીફ હતી. પાડોશીએ મણિકાન્તભાઈની મદદ માગી. મણિકાન્તભાઈએ પૂરતી મદદ કરી, દીકરીને છૂટાછેડા અપાવ્યા અને ત્રાસમાંથી મુક્ત કરી. આ પરિવાર જીવનભર તેમનો ઋણી બની ગયો. તે પાંડુરંગ શાસ્ત્રીજીના પણ શિષ્ય. બહુ માને ‘દાદા’ને. પોતાની માલિકીની કેટલીક જમીન તેમણે શાસ્ત્રીજીને દાનમાં આપી દીધી હતી. ગીતાનો અભ્યાસ પણ આ વડીલ કરતા અને ગીતાના નિયમો પ્રમાણે જીવન વ્યતીત કરતા હતા. ખાસ કરીને ‘કર્મ કર ફળની આશા ન રાખ’ આ ઉપદેશ તેમને આકર્ષતો હતો.




આયુર્વેદના અભ્યાસ સાથે આયુર્વેદના પ્રયોગો કરતાં કરતાં મણિકાન્ત દાદાને આયુર્વેદમાં સારો એવો સૂઝકો પડવા માંડ્યો. વિવિધ ફાંકી અને આસવ તે બનાવતા. પરિવાર, સગાંસંબંધી, મિત્રો, પાડોશીઓ તેમની વિદ્યાનો લાભ લેતાં હતાં, પણ ધીમે ધીમે માઉથ પબ્લિસિટી દ્વારા બીજા લોકોને પણ આ વાતની ખબર પડી, એટલે અજાણ્યા લોકો પણ આયુર્વેદની દવા લેવા પહોંચી જતા. તે આ સેવા એક પણ પૈસો લીધા વગર કરતા હતા. ગાંઠનું ગોપીચંદન કરીને પણ જો લોકોની તંદુરસ્તી સુધરતી હોય તો એ માટે કાંઈ પણ કરવા તે તૈયાર રહેતા હતા અને તેમની મહેતન, તેમની નિષ્ઠા રંગ લાવી. તેમની દવાથી લોકોની તકલીફમાં રાહત થવા લાગી. લોકોની લાઇન લાગવા માંડી તેમના ઘરે. હવે કાંઈક વ્યવસ્થા કરવાની આ વૈદ્યરાજ દાદાને જરૂર લાગી. પત્ની સાથે ચર્ચા વિચારણા કરી. પોતાના મોટા ફ્લૅટનો એક રૂમ દવાખાનામાં ફેરવાઈ ગયો. રૂમ અને પૅસેજ મળીને આવનાર દર્દીઓ માટે પોતાનો નંબર આવે ત્યાં સુધી બેસવાની સરસ વ્યવસ્થા થઈ ગઈ. અઠવાડિયામાં બે વાર લોકો મણિકાન્તદાદાની મુલાકાત લઈ શકતા હતા.. દાદાને પત્ની અને પરિવારનો સંપૂર્ણ સહકાર હતો. જીવ્યા ત્યાં સુધી મણિકાન્તભાઈએ આ સેવાયજ્ઞ ચાલુ રાખ્યો હતો. એ પોતે પણ આયુર્વેદના નિયમ પાળતા. આયુર્વેદના નિયમો પ્રમાણે જ તે જીવ્યા. એને જ કારણે જીવ્યા ત્યાં સુધી સ્વસ્થ - તંદુરસ્ત રહ્યા. તેમનાં સંતાનોને પણ તે આયુર્વેદના નિયમો પાળવાનું કહેતા. તેમના ઘરમાં વર્ષો સુધી સાકરનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. સાકરની જગ્યાએ મધનો ઉપયોગ થતો. આવાં તો કેટલાયે નિયમો તેમના ઘરમાં-પરિવારમાં પાળવામાં આવતા હતા. તેમના પરિવારમાં બહારનું-હોટેલનું ખાવાનું મનાઈ હતી. મણિકાન્તભાઈ માનતા હતા કે બહારનું ખાવું એટલે બીમારીને સામે ચાલીને નિમંત્રણ આપવું. તેમના દર્દીઓને પણ તે કહેતા, ‘મારી દવાથી સાજા થવું હોય તો બહારનું બિલકુલ ખાતા નહીં. બહારનું ખાશો તો સાજા થવાના ચાન્સ ઓછા છે.’

જો ઈશ્વરે તમને આપ્યું હોય તો સમાજ માટે કાંઈ કરી છૂટવું જ જોઈએ એવું આ વડીલશ્રીનું માનવું હતું. સમાજે તમને ખૂબ આપ્યું છે, તમે ખૂબ કમાયા છો તો તે ધન તમારા એકલાનું નથી. એ ધનમાં સમાજનો પણ ભાગ છે એવું દૃઢપણે એ માનતા હતા અને આચરણમાં મૂકતા હતા. મણિકાન્તભાઈની આર્થિક સહાયથી ભણીને આગળ વધેલી વ્યક્તિઓને તે સલાહ આપતા, ‘તમે હવે સક્ષમ છો, સમાજે તમને મદદ કરી છે તો તમે ભૂલતા નહીં, હવે તમે બીજાને મદદ કરીને તમારા જેવા સક્ષમ બનાવજો.’ ■

મુંબઈ સમાચાર
YouTube
ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/9J_GZzzhTVo
આજે જ સબસ્ક્રાઈબ કરો અને જોડાયેલા રહો!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈ સમાચાર લાડકી

## ગુજરાતી ફિલ્મનું કોઈ ભવિષ્ય નહોતું ત્યારે મેં ગુજરાતી ફિલ્મ કરી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

(ભાગ: ૩)
નામ: સ્નેહલતા
સમય: ૨૦૨૬
સ્થળ: બાંદ્રા, મુંબઈ
ઉંમર: ૭૧ વર્ષ

૧૯૮૦માં ઉપેન્દ્ર ત્રિવેદી જ્યારે રાજકારણ તરફ વળ્યા ત્યારે શું કરવું એ મને મૂંઝવતું હતું ત્યાં જ ‘ઢોલા મારુ’ની સ્ક્રિપ્ટ આવી. નિર્માતા ગોવિંદભાઈ પટેલ અને દિગ્દર્શક મેહુલકુમાર હતા. એક નવા અભિનેતા નરેશ કનોડિયાને એમાં મારી સાથે સાઇન કરવાની વાત હતી. નરેશ કનોડિયાએ એ પહેલાં ‘જાગ્યા ત્યાંથી સવાર’ નામની ફિલ્મ કરી હતી, પણ એ ફિલ્મ બહુ ચાલી નહોતી. જોકે એ મહેશ કુમાર એન્ડ પાર્ટીના ખૂબ પ્રસિદ્ધ કલાકાર હતા. એમના ભાઈ મહેશ કુમાર અનેક અવાજોમાં ગાતા અને નરેશ કનોડિયા ‘જૉની જુનિયર’ તરીકે કૉમેડી કરતા, સ્ટેજ પર નૃત્ય કરતા. લોકો એમને જાણતા હતા. એ ખૂબ લોકપ્રિય હતા અને વિદેશોમાં પણ અનેક શો કરી ચૂક્યા હતા. હું એમને પહેલીવાર મળી ત્યારે એમની નમ્રતા અને સ્નેહભર્યા વર્તાવથી ખૂબ જ અભિભૂત થઈ. નવા કલાકાર હોવા છતાં મેં એમની સાથે ફિલ્મ કરવાની હા પાડી. નરેશભાઈએ આ વાત જીવનભર યાદ રાખી અને દરેક ઇન્ટરવ્યુમાં મારો ઉલેખ કર્યો. ‘ઢોલા મારુ’ ખૂબ સફળ થઈ. એનાં ગીતો પણ ખૂબ પ્રચલિત થયાં, પણ મને હિન્દી ફિલ્મોમાં ક્યારેય આવી લોકપ્રિયતા કે સ્વીકાર મળ્યો નહીં.

હિન્દી સિનેમાથી કરેલી શરૂઆત મને બહુ ફળી નહીં એવું મારે સ્વીકારવું જોઈએ. રાજેશ ખન્ના સાથે હીરોઈનનો રોલ કર્યા પછી પણ મને હિન્દી ફિલ્મો મળી નહીં. ૧૯૬૯માં બનેલી ફિલ્મ ‘ખામોશી’ના સેટ પર રાજેશ ખન્ના શરમાળ અને શાંત રહેતા. વહીદા રહેમાન જેવી અભિનેત્રીની સામે અમે બધાં જ ઓછું બોલતાં. જોકે, વહીદાજી સાથે મારો એક જ સીન હતો, પરંતુ હું એટલી બધી ડરતી હતી કે બે વખત રિટેક થયા. કૅમેરામૅન કમલ બોસે મારી પાસે આવીને મને કહ્યું, ‘કોઈ અભિનેત્રી મોટી કે નાની નથી હોતી. એ સફળ છે, જાણીતા છે, પરંતુ તું યે કંઈ ઓછી નથી. તારી પૂરી તાકાતથી સીન કર...’ આજે પણ લોકો ‘ખામોશી’નો એ સીન યાદ કરે છે જેમાં સુલેખા નામનું પાત્ર પાગલ થઈ ગયેલા રાજેશ ખન્નાની નર્સને અપમાનિત કરીને કાઢી મૂકે છે. એ વખતે નેગેટિવ રોલ કરવા કોઈ તૈયાર નહોતું ત્યારે મેં નેગેટિવ રોલ કર્યો... હું હંમેશાં પાત્રો અને કથાઓ સાથે પ્રયોગો કરતી આવી છું. પૌરાણિક અને લોકકથા ઉપર આધારિત ફિલ્મોની જબરજસ્ત સફળતા જોઈ રહી હતી ત્યારે મેં સામાજિક ફિલ્મ કરવાની હિંમત કરી. જ્યારે ગુજરાતી ફિલ્મનું કોઈ ભવિષ્ય નહોતું ત્યારે મેં ગુજરાતી ફિલ્મ કરી એટલું જ નહીં, એક અપ્સરાનો-પદ્મિનીનો રોલ કર્યો, જે પોતાના પતિને છોડીને ચાલી જાય છે. એક રીતે તો એ પણ નેગેટિવ જ હતો તેમ છતાં ફિલ્મને જબરજસ્ત સફળતા મળી.


સ્નેહલતા

આજે જિંદગીના સાત દાયકા પસાર કર્યા પછી મેં જે સફળતા અને લોકપ્રિયતા જોઈ છે એ ભાગ્યે જ કોઈ રિજનલ-ભાષાકીય સિનેમાની હીરોઈને જોઈ હશે! એ વખતની સિનેમા સૃષ્ટિ અલગ હતી. ૧૯૬૦ના દાયકાની શરૂઆતમાં ઘણી ગુજરાતી ફિલ્મો બ્લૅક ઍન્ડ વ્હાઇટ બનતી હતી. ૧૯૩૨માં નાનુભાઈ વકીલે ‘સંત નરસિંહ મહેતાનું જીવન’ નામની ફિલ્મ બનાવી. અત્યારે તો આને જ પૂર્ણ લંબાઈની પહેલી ગુજરાતી ફિલ્મ માનવામાં આવે છે. ૧૯૩૧માં ‘આલમ આરા’ બની, પછી ૧૯૩૦થી ૫૦ દરમિયાનની લગભગ બધી જ ફિલ્મો પૌરાણિક, સંતકથાઓ અને લોકકથાઓ પર બનતી રહી. ૧૯૩૪માં બલવંત ભટ્ટે ‘સંસારલીલા’ નામની ફિલ્મ બનાવી જેને કારણે પૌરાણિક વિષયોમાંથી સામાજિક કથાઓ તરફ વળી. બલવંત ભટ્ટે ‘સ્નેહલતા’ નામની ફિલ્મ પણ બનાવી હતી! ‘શેઠ સગાળસા’ અને ‘દીવાદાંડી’ જેવી ફિલ્મો પણ એમણે બનાવી. પારિવારિક વિષયો એ પછી જ લોકપ્રિય થયા. એ સમયની લગભગ બધી ગુજરાતી ફિલ્મો ૩૫ એમ.એમ. ફિલ્મ પર શૂટ થતી. કૅમેરામાં મૅગેઝિન અથવા રોસ્ટોક, અથવા રોલ ચડાવવામાં આવતો. એક મૅગેઝિનમાં સામાન્ય રીતે ૪૦૦ ફૂટ અથવા હજાર ફૂટની ફિલ્મ મળતી. એ ફિલ્મને અંધારામાં ચેન્જિંગ બૅગમાં કાઢી લઈને એમાંથી પહેલાં નેગેટિવ અને પછી પૉઝિટિવ પ્રિન્ટ નીકળતી. કોડાક ઈસ્ટમેન કલર નેગેટિવ ભારતીય સિનેમામાં પ્રચલિત થઈ. એ પહેલાં ગેવા અને આગ્ફા કલર પણ પ્રચલિત હતા. ઈસ્ટમેન કલરમાં રંગો કુદરતી લાગતા. ફિલ્મની સ્પીડ સારી હતી અને લૅબ પ્રોસેસિંગ પણ સરળ બન્યું. મૂળ નેગેટિવ ઉપરથી પ્રિન્ટ બનાવીને સિનેમા થિયેટરમાં પ્રોજેક્ટર ઉપર ચલાવવામાં આવતી. દરેક ફિલ્મની દરેક શહેર માટે અલગ પ્રિન્ટ કાઢવી પડતી. એક જ પ્રિન્ટ વધુ ચાલે તો એમાં સ્ક્રેચ પડે, ધૂળ લાગે, રંગ ફિક્કા પડે કે સ્પીડ આગળ-પાછળ થાય એવું પણ બનતું. એરિફ્લેક્સ ૩૫ આઇઆઇસી નામનો કૅમેરા ખૂબ જાણીતો હતો. બીજો એક ભારે કૅમેરા મિટશેલ હતો, જે મોટેભાગે ટ્રાઇપોડ પર જ રાખવો પડતો અને એનો ઉપયોગ સ્ટુડિયોમાં થતો. આ કૅમેરા ચાલતો હોય ત્યારે અવાજ આવતો, એને કારણે આખી ફિલ્મ ડબ કરવી પડતી. ટંક્શન અને બ્રૂટઆર્કની લાઇટ્સ વપરાતી. સ્ટુડિયોમાં ગરમી પડતી અને કલાકારને ખૂબ મેકઅપ કરવો પડતો. ફિલ્મને જોઈ, કાપી, જોડીને એડિટ કરવી પડતી. સંગીતમાં પણ આખું ઑર્કેસ્ટ્રા સાથે વગાડે અને ગાયક પણ એમની સાથે ગાય એવી રીતે ફિલ્મનું રેકૉર્ડિંગ થતું. આ બધો સમય મેં જોયો છે... ૧૯૭૦થી ૧૯૮૦ના દાયકા દરમિયાન બધી ફિલ્મો સેલ્યુલૉઇડ પર શૂટ થતી, પરંતુ ૧૯૯૦ના સમયમાં ડિજિટલ કૅમેરા અને આધુનિક ટક્નૉલૉજીએ પ્રવેશ કર્યો. ૧૯૮૦ના દાયકામાં ઉપેન્દ્ર ત્રિવેદી સાથે મારી ઘણી ફિલ્મો આવી. અમારી જોડી સફળ અને લોકપ્રિય માનવામાં આવતી. નિર્માતાઓ અને વિતરકો અમારું નામ જોઈને જ ફિલ્મ ખરીદી લેતા. ૧૯૭૪માં ‘હોથલ પદમણી’ આવી એ પછી એકસરખી સુંદર ફિલ્મો આવી. ૧૯૮૧માં અમે ‘ભવભવના ભેરું’ ફિલ્મ સાથે કરી... રવીન્દ્ર દવે જે ખૂબ જ જાણીતા દિગ્દર્શક હતા એ પોતાની હિન્દી ફિલ્મ ‘નગિના’ બનાવી રહ્યા હતા. મુખ્ય કલાકારોની તારીખોમાં પ્રશ્નો ઊભા થયા. સંજય ખાન અને લીના ચંદાવરકરની આ ફિલ્મ વખતે લીનાજીના પતિનું મૃત્યુ થયું. તારીખોની સમસ્યા ઊભી થઈ. રવીન્દ્ર દવેએ યુનિટ અને કૅમેરા બુક કરી લીધાં હતાં અને ફિલ્મનો રોસ્ટૉક ખરીદી લીધો હતો. ફિલ્મનું યુનિટ બેકાર ન બેસી રહે એટલે એમણે ગુજરાતી ફિલ્મ બનાવવાનો નિર્ણય કર્યો. ૧૯૭૧માં ‘જેસલ તોરલ’ બની અને પછી ઉપેન્દ્ર ત્રિવેદી અને રવીન્દ્ર દવેએ ૧૬ ગુજરાતી ફિલ્મો સાથે કરી, જેમાં મોટાભાગની ફિલ્મોમાં હું પણ હતી.

રવીન્દ્ર દવે એક જ દૃશ્ય માટે ઘણા રિહર્સલ કરાવતા, પરંતુ કૅમેરા ચાલુ થયા પછી ઓછા ટેક લેવાનું પસંદ કરતા. તે સમયની મોંઘી ફિલ્મ રીલ બચાવવી પણ એક કારણ હતું, પરંતુ તેઓ માનતા કે કલાકારની પ્રથમ સ્વાભાવિક અભિવ્યક્તિ ઘણી વાર શ્રેષ્ઠ હોય છે. તેઓ ટેક્નિકલ ગુણવત્તા માટે જાણીતા હતા અને ગુજરાતી ફિલ્મોમાં ઈસ્ટમેન કલર તથા વધુ વ્યવસ્થિત નિર્માણ પદ્ધતિ લાવવામાં તેમનો મોટો ફાળો રહ્યો. લોકો તેમને ગુજરાતી સિનેમાના ગુરૂ તરીકે યાદ કરે છે. એ જ રીતે અમારી સાથે રમેશ મહેતાની કૉમેડી પણ લોકપ્રિય થઈ... રમેશ મહેતા પણ રવીન્દ્ર દવેની જેમ અકસ્માતે જ ફિલ્મમાં આવ્યા. ‘જેસલ તોરલ’માં મૂળ હાસ્ય કલાકાર કૃષ્ણકાંત કામ કરવાના હતા. એમની તારીખો પણ લેવાઈ ગઈ હતી, પરંતુ એક નાનકડો અકસ્માત નડવાને કારણે ફિલ્મના શૂટિંગ સાથે એમની તારીખો મૅચ ન થઈ શકી. રવીન્દ્ર દવેએ રમેશ મહેતાને તક આપી ને પછી તો રમેશ મહેતા ગુજરાતી સિનેમાનો ઇતિહાસ બની ગયા.

એ ગાળામાં ગુજરાતી સિનેમાને બીજા અનેક દિગ્દર્શકો અને નાયકો મળ્યા. રાજીવ, અરવિંદ રાઠોડ અને ફિરોઝ ઈરાની જેવા અભિનેતાઓએ ગુજરાતી તરફ આવવા માંડ્યું. વિજય ભટ્ટ, ‘બૈજુ બાવરા’ના દિગ્દર્શક જેમણે હિન્દી સિનેમાને મીના કુમારી જેવી અભિનેત્રી આપી. એના પુત્ર અરૂણ ભટ્ટ પણ ગુજરાતી સિનેમા તરફ આવ્યા. એમણે પૌરાણિક કે લોકકથાને બદલે સામાજિક કથાની પસંદગી કરી. યુવાન નણંદથી થઈ ગયેલી ભૂલને ભાભી પોતાની જવાબદારી સમજીને ભયંકર પરિણામમાંથી ઉગારે છે એવી સુંદર કથા સાથે હૅન્ડસમ અંગ્રેજી બોલતો પતિ, સંસ્કારી છતાં દેશી પત્નીને સ્વીકારી શકતો નથી, એવી આધુનિક કથા લઈને બની ‘મોટા ઘરની વહુ’. આ ફિલ્મમાં પત્નીને અભણ માનતા પતિને જ્યારે એક દૃશ્યમાં પત્ની અંગ્રેજીમાં ઠપકો આપે છે એ દૃશ્ય એટલું બધું લોકપ્રિય થયું કે થિયેટરમાં પૈસા ફેંકાતા, લોકો ઊભા થઈને તાળીઓ પાડતા. કેટલાંક થિયેટરમાં લોકોએ પ્રોજેક્ટર રૂમમાં ધસી જઈને, ફિલ્મ રિવાઇન્ડ કરીને એ દૃશ્ય ફરી બતાવવાનો આગ્રહ કર્યો હોય એવા દાખલા પણ હતા... ‘મોટા ઘરની વહુ’એ મને એક નવી ઈમેજ, નવી દિશા આપી.

(ક્રમશઃ)■

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## ટપાલ ટિકિટમાં અનોખી નારી

## સમાજસુધારાનાં હિમાયતી: રમાબાઈ રાનડે

નામઃ રમાબાઈ રાનડે
ઓળખ : સમાજસુધારક
ટપાલ ટિકિટ બહાર પાડ્યાની તારીખ : ૧૫.૮.૧૯૬૨
ટિકિટનું મૂલ્ય : ૧૫ નયા પૈસા

યમુનાબાઈ કૂર્લેકરને ઓળખો છો?

આ સવાલનો જવાબ નકારમાં વાળતાં પહેલાં એટલું જાણી લેજો કે યમુનાબાઈ કૂર્લેકર એ બીજું કોઈ નહીં, પણ રમાબાઈ રાનડે પોતે ! યમુનાબાઈ એ રમાબાઈનું પિયરનું નામ હતું. જોકે યમુનાબાઈ તરીકે એને કોઈ ન ઓળખે અને રમાબાઈ નામે કોઈ ન ઓળખે એવું બને નહીં !

રમાબાઈ એટલે ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેની પત્ની એ ખરું, પણ એની ઓળખ માત્ર પતિના નામ સાથે જોડાયેલી નથી. રમાબાઈ સમાજસેવિકા હતાં, સ્ત્રીશિક્ષણને પ્રોત્સાહન આપેલું, બાળવિવાહની નાબૂદી માટે પ્રયત્નો કરેલા, પીડિત સ્ત્રીઓ માટે સેવાસદનની સ્થાપના કરેલી, મહિલા મતાધિકારના પુરસ્કર્તા હતાં અને સૌથી મોટું કામ એ કરેલું કે સ્ત્રીઓ માટે પ્રતિબંધિત ગણાયેલા નર્સિંગના વ્યવસાયમાં સ્ત્રીઓને માનભેર પ્રવેશ અપાવેલો. રમાબાઈએ નર્સિંગ ક્ષેત્ર આડે આવતા અવરોધોને ઓળંગીને સેવાસદન સોસાયટી દ્વારા સ્ત્રીઓને નર્સિંગમાં શિક્ષિત કરેલી. ભારત સરકારે રમાબાઈની સ્મૃતિમાં ૧૫ ઑગસ્ટ ૧૯૬૨ના રોજ ૧૫ નયા પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડેલી.




આ રમાબાઈનો જન્મ યમુનાબાઈ તરીકે દેવરાષ્ટ્રે ગામમાં કૂર્લેકર નામે સરદાર કુળમાં ઉમાબાઈ અને માધવરાવ કૂર્લેકરને ઘેર ૨૫ જાન્યુઆરી ૧૮૬૩ના થયો. એ જમાનાના રિવાજ મુજબ પાંચમે કે સાતમે વરસે કન્યાવિવાહ થઈ જતાં, પણ માધવરાવની લાડકવાયી હોવાથી ૧૮૭૩માં રમાનાં લગ્ન અગિયારમે વર્ષે બત્રીસ વર્ષના વિધુર ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે સાથે કરાયાં. લગ્ન પછી કન્યાનું નામ બદલવાના મરાઠી રિવાજ મુજબ યમુનાનું રમા નામે નામકરણ થયું.

મહાદેવ રાનડે ન્યાયમૂર્તિ અને રમાબાઈ નિરક્ષર. પહેલી નજરે જ કજોડું લાગે, પણ આ જોડું જ આગળ જતાં સજોડું સાબિત થયું. રમાબાઈનો ઉછેર જૂની રૂઢિ મુજબ થયો, જ્યારે મહાદેવનું ઘડતર નવા વિચારો અને નવા વાતાવરણમાં થયેલું. એમણે જ્યારે જાણ્યું કે રમાબાઈ તદ્દન અશિક્ષિત છે ત્યારે તેમણે પાટીપેન લાવીને શ્રી ગણેશાય નમઃનો પાઠ રમાને આપ્યો. રોજ રાત્રે રમાબાઈને ભણાવવામાં ન્યાયમૂર્તિ બે કલાક ગાળતા. પંદરમે દિવસે જ્યારે રમાબાઈએ બાળપોથીમાંનો પાઠ વાંચી બતાવ્યો ત્યારે મહાદેવ રાનડેને સંતોષ થયો.

ન્યાયમૂર્તિએ ધીરજથી રમાબાઈને ભણાવવાનું શરૂ કર્યું. રમાબાઈ ધગશથી ભણતી. પતિની પ્રેરણાથી રમાબાઈ માતૃભાષા મરાઠીમાં પારંગત થઈ ગઈ. ઇતિહાસ, ભૂગોળ અને ગણિત પણ એ ભણી. જોકે ઘરની સ્ત્રીઓનો વિરોધ રમાબાઈએ સહન કરવો પડ્યો, પણ રમાબાઈએ મહાભારતમાં અર્જુને માત્ર માછલીની આંખ પર ધ્યાન કેન્દ્રિત કરેલું એમ ભણવાને જ લક્ષ બનાવ્યું. રાનડેએ પત્નીને અંગ્રેજી ભણાવવા માંડ્યું, પરિવારની સ્ત્રીઓના વિરોધ વચ્ચે.

ઘરની સ્ત્રીઓ રમાબાઈનું અપમાન કર્યા કરતી, પણ એ કડવો ઘૂંટડો ગળી જતી. એણે પોતાનું ધ્યાન માત્ર અંગ્રેજી શીખવા પર કેન્દ્રિત કર્યું. પરિણામે રમાબાઈ અંગ્રેજી પણ ઝડપથી શીખી ગઈ. રમાબાઈ સારી પેઠે શિક્ષિત થયાનું લાગતાં ન્યાયમૂર્તિ રાનડેએ ચાકડે ચડાવીને કાચી માટીને આકાર આપતાં કુંભારની કુશળતાથી પત્નીના જીવનને ઘાટ આપ્યો. એને જાહેરજીવન ભણી વાળી. એ પોતે બાળવિવાહ, અસ્પૃશ્યતા અને સતીપ્રથાના વિરોધી હતા. સ્ત્રીશિક્ષણ અને વિધવા પુનર્વિવાહના પ્રખર હિમાયતી પણ ખરા. એમણે રમાબાઈને પણ આ દિશામાં કામ કરવા પ્રેરી. આ જ ગાળામાં રમાબાઈ પંડિતા સાથે પણ રમાબાઈનો પરિચય થયો. સોનામાં સુગંધ ભળી.

દરમિયાન રમાબાઈએ જાહેર જીવનમાં પહેલું પગલું માંડી દીધેલું. ૧૮૭૮માં નાસિક હાઈ સ્કૂલના પુરસ્કાર વિતરણ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને રમાબાઈએ જાહેર જીવનનો આરંભ કર્યો. પ્રવચનોની પરંપરા સર્જાઈ. પ્રભાવી વકતા બની. જોકે ઘરની સ્ત્રીઓનો વિરોધ શમવાનું નામ નહોતો લેતો, પણ તેના પ્રત્યે દુર્લક્ષ સેવીને રમાબાઈ આગળ વધતી રહી. મુંબઈમાં પ્રાર્થના સમાજ માટે કામ કર્યા પછી પુણેમાં આર્ય મહિલા સમાજની શાખા એણે સ્થાપી. ૧૮૯૩થી ૧૯૦૧ સુધી રમાબાઈની સામાજિક પ્રવૃત્તિઓ શિખરે પહોંચેલી. દરમિયાન ૧૬ જાન્યુઆરી ૧૯૦૧માં ન્યાયમૂર્તિનું નિધન થયું, પણ રમાબાઈ પતિએ ચીંધેલા રસ્તે આગળ વધતી રહી. ૧૯૦૨માં રમાબાઈએ હિંદુ લેડીઝ સોશ્યલ ક્લબની સ્થાપના કરેલી. મહિલાઓને વિવિધ ભાષાઓ, સામાન્ય જ્ઞાન, સિવણ અને હસ્તકળાઓ શીખવવાના વર્ગો શરૂ કર્યા.

રમાબાઈ સ્ત્રીઓના ઉત્થાન માટે સતત કાર્યરત રહી. ૨૯ ડિસેમ્બર ૧૯૦૪ના મુંબઈમાં પ્રથમ ભારત મહિલા પરિષદની સ્થાપના કરી. બાળવિવાહને નાબૂદ કરવા અથાક પ્રયત્ન કર્યા. સ્ત્રીઓને શિક્ષણ, કાનૂની અધિકારો, સમાનતા અંગે જાગૃત કરી. સ્ત્રીઓને નર્સિંગનો વ્યવસાય અપનાવવા પ્રેરી. આ સઘળા પ્રયાસોના ફળસ્વરૂપે સેવાસદનની સ્થાપના થઈ. મલબારી શેઠજીએ મુંબઈમાં સેવાસદન નામની સંસ્થા ૧૯૦૮માં ખોલી. તેનું અધ્યક્ષપદ સંભાળવાની જવાબદારી રમાબાઈએ સ્વીકારી. એ પછી ગોપાળરાવ દેવધર અને ડૉ. ભંડારકરના સહયોગથી ૨ ઑક્ટોબર ૧૯૦૯ના દિવસે પુણેમાં રમાબાઈને ઘેર પુણે સેવાસદનની સ્થાપના કરવામાં આવી. હિંદુ લેડીઝ સોશ્યલ ક્લબને સેવાસદનમાં ભેળવી દેવાઈ. અગણિત પીડિત મહિલાઓ માટે સેવાસદન ‘ઘરથી દૂર ઘર’ બની ગયું. પ્રથમ ભારતીય નર્સનું પ્રશિક્ષણ સેવાસદનમાં જ થયેલું.

આ સેવાસદન નાનકડા છોડમાંથી વટવૃક્ષ બની ગયું. આ વટવૃક્ષ હેઠળ છાત્રાવાસો, પ્રશિક્ષણ મહાવિદ્યાલયો, વ્યાવસાયિક કેન્દ્રો, વેચાણ કેન્દ્રો અને અન્ય સુવિધાઓ પ્રદાન કરવામાં આવી. રમાબાઈએ ન્યાયમૂર્તિ રાનડેના દેહાંત પછી ચોવીસ વર્ષ સુધી મહિલાઓમાં સામાજિક જાગૃતિ ઉત્પન્ન કરવાનું, તેમની ફરિયાદોનું નિવારણ કરવાનું અને પીડિત મહિલાઓના પુનર્વસન માટે અવિરતપણે કામ કર્યું. ૧૯૧૮માં રમાબાઈએ યુદ્ધ સંમેલનમાં ભાગ લીધો અને ભારતીય મહિલાઓ વતી ગવર્નર સાથે સંવાદ કર્યો. એમણે ફીજી તથા કેન્યામાં ભારતીય શ્રમિકોનાં હિતોની જાળવણી માટે પણ સંઘર્ષ કર્યો. ૧૯૧૮થી ૧૯૨૩ સુધી મહિલા મતાધિકાર અભિયાનમાં પણ આગળ પડતો ભાગ લીધો. મહિલાઓ માટે આટઆટલું કામ કર્યા પછી પણ પોતાની સફળતા પાછળ પતિનો હાથ હોવાનું એ ક્યારેય ન ભૂલી. એથી જ ૨૪ માર્ચ ૧૯૨૪ના સ્વર્ગવાસ થયો ત્યાં સુધી પોતાનો પરિચય આપતાં એ વિનમ્રતાથી એટલું જ કહેતી કે હું તો મારા પતિનો પડછાયો માત્ર છું! ■

## મનની મૂંઝવણનો નિખાલસ સ્વીકાર

ઉડાન
મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

‘મમ્મી તમને ક્યારેય એવું થયું છે કે રૂમમાં કોઈ ના હોય છતાં કોઈ તમારું નામ બોલતું હોય એવું લાગે?’

અનાયાએ આ સવાલ એટલી સહજતાથી પૂછ્યો હતો કે એની મમ્મીએ પહેલાં તો ધ્યાન જ ના આપ્યું, પણ ફરી પૂછવાથી ‘હા, ક્યારેક આપણને ભ્રમ થાય. તું બહુ થાકી ગઈ હશે’ એમ કહી વાત પૂરી કરી. ‘પણ મમ્મી, મને એવું રોજ થાય છે.’ આ વખતે જાનકીનો હાથ અટકી ગયો.

અનાયા સોળ વર્ષની હતી. ચિત્રો દોરતી, વાર્તાઓ લખતી અને સ્કૂલની સાયન્સ લૅબમાં કલાકો ગાળતી એક તેજસ્વી છોકરી. એની નોટબુકના છેલ્લા પાના પર હંમેશાં કોઈ નવું ચિત્ર જન્મતું. ક્યારેક આંખોવાળી દીવાલ, ક્યારેક પાંખોવાળું ઘર તો ક્યારેક એક એવી છોકરી જે અરીસાની અંદર ઊભી રહી, બહારની દુનિયાને જોતી હોય. છેલ્લા થોડા મહિનાથી એ ચિત્રોની દુનિયામાંથી ડોકાતાં અરીસાની છોકરી જાણે અનાયાની જિંદગીમાં ઊતરી આવી હતી. ક્યારેક એને અવાજો સંભળાતા. ક્યારેક છાયા માણસ જેવા આકાર લેવા લાગતી. ક્યારેક આસપાસનું આખું દૃશ્ય ધુમ્મસથી ઢંકાઈ જતું. એ ડરતી હતી. એને થતું કે આ વાત કોઈને કહીશ તો લોકો મને પાગલ કહેશે. અને એ ડર સાચો સાબિત થવામાં બહુ સમય લાગ્યો નહીં.

એક દિવસ સ્કૂલની લૅબમાં પ્રૅક્ટિકલ દરમિયાન અનાયા અચાનક ગભરાઈ ગઈ. એને લાગ્યું કે કોઈ એની પાછળ ઊભું છે. એણે વળીને જોયું. કોઈ નહોતું, પરંતુ એ ક્ષણે એની નજર સામે બધું બદલાઈ ગયું. હાથમાંથી ટેસ્ટટ્યૂબ છૂટી ગઈ. કાચ તૂટી ગયો. અનાયા ચીસ પાડી ઊઠી. ‘અહીં પાછળ કોઈ ઊભું છે.’ અને ક્લાસમાં ગણગણાટ શરૂ થઈ ગયો.’

અરે, એ તો પાગલ થઈ ગઈ છે.’ એ શબ્દ અનાયાના કાનમાં આખો દિવસ ગુંજતો રહ્યો. ‘પાગલ’. એક શબ્દ. પણ એણે જાણે એની આખી ઓળખ છીનવી લીધી. સ્કૂલમાંથી થોડા દિવસ માટે



દૂર રહેવાનું કહેવામાં આવ્યું. ઘરે પણ વાતાવરણ બદલાઈ ગયું. પપ્પા વારંવાર પૂછતા, ‘તું દવા લે છે ને?’ મમ્મી પૂછતી, ‘આજે કંઈ દેખાયું તો નથી ને?’અને અનાયા દરેક સવાલ સાથે જાતને વધુ બીમાર અનુભવતી. એક સાંજે એણે જાનકીને કહ્યું :

‘મમ્મી, મને લાગે છે કે હવે તમે મને દીકરી તરીકે નહીં, દર્દી તરીકે જુઓ છો.’ જાનકીની આંખો ભીની થઈ ગઈ :

‘એવું નથી બેટા.’

‘તો પછી મારી સાથે પહેલાંની જેમ વાત કેમ નથી કરતા?’ અનાયાએ પૉઇન્ટ બ્લૅન્ક પ્રશ્ન પૂછ્યો. જાનકી પાસે જવાબ નહોતો, કારણ કે ઘરમાં બીમારી આવી હતી, પણ કોઈને ખબર નહોતી કે એની સાથે કેવી રીતે જીવવું. ડૉક્ટરે સમજાવ્યું કે અનાયા સ્કિઝોફ્રેનિયા નામની માનસિક સ્થિતિનો સામનો કરી રહી છે. સારવાર લાંબી હોઈ શકે છે. દવાઓની જરૂર પડશે. નિયમિત દેખરેખ અને પરિવારનો સહકાર પણ એટલો જ જરૂરી છે. અનાયાએ માત્ર એક સવાલ કર્યો, ‘શું હું ફરી સામાન્ય થઈ શકીશ?’

ડૉક્ટરે થોડું થોભીને કહ્યું, ‘સૌથી પહેલાં તું ‘સામાન્ય’નો અર્થ બદલ. તું અનાયા છે. તારી બીમારી તારો એક ભાગ છે, તારી આખી ઓળખ નહીં.’

દવાઓ શરૂ થઈ પરંતુ સારવારનો રસ્તો પણ સરળ નહોતો. દવાઓની આડઅસરોથી અનાયા થાકી જતી. એને લાગતું કે એ પહેલાં જેવી ચુસ્ત રહી નથી. એણે ચિત્રકામ છોડી દીધું. મિત્રો સાથે વાત કરવાનું બંધ કર્યું. પોતાનું ભવિષ્ય પણ ધૂંધળું દેખાવા લાગ્યું. એક દિવસ જાનકીએ એની નોટબુક ખોલી. છેલ્લા પાના પર એક ચિત્ર હતું. એક દીવાલ. દીવાલની એક બાજુ એક છોકરી બેઠી હતી અને બીજી બાજુ આખી દુનિયા.

જાનકીએ પૂછ્યું, ‘આ છોકરી દીવાલની બહાર કેમ નથી આવતી?’

અનાયા ધીમેથી બોલી, ‘કારણ કે એને લાગે છે કે દુનિયા એને સ્વીકારશે નહીં.’

જાનકીએ એની બાજુમાં બેસીને કહ્યું, ‘તો આપણે દુનિયાને બદલવાનો પ્રયત્ન કરીશું. તને નહીં.’

એ દિવસથી અનાયાની લડાઈમાં એક નવો સાથી જોડાયો - ‘સ્વીકાર.’

ધીમે ધીમે એણે ફરી ચિત્ર દોરવાનું શરૂ કર્યું. ફરી સ્કૂલ જવાનું શરૂ કર્યું. બધું પહેલાં જેવું નહોતું. કેટલાંક બાળકો હજી પણ એને વિચિત્ર નજરે જોતાં. કોઈક ફૂસફૂસતું. પણ હવે અનાયા છુપાતી નહોતી.

સ્કૂલની એક એસેમ્બલીમાં એને બોલવાની તક મળી. મંચ પર ઊભા રહીને એણે કહ્યું, ‘મને માનસિક બીમારી છે. હા, ક્યારેક મને એવી વસ્તુઓ અનુભવાય છે જે તમે નથી અનુભવતા. ક્યારેક હું ડરી જાઉં છું. ક્યારેક હું મારી જાતને પણ સમજી શકતી નથી. હૉલમાં સન્નાટો હતો.

પણ હું માત્ર મારી બીમારી નથી. મને ચિત્રો ગમે છે. મને વાર્તાઓ ગમે છે. મારા સપનાં છે. મને પણ હસવું ગમે છે. મને પણ મિત્ર જોઈએ છે. અને મને પણ તમારી જેમ જ સ્વીકારવામાં આવવું છે. એણે થોડું અટકીને કહ્યું, ‘શરીરને તાવ આવે ત્યારે આપણે માણસને પાગલ નથી કહેતા. તો પછી મન બીમાર પડે ત્યારે માણસને એની બીમારીથી કેમ ઓળખીએ?’

આ વખતે તાળીઓ પડી, કારણ કે એણે પહેલી વાર પોતાની બીમારી સામે નહીં, લોકોની માનસિકતા સામે અવાજ ઉઠાવ્યો હતો. એ રાત્રે એની દીવાલ પર એક નવું વાક્ય લખાયું:

મારી અંદર અંધારું છે, પરંતુ હું ખુદ અંધકાર નથી. ■

# કાં કેવું લાગે છે?


લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી

feedback.ladki@bombaysamachar.com





જુલાઈ-ઑગસ્ટ-સપ્ટેમ્બર મહિનો ઉત્સવ-વરસાદ-પૂર-ગણપતિબાપા તેમ જ માતાજીની પધરામણી અને પછી વિદાય. વિદાય પછી દિવાળીના આગમનના પડઘમ વાગવાના શરૂ થઈ જાય. આ ત્રણથી ચાર મહિના શું કરવું અને શું ન કરવું તે ઘણાને સમજાતું નથી. એમાં હમણાં વરસાદ તો જાણે બે-ચાર વરસનો વરસાદ એક સાથે વરસાવી દેવો હોય એમ મુશળધાર પડી રહ્યો છે. હમણાં અમારી શેરીઓમાં ઘૂંટણભેર પાણી ભરાયાં. લોકો પોતાનાં ઘર, દુકાન, કામકાજ વચ્ચે વરસાદી પૂર જેવી પરિસ્થિતિમાં દોડધામ કરતા હતા, ત્યાં કેટલાક કૅમેરામેન અને પ્રશ્ન પૂછનાર પ્રવક્તા માઇક લઈને ભર વરસાદમાં પલળેલા અને હાંફેલ માણસને પૂછે કે 'ભાઈ, તમને શું લાગે છે? તમને આ વરસાદમાં ઘરે જઈને ગરમાગરમ ભજિયાં ખાવાનું મન થાય છે કે પછી કોઈ વરસાદી ગીત ગાવાનું મન થાય છે?'

જે ભાઈને પ્રશ્ન પૂછ્યો ભાઈ દુકાનમાં ભરાયેલાં પાણીને ઉલેચી ઉલેચીને થાકેલો હતો. એણે મ્હોં બગાડીને કહ્યું : 'તમે પહેલાં આ પાણીમાં તણાઈ ગયેલ ચંપલ શોધી આપો. પછી મારી દુકાનનું પાણી પણ હજી ઉલેચવાનું બાકી છે, એમાં મદદ કરો. પછી તમને તમારા પ્રશ્નનો જવાબ આપું...!'

ઇન્ટરવ્યૂ લેનાર ત્યાંથી તરત જ કૅમેરો અને માઇક લઈને બીજી ગલીમાં સરકી ગયો. આજકાલ રીલ બનાવનારા પણ ક્યારે અને કેવી હાલતમાં આપણા ફોટા પાડીને વાઇરલ કરશે એ કહી શકાતું નથી. કોઈ પાણીમાં લપસી પડે અને સામેથી કૅમેરામૅન કહે, 'જરા થોડીવાર આ તરફ જોઈને બચાવો... બચાવો...ની બૂમ પાડો અને મ્હોં ઉપર દુઃખના ભાવ લાવો' એમ કહે ત્યારે એ લપસેલો માણસ અત્યાર સુધી ટકાવી રાખેલ હિંમત છોડીને કૅમેરામૅનના નામનું રડી પડે અથવા તો ઊભો થઈને બે-ચાર હુરતી સંભળાવે એ વાત નક્કી.

કેડ સમાણાં પૂરમાં તણાતા માણસ આગળ પાણીમાં કોઈ માઇક ધરીને પૂછે કે 'આ દર વરસે ખાડીપૂર આવે એના માટે કોણ જવાબદાર છે? અને એ માટે તમારું શું મંતવ્ય છે?' (ભાઈ, તું પહેલાં એ ભાઈને ટેકો તો કર!)

જોકે અમારા હુરતમાં તો હવે 'દર વરસે પૂર આવવાનું જ છે.' એ રીતે મનથી નક્કી કરીને વરસાદ શરૂ થાય, એટલે નીચાણવાળા વિસ્તારમાં કેટલાક ભાગના લોકો સહુથી પહેલાં ભજિયાં, ભૂસું અને મીઠાઈ લાવીને ઘર ભેગી કરે. ખાદ્ય સામગ્રીનો ભરપેટ પુરવઠો માળ ઉપર ચડાવવાનો ઉપક્રમ પહેલાં કરે અને પછી ઘરનો સામાન.

પૂરને પણ ઉત્સવની જેમ મનાવવાવાળા લોકો પણ ઠેર ઠેર જોવા મળે છે. ભર વરસાદ અને પૂરમાં પણ ઇન્ટરવ્યૂ લેવા જનાર હજી, 'તમને શું લાગે છે?' એમ પૂછે એ પહેલાં અગાસીમાં પાર્ટી કરતા હુરતીઓ પેલાનું માઇક નીચે મુકાવીને કહેશે, 'પહેલાં ગરમાગરમ ભજિયાંની ઉજાણી કરી લે. પછી ભાઈ, તારે જે પૂછવું હોય તે પૂછજે. ઇન્ટરવ્યૂ કરવા પણ તારે શક્તિની જરૂર પડશે. સમજ્યો?'

એક વૃદ્ધ દાદાને રીલ ઉતારનારે પૂછ્યું, 'દાદા, તમને તમારા જમાનાનું કોઈ વરસાદી ગીત આવડતું હોય તો ગાવ ને. લોકોને આજે જૂના જમાનાનાં ગીત કેવાં હોય તે સાંભળવાં મળશે.'

પેલા રીલ ઉતારનારને તો એમ કે દાદા હમણાં ગાશે કે 'વા વાયા ને વાદળ ઊમટ્યાં...' કે પછી 'વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં...' કે પછી 'ગુલાબી કેમ કરી જશો ચાકરી રે...' પણ ત્યાં તો દાદાએ ગાયું, 'રીમઝીમ ગીરે સાવન, સુલગ સુલગ જાયે મન...' ને બીજું શરૂ કર્યું, 'આજ રપટ જાયે, તો હમે ના બુલઈયો...'

ઇન્ટરવ્યૂ લેનારે ઝરમર વરસાદ ધારેલો, પણ દાદાએ તો મુશળધાર... નવા જમાનાનાં ફિલ્મી ગીતો સંભળાવ્યાં. અહીં અમને પણ કવિ મનોજ ખંડેરિયાની ગઝલ યાદ આવી, 'કોઈ પળે એમ પણ બને, હાથ આખે આખો બળે.' પૂરમાં વીજળી ડૂલ થઈ જાય એ વખતે આપણે રઘવાયા થઈને માચીસ, દીવો, બૅટરી વગેરે ફંફોસતાં હોઈએ અને ઠોકર ખાતાં હોઈએ, ત્યાં કોઈ આવીને માઇક ધરીને પૂછે કે 'આ અંધારા વિશે અને લાઇટના જવા વિશે તમારે કંઈક કહેવું છે? તમે હમણાં શું અનુભવો છો?'

ત્યારે આપણા મનમાં ચોક્કસ એવું જ થાય કે હાથમાં જો એકાદ સળગતી મીણબત્તી હોત તો આને સ્વાદ ચખાડીને ચોક્કસ પૂછતે કે મીણબત્તીનો ઉજાસ અને ગરમી તમને કેવી લાગી? હા, હજુ બાગના બાંકડે નવરા લોકોની ટોળી બેઠી હોય અથવા નિવૃત્ત થયેલા ગપ્પીદાસો બેઠા હોય, ત્યાં જઈને એ લોકોનો જો ઇન્ટરવ્યૂ લેવામાં આવે તો કદાચ ત્યાં ઇન્ટરવ્યૂ લેનારને જાતજાતનો મસાલો મળી રહે. બાકી ભૂલમાં પણ દુઃખી માણસો પાસે જઈને માઇક ધરી દે તો નહીં સાંભળવાનું સાંભળવા મળે અને કૅમેરો હટાવવાનો વારો આવે એ વાત નક્કી. ઘણીવાર બાંકડા ઉપર બેઠેલા અથવા તો ટોળે વળેલા લોકો પાસે વાત કરવાનો વિષય ખૂટી જાય એટલી બધી વાતો એમણે કરી લીધી હોય. ઉપરાંત બીજી ગપ્પાબાજી પતી ગઈ હોય અને એ સમયે જ એ ટોળામાં પેલો ઇન્ટરવ્યૂ લેનાર જો માઇક ધરીને પૂછે કે 'તમને આ નિવૃત્તિમાં શું શું કરવું ગમે?' અને પછી તમે જોજો. કેટલી બધી જાતના જવાબો ફટાફટ મળી રહેશે. હું એવું માનું છું કે એ રીલ સૌથી સારી રીલ બનશે. એ રીલ બનાવનારને હજારો લાઇક અને ફૉલોઅર્સ મળી રહેશે. એટલે જ્યાં પુષ્કળ નવરા બેઠા હોય, ત્યાં જ માઇક લઈને જવું. બાકી પૂરમાં તણાતા લોકો પાસે જઈને પૂછશો કે તમને અત્યારે કેવું લાગી રહ્યું છે?' કે પછી વરસાદમાં ધ્રૂજતા લોકોને પૂછશો કે 'તમને અત્યારે કેવું લાગે છે? તમારી પાસે છત્રી કેમ નથી? શું છત્રી કાગડો થઈ ગઈ છે?'

એ પછી તમને જે જવાબ મળશે એ તમે સાંભળી નહીં શકો અને તમારે કૅમેરો ઝટ ફેરવી લેવો પડશે એ નક્કી. ■

# તમે કેવા સ્ટ્રોલ વાપરશો?


ફેશન

ખૂશ્બુ મુલાણી ઠક્કર

feedback.ladki@bombaysamachar.com


## સ્ટ્રોલ એ આજની ફૅશનનું અનિવાર્ય અંગ બની ગયું છે

આજની યુવતીઓ માટે સ્ટ્રોલ એ માત્ર એક એક્સેસરી નથી, પરંતુ તેમના લૂકને સંપૂર્ણ બનાવતું મહત્ત્વનું તત્ત્વ છે. સ્કાર્ફ શબ્દ તમે ચોક્કસ સાંભળ્યો હશે. પહેલાં ઘણી યુવતીઓ સ્કાર્ફ પહેરવાનું પસંદ કરતી હતી, પણ હવે સ્કાર્ફની જગ્યા સ્ટ્રોલે લઈ લીધી છે. સ્ટ્રોલ એટલે જેની લેન્થ સામાન્ય રીતે ૨ મીટર કે ૨.૫ મીટર હોય છે અને વિથ ૨૦થી ૨૨ ઇંચ જેટલી નાની રહે છે. આ કદ તેને પહેરવામાં સરળ અને સ્ટાઇલિશ બનાવે છે.

સ્ટ્રોલ અનેક પ્રકારની ડિઝાઇન અને ફૅબ્રિકમાં ઉપલબ્ધ છે. તે તમારા સમગ્ર લુકમાં એક સ્માર્ટ એલિમેન્ટ ઉમેરે છે અને તમને વધુ આકર્ષક બનાવે છે. ચાલો જાણીએ કયા પ્રકારના સ્ટ્રોલ હોય છે અને તેને કેવી રીતે પહેરી શકાય.

પ્યૉર શિફોન સ્ટ્રોલ આજે સૌથી વધુ પસંદગી પામે છે. પ્યૉર શિફોનનું ફૅબ્રિક ખૂબ જ પાતળું અને હળવું હોય છે. મોટાભાગે આ સ્ટ્રોલ પ્લેન અથવા હૅન્ડ પ્રિન્ટેડ હોય છે. પાતળા ફૅબ્રિકને કારણે તેના પર ભારે કામ કે એમ્બ્રોઇડરી કરવી મુશ્કેલ છે. તેથી ઘણી વાર ચારેય બાજુએ પાતળી લેસ લગાડીને તેને હાઇલાઇટ કરવામાં આવે છે. કેટલીક વાર ચારેય ખૂણામાં ટસલ નાખીને ફેન્સી લૂક આપવામાં આવે છે. શિફોનના સ્ટ્રોલને શેડ કરીને પણ પહેરી શકાય છે.

આ ફૅબ્રિક પોતે જ રિચ અને એલિગન્ટ હોવાથી તેને વધારે ડેકોરેટ કરવાની જરૂર પડતી નથી. માત્ર બૉર્ડર અથવા સરળ લેસ પણ પૂરતી છે. પ્યૉર શિફોન સ્ટ્રોલ સિલ્કના ડ્રેસ કે લિનનના કુર્તા-પાયજામા સાથે ખૂબ સારા લાગે છે. તે હળવા હોવાથી ગરમીમાં પણ આરામદાયક રહે છે અને ફૉર્મલ કે સેમી-ફૉર્મલ અવસરો માટે આદર્શ છે.

રેયોન સ્ટ્રોલ કૅઝ્યુઅલ વેર માટે સર્વોત્તમ વિકલ્પ છે. આ સ્ટ્રોલ પ્લેન અને પ્રિન્ટેડ બંને પ્રકારમાં મળે છે. કૉલેજ જતી યુવતીઓ રેયોનના સ્ટ્રોલને વિશેષ પસંદ કરે છે, કારણ કે તે ખૂબ સૉફ્ટ અને કમ્ફર્ટેબલ હોય છે.

ગરમીમાં જ્યારે મોઢા પર કવર કરવું પડે ત્યારે પણ સફોકેશન થતું નથી. પ્રિન્ટેડ રેયોન સ્ટ્રોલને ડેનિમ જીન્સ કે પ્લેન કુર્તી સાથે મૅચ કરી શકાય છે. જ્યારે પ્લેન સ્ટ્રોલને પ્રિન્ટેડ ડ્રેસ સાથે પહેરવાથી સુંદર કૉન્ટ્રાસ્ટ બને છે. જે યુવતીઓ ટુ-વ્હીલર ચલાવે છે તેમના માટે રેયોન સ્ટ્રોલ વિશેષ ઉપયોગી છે, કારણ કે તે મોઢા પર બાંધવામાં આરામદાયક રહે છે.



ઘણી મહિલાઓ તેને દુપટ્ટા તરીકે પણ વાપરે છે. રેયોન ફૅબ્રિકને વધારે મેન્ટેનન્સની જરૂર પડતી નથી. તેને સામાન્ય ધોવાથી અને હળવા ઇસ્ત્રીથી સરળતાથી સંભાળી શકાય છે. આથી રોજિંદા ઉપયોગ માટે તે ઉત્તમ છે.


સિલ્કના સ્ટ્રોલ વિશેષ અવસરો માટે રાખવામાં આવે છે. સિલ્ક પહેરવાથી તરત જ સ્માર્ટ અને લક્ઝરી લૂક આવે છે, પરંતુ સિલ્કના સ્ટ્રોલને ખૂબ કાળજીથી મેન્ટેન કરવા પડે છે. તેને ડ્રાય ક્લીન કરાવવું પડે અથવા વિશેષ કાળજી લેવી પડે.

સિલ્ક સ્ટ્રોલને સામાન્ય કપડાં સાથે પહેરવું યોગ્ય નથી. તેને સિલ્કના ડ્રેસ, લિનનના ફૉર્મલ વેર અથવા વિશેષ ઓકેઝનના આઉટફિટ સાથે જ પહેરવું જોઈએ. સિલ્કની ચમક અને નરમાઈ લુકને એક અલગ જ ભવ્યતા આપે છે. જો તમે પાર્ટી, ફૅમિલી ફંક્શન કે વિશેષ પ્રસંગે જવા માગતા હો તો સિલ્ક સ્ટ્રોલ શ્રેષ્ઠ પસંદગી છે.

સ્ટ્રોલ પહેરવાની રીતો પણ અનેક છે. તેને ખભા પર ઢીલું મૂકી શકાય, ગળામાં લૂપ કરી શકાય, મોઢા પર કવર તરીકે વાપરી શકાય અથવા દુપટ્ટા જેવી રીતે પહેરી શકાય. કલર અને પ્રિન્ટના આધારે તેને તમારા આઉટફિટ સાથે મૅચ કરવું મહત્ત્વનું છે.

પ્લેન ડ્રેસ સાથે પ્રિન્ટેડ સ્ટ્રોલ અને પ્રિન્ટેડ ડ્રેસ સાથે પ્લેન સ્ટ્રોલ વધુ સારું લાગે છે. સ્ટ્રોલ પસંદ કરતી વખતે ફૅબ્રિકની ગુણવત્તા, લેન્થ અને વિથ પર ધ્યાન આપવું જોઈએ. સારી ક્વૉલિટીનો સ્ટ્રોલ લાંબા સમય સુધી ટકે છે અને તમારા લૂકને હંમેશાં તાજો બનાવે છે.

આમ, સ્ટ્રોલ એ આજની ફૅશનનું અનિવાર્ય અંગ બની ગયું છે. પ્યૉર શિફોનની હળવાશ, રેયોનની કમ્ફર્ટ અને સિલ્કની ભવ્યતા ત્રણેય પ્રકારના સ્ટ્રોલ અલગ-અલગ અવસરો અને સ્ટાઇલ માટે યોગ્ય છે. તમારી જરૂરિયાત અને પસંદગી મુજબ સાચો સ્ટ્રોલ પસંદ કરો અને તમારા લુકમાં નવી ચમક ઉમેરો. ■




**બહેન, એ બધું પછી. પહેલા મારી વાત ધ્યાનથી સાંભળો. તમે જ્યાં છો એ જગ્યાએથી જલદી નીકળી જાઓ. તમે હમણા મુંબઈ ન આવતા એવી પપ્પાની સૂચના છે... તમે જલદી એ જગ્યા છોડી દેજો.!**

'તમે ખરેખર હિંમતવાન છો. આવી સ્થિતિમાં કોઈ તૂટી પડે. તે પછી તમારા માટે સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ હશે.'

રત્નાકરજી ઓછી માયા નથી. એ માણસનું દીમાગ ગજબનું છે. સંજય સાથે ઝઘડો થયો તે સાંજે તેઓ હૉટેલ પર મને છોડવા આવ્યા હતા. મારી સાથે એમણે જે વાતો કરી તે સાંભળી મને થયું કે હું એકલી નથી. અમે તે રાતે ડીનર સાથે લીધું. બીજા દિવસે નવેક વાગે ફરી મારી પાસે આવ્યા ત્યારે એમની સાથે એક ગનમેન હતો. સાચું કહું તો મને જરા અજુગતું લાગ્યું હતું. છતાં એ વાસ્તવિકતા હતી. રત્નાકરજી કોઈ જોખમ લેવા માગતા ન હતા. રત્નાકરજીએ ક્યારે એજન્સીનો સંપર્ક કર્યો, ક્યારે એમણે ડીલ કર્યું એની મને ખબર ન હતી. પણ એક રાત વચ્ચે તેમણે મને વીઆઈપી બનાવી દીધી. પહેલા દિવસે ખરી મુસીબત ઊભી થઈ. મારી પાસે ગનર હતો અને ડ્રાઈવર ન હતો. હું ડ્રાઈવ કરું અને કોઈ ગન લઈને મારી સેફટીની ચિંતા કરે એ અજીબ ન કહેવાય? મેં રત્નાકરજીને ફોન કર્યો. તેમણે કાર મોકલાવી. હું હૉટેલમાં ચારેક દિવસથી રહેતી હતી. અચાનક તે દિવસે મારી સાથે ગનરને ચાલતો જોઈ સ્ટાફને નવાઈ લાગી હશે. એ પછી એમનો એટીટ્યૂડ પણ બદલાઈ ગયો હોય એવું મને લાગ્યું.

'હૉટેલમાં તમે કેટલા બધા દિવસ રોકાયા હતા?'

'હું પૂરા છવીસ દિવસ હૉટેલમાં રોકાઈ હતી. મારે જે મકાનમાં રહેવા જવાનું હતું તેમાં મને કેટલુંક ફર્નીચર નવું કરાવવાની ઈચ્છા થઈ હતી એટલે હૉટેલમાં રોકાવાનું થયું. મારા શો રૂમમાં બધા મળીને પચાસેક જણ કામ કરે છે. બીજા દિવસે મારી સાથે ગનરને જોઈ સ્ટાફ સમજી ગયો કે પોતાના માલિકના પરિવારમાં મોટા પાયે ઝઘડો થયો લાગે છે. આમેય દાદાના મૃત્યુ પછી કાયમનું વાતાવરણ ડહોળાયેલું તો હતું જ. આપણે ભલે ને શાંતિની, અહિંસાની ગમે તેટલી વાતો કરતા હોઈએ. જગતમાં કેટલાક નિર્ણયો હથિયારોએ જ લીધા છે. જ્યારે તમારી પાસે હથિયાર હોય છે ત્યારે તમને એક જાતની સુરક્ષા જણાય છે. આત્મવિશ્વાસ વધી જાય છે. મેં સંજયને થપ્પડ મારીને મોટી ભૂલ કરી નાખી હતી. એ માણસ ભયંકર ઝેરીલો છે. મારું અંધેરીવાળું મકાન રેડી થઈ ગયું એટલે હું ત્યાં રહેવા ગઈ. એના આગલા દિવસે મેં પપ્પાને ફોન કરીને કહ્યું હતું કે 'હું મારી ચીજવસ્તુઓ લેવા આવનાર છું.' યોગાનુયોગે હું ગઈ ત્યારે મમ્મી નહોતી. મને ત્યારે ખબર પડી કે જય પણ તેની પત્નીને લઈને ચાલ્યો ગયો હતો. ઘરમાં પપ્પા અને મમ્મી બે જણ જ રહેતા હતા.

જય રાજસ્થાન ચાલ્યો ગયો હતો?

એ દિવસે ઘેર પહોંચ્યા પછી એમના ચારેય વચ્ચે મોટો ઝઘડો થઈ ગયો હતો. બધા એક બીજા ઉપર દોષ ઢોળતા હતા. ખાસ કરીને મારી બાબતે બેય ભાઈઓએ પપ્પાને એમની ભૂલ યાદ કરાવીને ખાસ્સું સંભળાવ્યું હતું, પણ દુશ્મનનો દુશ્મન દોસ્ત કહેવાય એ પ્રમાણે એમના ત્રણેયના ટાર્ગેટ ઉપર હું હતી. મારા ભાઈઓએ પપ્પાને એવું સંભળાવી દીધું કે 'તમે તો મકાન અને ખાણોના ધણી છો. અમે જ રસ્તા ઉપર આવી ગયા છીએ.' મારી મમ્મીને એટલાથી સંતોષ નહોતો. પપ્પાને ત્રણેય જણાએ એકલા પાડી દીધા. જતી વખતે પપ્પાએ મને એવુંય કહ્યું 'તું આ મકાન તારા નામે રાખ પણ અમારી સાથે રહે.'

'તો રાજસ્થાનની ખાણો કોણ સંભાળે છે?'

'જય જ તો વળી. એ સંજય કરતા પાકો છે. તે જાણે છે કે જો પોતે ખાણો સંભાળવાની ના પાડશે તો પોતાની આવક જ બંધ થઈ જશે. જોકે, એમની વચ્ચે અચાનક બદલાયેલી પરિસ્થિતિ બાબતે ગંભીર ચર્ચાઓ થઈ હોય તેવું મને ન લાગ્યું. તેઓ મળ્યા હશે તો કજિયો જ કર્યો હશે. મે જસ્ટ પપ્પાને પૂછ્યું, 'તમે તો મને મળવા આવશો ને?'

પપ્પા રડવા જેવા થઈ ગયા. તેમના ખરેખરના આંસુ હતા કે નહીં તે મને સમજાયું ન હતું. મેં પપ્પા જોડે એ ઘરમાં છેલ્લી કૉફી પીધી. હું એ રાતથી અંધેરી રહેવા આવી ગઈ. જોકે, એ વિસ્તાર મારા માટે નવો હતો. વળી હું એકલી હતી. મારી સાથે ગનમેન રહેતો એથી મારા માટે થોડું કૂતુહલ જાગતું. એક રસોયો અને એક ઘરના અન્ય કામ માટે નોકર એમ બે જણ હતા. ઉપરાંત ગનમેન અને ડ્રાઈવર એટલે હું ચાર વ્યક્તિઓ વચ્ચે રહેતી હતી. એ ચારેય સજ્જન પુરુષો કહી શકાય તેવા વ્યક્તિઓ છે.

સનત મને કોઈ ખબર નહોતી કે ભાઈઓ શું કરી રહ્યા છે. પણ તેમની નજર મારા ઉપર હતી. હું અંધેરી રહેવા ગઈ પછી એજન્સીએ દિવસ અને રાત માટે અલગ અલગ ગનમેન આપ્યા. રહેવા ગઈ તે પછી મેં રત્નાકરજી ઉપર વધારે જવાબદારી નાખી દીધી. મેં તેમને મેનેજર બનાવ્યા. જો કે, પેલા બખેડા પછી રત્નાકરજી અને મારા સંબંધોનો અર્થ જ બદલાઈ ગયો હતો. તેમણે મેનેજર બનવાની ઘણી ના પાડી તે છતાં મને લાગ્યું કે મારે મારા દાદાજીનું ઋણ ચૂકવવું જોઈએ. ઉપરાંત મેં મારા સ્ટાફમાં કામ કરતા જુદા જુદા કર્મચારીઓના પગારમાં પણ વધારો કરી આપ્યો. કર્મચારીઓને એવું લાગ્યું કે કંઈક બદલાયું છે. એ વચ્ચે એક દિવસ મારા પપ્પાનો ફોન આવ્યો. તેમણે મને કહ્યું કે 'તેઓ મને મળવા માગે છે.' મેં એમ. વી. પર આવી જવા જણાવ્યું. થોડી આનાકાની પછી તેઓ મને મળવા આવ્યા. એ પહેલા રત્નાકરજીએ મને કહી દીધેલું કે 'પપ્પાના ઈગોને સંભાળી લેજો.'

'એમની સાથે શું વાતો થઈ?'

પપ્પા મને સાવધ કરવા આવ્યા હતા. તેમણે મને કહ્યું 'હમણા રોજ રોજ સંજય તારી મમ્મીને લાંબા લાંબા ફોન કરે છે. જરા ચેતીને રહેજે.' જોકે મને પપ્પાને ઈમોશનલી હેક કરી મારી મમ્મીનું ખરું રહસ્ય જાણવું હતું. હું ખોટું બોલી કે મેં જે કર્યું તે ડ્રામા છે. મારા મેરેજ થઈ જાય એટલે ચૂપચાપ તમારે હવાલે કરી દઈશ. શરત એ કે તમારે મને મારા જન્મ પહેલાની - મારા જન્મ પછીની એ હકીકતો કહેવાની છે જે હું જાણતી નથી. હવે તમને સમજાયું કે મને આટલી બધી કેવી રીતે ખબર પડી?

'તો શું તમારા રિયલ મમ્મીના મૃત્યુનું કારણ પપ્પા જાણતા નહોતા?'

એમની વાતો પરથી મને એવું લાગ્યું કે એ બાબતે તેમની સ્થિતિ પણ મારા જેવી જ છે. તેમણે એટલું કબૂલ્યું કે ગંગાનું મૃત્યુ કુદરતી ન હતું. તેમને મારી મમ્મીના મૃત્યુનું દુઃખ હતું, શંકા પણ હતી, તેમ છતાં પોતાની આબરૂ છાપે ચડે તેમ હોવાથી તે આગળ વધ્યા નહીં. આ વાતોની કબૂલાત પણ તેમણે કરી હતી. એ સતત ત્રણ દિવસ આવ્યા. ત્રીજા દિવસે ઘરમાં મમ્મી સાથે જામી પડી. મમ્મીએ સંજયને બોલાવ્યો. એ બેય જણાએ પપ્પાને બરાબરના રીમાન્ડ ઉપર લીધા. ખબર નહીં પપ્પાને શું ઝનૂન ચડ્યું કે. તેમણે મમ્મીને બે થપ્પડ મારી લીધી. મેં સંજયને થપ્પડ મારીને એક ભૂલ કરી, પપ્પાએ મમ્મીને મારીને બીજી ભૂલ કરી. સરવાળે આખુંય મારી ઉપર આવી પડ્યું. મારી ઉપર જ નહીં રત્નાકરજી ઉપરેય ખરું.

'કેમ? રત્નાકરજીને શું થયું ?'

'અરે ઘણું થયું છે, પણ એ પછી કહું. મારી મૂર્ખાઈ જ મને આડી આવી છે. મારી ઈચ્છા ક્યાંક બહાર જવાની હતી. મને થોડા દિવસો એકલા રહેવું હતું., હું રૂટિન લાઈફથી ઉબાઈ ગઈ હતી. મેં રત્નાકરજીને કહ્યું તો તેમણે મને બોડીગાર્ડ વગર બહાર જવાની ના પાડી. હું જ્યાં જાઉં ત્યાં મારી સાથે ગનર હોય તે વાત મને ગમતી ન હતી. એટલે મેં ગનમેન વગર જ જવાની ઈચ્છા દર્શાવી. તેમણે ન છૂટકે મને રજા આપી. મને એવી જગ્યાએ જવું જ્યાં મને કોઈ ઓળખતું ન હોય. મેં એકાદ અઠવાડિયું પાલનપુરમાં વિતાવવાનું નક્કી કર્યું. જોકે જાહેર એવું કરવામાં આવ્યું કે હું ખંડાલા જાઉં છું. પાલનપુરમાં પણ અમારું એક મકાન છે. અમારા વડવાઓનું મકાન શહેરના અંદરના ભાગમાં હજુ એમ જ ઊભું છે અને દાદાજીએ સોસાયટી વિસ્તારમાં એક નાનકડું કોટેજ જેવું બીજું મકાન બનાવડાવેલું. એક હજાર વારના પ્લોટમાં ઊભેલા કોટેજની ખુલ્લી જમીન ઉપર એક નાનો સુંદર બગીચો પણ છે. એક માળી રાખેલો છે જે ઘરનું ધ્યાન રાખે છે. ઉપરાંત બગીચો સાચવે છે. તેનું નામ ગણપત છે. પાલનપુરની બૅન્કમાં દાદાજીના નામનું લોકર પણ હતું, જે પછીથી મારા નામે ટ્રાન્સફર કરવામાં આવ્યું. હું અગાઉ એ જગ્યાએ રહી આવી છું. આજે સત્યાવીસ જૂન છે, હું ત્રેવીસ જૂનના પાલનપુર આવી. મારી ગણતરી દસેક દિવસ રહેવાની હતી. હું થોડાં પુસ્તકો લઈ આવી હતી. મારે અહીં વાંચવું હતું. ટીવી જોવું હતું. ઉપરાંત દાદાજીના લોકરનું કેટલુંક કામ હતું. આ એ મકાન હતું જ્યાં મારી મમ્મી આવી ગઈ હતી. મને ખરેખર રીલેક્સ ફીલ થતું હતું.

'એક મિનિટ, તમારા દાદાજીએ બનાવેલા વિલમાં પાલનપુરનો કોઈ ઉલ્લેખ આવ્યો નથી. કે તમે મને કહેવાનું ભૂલી ગયા?'

મારી યાદદાસ્ત તેજ છે. એ વિલ રત્નાકરજીએ તૈયાર કર્યુ છે એમાં ભૂલ ન હોય. વિલમાં એક લાઈન એવી પણ છે કે મણિરામ ઝવેરીની મુંબઈ ઉપરાંત અન્ય જગ્યાએ પણ કોઈ મિલકત હોય તેની માલિકી પણ સોનલની રહેશે. જો કે મને આશ્ચર્ય એ વાતનું છે કે છેલ્લે મારા પપ્પા અને ભાઈઓને બોલાવ્યા ત્યારે તેમણે એવું શા માટે ન પુછ્યું કે પાલનપુરવાળું મકાન કોનું? નહીંતર મારે તે ત્યારે જ નિર્ણય લેવો પડ્યો હોત. ખેર જો એ મકાન એમને આપી દીધું હોત તો કદાચ આપણે મળ્યા જ ન હોત. હું મુંબઈથી અમદાવાદ બાય પ્લેન આવી અને ત્યાંથી કાર ભાડે કરીને પાલનપુર આવી.

કદાચ તમને મારા પોતાના વખાણ કરું છું એવું લાગશે, પણ જ્યારે કંઈ અજુગતું બનવાનું હોય મને અસુખ થવા માંડે છે. મને વિચિત્ર વિચારો આવવા માંડે, જે જગ્યાએ હોંઉ ત્યાંથી ભાગી જવાનું મન થાય. મને ગઈકાલ સવારથી જ એવું થતું હતું. ચિત્ત અજંપાથી ભરાઈ ગયું હતું. ભયજનક વિચારો આવતા હતા. બપોરે મેં સરખું ખાધું પણ નહીં. આમ રોજ હું જમ્યા પછી વાંચતી. ગઈકાલે વાંચવામાં ચિત્ત લાગતું ન હતું. ચારેક વાગ્યા હતા. અચાનક રત્નાકરજીના નંબર પરથી ફોન આવ્યો. મેં હંમેશ મુજબ નમસ્તે દાદાજી એવું કહ્યું, પણ રત્નાકરજીને બદલે એમના મોટો દીકરો અભિજિત બોલ્યો, 'બહેન હું અભિજિત બોલું છું. જરા ધ્યાનથી સાંભળો. ગઈ કાલે પપ્પાનો એક્સિડેન્ટ થયો છે. તેઓ આઈસીયુમાં છે. થોડીવાર પહેલા તેમણે તમને જાણ કરવાનું કહ્યું છે.'

મારાથી ગુસ્સામાં બોલાઈ ગયું, 'અરે એક્સિડેન્ટ ગઈ કાલે થયો છે અને તમે મને અત્યારે જાણ કરો છો. કેવી રીતે એક્સિડેન્ટ થયો?' 'બહેન, એ બધું પછી. પહેલા મારી વાત ધ્યાનથી સાંભળો. તમે જ્યાં છો એ જગ્યાએથી જલદી નીકળી જાઓ. તમે હમણા મુંબઈ ન આવતા એવી પપ્પાની સૂચના છે. તમે જલદી એ જગ્યા છોડી દેજો. કદાચ પપ્પાની કારને ટક્કર મારવામાં આવી છે. પપ્પા હમણા વાત કરી શકે તેવી સ્થિતિમાં નથી. તમે કોઈને ફોન કરો તો સાવધાની રાખજો. તમારા ફોનનું લોકેશન સર્ચ થાય તેવી શંકા છે. હું તમને ફોન કરીશ તમે ન કરતા.'

મારા મનમાં સન્નાટો છવાઈ ગયો.(ક્રમશઃ)■

# જુલાઈમાં રિટેલ ફુગાવો વધીને ૪.૪૫ ટકા પર

નવી દિલ્હીઃ જુલાઈ મહિના માટે છૂટક ફુગાવો ૪.૪૫ ટકા સુધી વધ્યો હોવાની માહિતી મળી છે.

૨૦૨૪ને આધાર વર્ષ તરીકે રાખીને, જુલાઈ ૨૦૨૬માં જુલાઈ ૨૦૨૫ની સરખામણીમાં ૪.૪૫ ટકાનો કામચલાઉ વાર્ષિક ફુગાવાનો દર નોંધવામાં આવ્યો હતો.

ગ્રામીણ ભારતમાં ફુગાવો ૪.૮૪ ટકાએ વધુ રહ્યો, જ્યારે શહેરી વિસ્તારોમાં ૩.૯૬ ટકાનો નીચો દર નોંધાવવામાં આવ્યો હતો.

આ આરબીઆઈના ૪ ટકાના લક્ષ્યાંકથી વધુ છે પરંતુ ૨-૬ ટકાની રેન્જમાં છે. જૂનમાં ફુગાવો ૪.૩૮ ટકા રહ્યો હતો.

ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર ફૂડ પ્રાઈસ ઇન્ડેક્સ (સીએફપીઆઈ)ના આધારે, જુલાઈ ૨૦૨૬માં કામચલાઉ ખાદ્ય ફુગાવો ૫.૫૨ ટકા પર વાર્ષિક ધોરણે હતો.

ગ્રામીણ ખાદ્ય ફુગાવો ૫.૭૯ ટકા અંદાજવામાં આવ્યો હતો, જ્યારે શહેરી ભારત માટે અનુરૂપ દર ૫.૦૫ ટકા હતો. વાર્ષિક ધોરણે માપવામાં આવતા હાઉસિંગ ફુગાવાનો અંદાજ જુલાઈમાં ૨.૨૨ ટકા હતો.

એમપીસીએ નોંધ્યું છે કે અપેક્ષા મુજબ, મુખ્ય સીપીઆઈ ફુગાવો લક્ષ્યાંકથી ઉપર ગયો છે.

જોકે, ક્યૂ-વન માટે વાસ્તવિક ફુગાવો ખર્ચ દબાણના મર્યાદિત પાસ-થ્રૂને પ્રતિબિંબિત કરતા અંદાદ કરતા થોડો ઓછો રહ્યો હતો.

ઉચ્ચ ફુગાવો મુખ્યત્વે ઇંધણ અને ખાદ્ય પદાર્થોને કારણે છે જેમાં અત્યાર સુધી ભાવ દબાણના સામાન્યીકરણના ઓછા સંકેતો છે. ■

# મિડવેસ્ટ અમેરિકામાં વાવાઝોડાથી ભારે તબાહી

શિકાગોઃ ભયંકર વાવાઝોડાએ અમેરિકાના મિડવેસ્ટને ધમરોળી નાખ્યું હતું અને વંટોળ, ભારે વરસાદ અને ઓચિંતા પૂર આવતા લાખો લોકોના ઘરેથી વીજળી ડૂલ થઈ ગઈ હતી. અગ્નિશામક દળ અને બચાવકારો બુધવારે આખી રાત રોડ પર જમીનદોસ્ત થયેલા વૃક્ષો અને વાયરને ખસેડવામાં પ્રવૃત્ત હતા.

મંગળવારના વાવઝોડાને લીધે એક ઝાડ ઘર પર તૂટી પડ્યું હતું અને ચાર વર્ષનું બાળક મરણ પામ્યું હતું, એવી માહિતી જેનિંગ્સ કાઉન્ટી શેરિફની ઑફિસે આપી હતી. ઓહિયોમાં ગવર્નર માઇક ડીવાઇને કહ્યું હતું કે રોસેવિલેનો રહેવાસી પૂરગ્રસ્ત રોડમાં ફસાઈ જતા આરોગ્ય કટોકટીને લીધે મરણ પામ્યો હતો. બચાવકારો તેની પાસે સમયસર પહોંચી શક્યા નહોતા. ઘરમાં થયેલા ધડાકામાં એક વ્યક્તિનું મરણ થયું હતું. ઇન્ડિયાનાના પોર્ટેજના અધિકારીઓ એ તપાસ કરી રહ્યા છે કે એ ધડાકામાં આકરા હવામાનની કોઈ ભૂમિકા હતી કે નહીં.

મંગળવારે નૈર્ઋત્ય ક્લેવલૅન્ડમાં જેલના સંકુલમાં વીજળી પડતા ૧૬ કેદીઓ ઘાયલ થયા હતા અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા એવી માહિતી ઓહિયોના કરેકશન ડિપાર્ટમેન્ટે આપી હતી.

વાવાઝોડાએ શિકાગોથી પશ્ચિમ પેનસિલ્વિનિયા સુધી કાળો કેર વરસાવ્યો હતો. નેશનલ વેધર સર્વિસે આગાહી કરી છે કે ભયંકર વાવાઝોડાં અને ભારે વરસાદનો ખતરો મિડવેસ્ટ, ઓહિયો અને સેન્ટ્રલ એપાલચિયન્સમાં આગામી થોડા દિવસો સુધી છે.

બુધવારે સવારે ઇલિયોનિસ, ઓહિયો અને કેનટર્કીના સાત લાખ ગ્રાહકોના ઘરે વીજળી નહોતી.

નેશનલ વેધર સર્વિસે શિકાગોના દક્ષિણની કાઉન્ટીમાં ત્રણ વંટોળ આવ્યા હોવાની વાતને સમર્થન આપ્યું હતું. ઓહિયો સહિતના અનેક રાજ્યોમાં બચાવકારોએ અનેક લોકોને બચાવ્યા હતા. ઓહિયોના ડીવાઇનના કહેવાથી ૪૦ ઓહિયો આર્મી નેશનલ ગાર્ડ મેમ્બરને કોલંબસની પૂર્વની બે કાઉન્ટીમાં મોકલવામાં આવ્યા હતા. શિકાગોના બે હવાઈમથકોમાં ફ્લાઇટ અટકાવી દેવાઈ હતી. (એજન્સી)■



**ખરાબે ચડ્યું જહાજઃ** ટેક્નિકલ ખામીને લીધે પશ્ચિમ બંગાળના સાઉથ ૨૪ પરગણા જિલ્લાના નૂરપુર-ગેઓનખાલી નજીક હુગલી નદીમાં જહાજ કાંઠે ઘસડાઈ આવ્યું હતું. (એજન્સી)

# ઈમરાન ખાનનું જેલમાં જ મૃત્યુ?

## પાકિસ્તાનના પત્રકારના દાવાને લીધે દુનિયાભરમાં ખળભળાટ

કરાંચીઃ પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાનનું જેલમાં જ મૃત્યુ થયું હોવાનો દાવો કરાયો છે. આ વાતથી અનેક પ્રકારની ચર્ચા શરૂ થઈ ગઈ છે. પાકિસ્તાનના પત્રકારે એવો પણ દાવો કર્યો છે કે, આ વિષય સંબંધિત કેટલાક સૂત્રો પાસેથી વિગત મળી છે અને આશંકા છે કે, ઇમરાન ખાન હવે દુનિયામાં રહ્યા નથી. કોઈને મળવા જવા ન દેતા ચિંતા વધી ગઈ છે. તહરીક-એ-ઇન્સાફના સંસ્થાપક ઇમરાન ખાનના મૃત્યુના સમાચારથી પાકિસ્તાનની રાજકીય લોબીમાં હિલચાલ વધી ગઈ છે. પાકિસ્તાનના એક મોટા કદના પત્રકારે દાવા સાથે વાત કરી છે કે એમની તબિયત અને સુરક્ષાને લઈને સવાલ ઊભા થઈ ગયા છે. પત્રકાર વજાહત સઇદે પોતાની એક યુટ્યુબ ચેનલ મારફતે એક દાવો કર્યો છે કે એમના સૂત્રોએ જણાવ્યું હતું કે, ઇમરાન ખાનનું મોત નીપજ્યું હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. ઇમરાન ખાન હવે જીવીત નથી.

આટલી વાત પરથી ચર્ચા એ શરૂ થઈ ગઈ છે કે, ખરેખર ઇમરાન ખાન જીવિત છે કે નહીં? માત્ર પાકિસ્તાનની રાજનીતિમાં જ નહીં ભારતમાં પણ એવો ગણગણાટ છે કે, ખરેખર તેઓ જેલમાં જીવીત છે કે નહીં? પત્રકારના સૂત્રો ત્યાં સુધી કહે છે કે, અમે એમને મૃત જોયા નથી કે એમની કોઈ ડેડબોડી જોઈ નથી. આવા દાવા પાછળ કોઈ આધારભૂત સ્રોત નથી. આ વાત સામે આવતા જેલ પરિસરથી લઈને પોલિટિક્સ સુધી અનેક એવા મુદ્દાઓ પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. ■

# સ્પાઈસજેટના વિમાનમાં એસી બંધ, ગૂંગળામણ થતા મુસાફરોનો હોબાળો

નવી દિલ્હીઃ દિલ્હીથી પુણે માટે સ્પાઇસજેટની ફ્લાઇટ ઉડાણ ભરે તે પહેલા મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો. દિલ્હી એરપોર્ટ પર બોર્ડિંગ પૂર્ણ થતાં જ સ્પાઈસજેટની ફ્લાઈટમાં એર કન્ડિશનિંગ સિસ્ટમ અચાનક ઠપ થઈ ગઈ હતી જેના કારણે વિમાનની અંદરનું તાપમાન ઝડપથી વધી ગયું. અતિશય ગરમી અને ગૂંગળામણને કારણે મુસાફરોની હાલત વધુ ખરાબ થવા લાગી હતી. લાંબા સમય સુધી કોઈ રાહત ન મળતાં મુસાફરો ગુસ્સે ભરાયા હતા અને ક્રૂ સામે વિરોધ નોંધાવ્યો હતો. મુસાફરોએ ટેકઑફ પહેલાં જ ફ્લાઇટને અટકાવી દીધી હતી.

બાદમાં સ્પાઈસ જેટે અન્ય વિમાનમાં મુસાફરોને પુણે રવાના કર્યા હતા.સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરાયેલા વીડિયોમાં ઘણા મુસાફરો ગરમીને કારણે પરેશાન થતા જોવા મળી રહ્યા છે. સ્પાઇસજેટના પ્રવક્તાએ બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફ્લાઇટ એસજી-૧૦૫માં છેલ્લી ઘડીએ ટેકનિકલ સમસ્યા આવી હતી અને ત્યારબાદ વૈકલ્પિક વિમાનની વ્યવસ્થા કરવામાં આવી હતી. મુસાફરોને થયેલી અસુવિધા બદલ દુઃખ વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે એસી સમગ્ર સમય દરમિયાન કાર્યરત રહી હતી. દિલ્હીમાં વર્તમાન હવામાન પરિસ્થિતિઓને કારણે કેટલાક મુસાફરોને અસ્વસ્થતાનો અનુભવ થયો હશે. જોકે, એક મુસાફરે દાવો કર્યો હતો કે એસી સિસ્ટમ નિષ્ફળ ગઈ હતી અને તેમને ઉતરતા પહેલા લગભગ અડધા કલાક સુધી વિમાનની અંદર બેસી રહેવું પડ્યું હતું. વિમાનમાં સવાર મુસાફરોની સંખ્યા વિશે વિગતો જાણી શકાઈ નથી, પરંતુ તે જ ફ્લાઇટમાં મુસાફરી કરી રહેલા લેશપાલ જવલગેએ જણાવ્યું હતું કે ૧૦૦થી વધુ મુસાફરો હતા અને તેમને ગંભીર અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો. ■

# એફસીઆરએ બિલ સંયુક્ત સંસદીય સમિતિને હવાલે

નવી દિલ્હીઃ વિપક્ષના ભારે હોબાળા વચ્ચે વિવાદાસ્પદ એફસીઆરએ સુધારા ખરડાને સંયુક્ત સંસદીય સમિતિને મોકલી આપવામાં આવ્યો હતો અને ગૃહની કામગીરી દિવસ માટે સ્થગિત કરવામાં આવી તે અગાઉ માઈન્સ ઍન્ડ મિનરલ્સ ડેવલપમેન્ટ ખરડાને કોઈ પણ પ્રકારની ચર્ચા વિના મંજૂરી આપી દેવામાં આવી હતી. ઓમ બિરલાએ વિપક્ષના સભ્યોને કહ્યું હતું કે તેમના વિચારો સત્તાપક્ષથી અલગ હોઈ શકે છે, પરંતુ દેશ ઈચ્છે છે કે સંસદની કામગીરી ચાલુ રહે.

તેમણે વિપક્ષને ગૃહની કામગીરી ચાલવા દેવાની વિનંતી કરી હતી અને કહ્યું હતું કે વિરોધ અને સૂત્રોચ્ચાર કરી સંસદની છબીને નુકસાન પહોંચાડવું યોગ્ય નથી. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે લોકસભાના સ્પીકર ઓમ બિરલાને 'નીટ' પેપર લીક મુદ્દે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અંગે ચર્ચા કરવા વિપક્ષની સલાહ લેવાની વિનંતી કરી હતી અને કહ્યું હતું કે ગૃહમા હું વિપક્ષના તમામ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છું.

સ્પીકરને લખેલા પત્રમાં શાહે જણાવ્યું હતું કે મને લોકશાહી અને લોકશાહી સંસ્થાઓમાં સંપૂર્ણ વિશ્વાસ છે.

લોકશાહીમાં કોઈ પણ સમસ્યાનો ઉકેલ શોધવા સંવાદ અને ચર્ચા જ એકમાત્ર માર્ગ છે, એમ તેમણે કહ્યું હતું.

શાહે કહ્યું હતું કે ચર્ચા માટે જેટલા સમયની જરૂર હોય તેટલો સમય ફાળવવામાં આવે અને સમગ્ર ચર્ચા દરમિયાન હાજર રહીને હું વિપક્ષના તમામ પ્રશ્નોના જવાબ આપીશ. ચર્ચામાં સત્તાપક્ષ અને વિપક્ષ બંનેને વિદ્યાર્થીઓના વિરોધ જેવા મહત્ત્વના મુદ્દે પોતાના વિચારો રજૂ કરવાની તક મળવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# ટ્રમ્પે પોતાને ઊંઘમાંથી જગાડવા યુવતીને નોકરી પર રાખી છે?

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ બેઠક દરમિયાન ઊંઘતા ઝડપાયા હોવાનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. કામ કરતી વખતે ઊંઘતા હોવાને કારણે ટ્રમ્પ મજાકનો વિષય બની ગયા છે.

હવે એ ઑનલાઈન ચર્ચાએ જોર પકડ્યું છે કે ટ્રમ્પે પોતાને ઊંઘમાંથી જગાડવા એક યુવતીને નોકરી પર રાખી છે.

વીડિયોમાં એક મહિલા ટ્રમ્પની પાછળ ઊભેલી જોવા મળે છે અને તે જેવી પોતાનાં પેટ પર હાથ રાખે છે કે ટ્રમ્પ જાગી જાય છે. આ કામ માટે મહિલા પાસે એક વિશેષ બઝર પણ છે. આ મહિલા જેવી પોતાનાં પેટ પર હાથ રાખે છે કે બઝર વાગવા માંડે છે અને ટ્રમ્પ જાગી જાય છે.

આ મહિલાનું કામ ઝોકું ખાતા ટ્રમ્પને જગાડવાનું છે.

અગાઉ ટ્રમ્પ ભૂતપૂર્વ પ્રમુખ જૉ બાઈડનની કથિત સુસ્તીની નિયમિત રીતે મજાક ઉડાડતા હતા અને અવારનવાર તેમને 'સ્લિપી જૉ' તરીકે સંબોધતા હતા. ■

# કેરળનું નામ કેરલમ કરવાને લગતા ખરડાને મંજૂરી

નવી દિલ્હીઃ કેરળનું નામ બદલીને કેરલમ કરવાને લગતા ખરડાને મંગળવારે લોકસભામાં મંજૂરી આપવામાં આવી હતી. રાજ્યસભામાં આ ખરડાને ધ્વનિમતથી મંજૂરી આપવામાં આવી હતી. કેરળ વિધાનસભાએ વર્ષ ૨૦૨૪માં આ ઠરાવ પસાર કરી રાજ્યનું નામ કેરળથી બદલીને કેરલમ કરવા કાયદો લાવવાની કેન્દ્ર સરકારને વિનંતી કરી હતી.

રાજ્ય વિધાનસભા દ્વારા મંજૂર કરવામાં આવેલા આ ઠરાવને કેરળ સરકારે મંજૂરી માટે જૂન ૨૦૨૪માં કેન્દ્ર સરકારને મોકલી આપ્યો હતો.

રાષ્ટ્રપતિએ આ ખરડો રાજ્ય વિધાનસભાને તેના અભિપ્રાય માટે મોકલી આપ્યો હતો. ત્યાર બાદ રાજ્ય વિધાનસભાએ ખરડા અંગે સર્વસંમતિ ધરાવતો ઠરાવ પસાર કર્યો હતો. ખરડામાં રાજ્યનું નામ કેરળમાંથી કેરલમ કરવાની જોગવઈ કરવામાં આવી છે જેમાં બંધારણ સંબંધિત જોગવાઈઓમાં જરૂરી સુધારા સહિત અન્ય અનુસંગિક જોગવાઈઓનો પણ સમાવેશ થાય છે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| कांगावा | કંસારો |
| कांटी | સોનુ |
| कांचन | રોદણાં |
| कासार | આકુળવ્યાકુળ |
| कासावीस | કાંટાવાળી વાડ |

## જાણવા જેવું

વાદળના ચાર પ્રકાર છેઃ પહેલું વાદળ સૌથી આછું, વધુ ઊંચું હોય છે. વરસાદ પડવાનો ભય હોતો નથી. બીજા પ્રકારનું વાદળ ઘણી ઓછી ઊંચાઈએ હોય છે. તેમાંથી વરસાદ પડતો નથી. ત્રીજા પ્રકારને રાતનું વાદળ કહેવામાં આવે છે. કારણ કે સાંજે બંધાઈ સવારે અદશ્ય થઈ જાય છે. એ સૌથી નીચું હોય છે. ચોથા પ્રકારનું વાદળ ખરું વરસાદનું વાદળ છે. તે ઘણું ભેજવાહક, ઘટ્ટ અને કાળું હોય છે.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીના સગા જેઠના સસરાની એકમાત્ર દીકરીની પુત્રી સ્ત્રીને શું કહીને બોલાવે એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકી ब) માસી
ક) મામી ડ) ફોઈ

## નોંધી રાખો

*ભીના થયા પછી જ પલાળવું શું એ તમને સમજાય, કારણ કે આંગણી કંકુવાળી ન થાય ત્યાં સુધી બીજાના કપાળે ચાંદલો નથી કરી શકાતો.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | | ૩ | | ૪ | ૫ |
| | | | ૬ | | | ૭ | ૮ | | |
| ૯ | ૧૦ | | | | ૧૧ | | | | |
| ૧૨ | | | | ૧૩ | | ૧૪ | | ૧૫ | |
| | | | ૧૬ | | ૧૭ | | | | |
| | | ૧૮ | | ૧૯ | | | | ૨૦ | |
| ૨૧ | | | ૨૧અ | | | | ૨૨ | | ૨૩ |
| | | ૨૪ | | | | ૨૫ | | ૨૬ | |
| | | ૨૭ | ૨૮ | | ૨૯ | | | | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

### આડી ચાવી

૧. તરછોડાયેલું (૪)
૪. --- ચડે તે ચોર (૨)
૬. રુચિ (૨)
૭. પૃથ્વી (૨)
૯. જીદ્, હઠ (૨)
૧૨. વિવેક, અદબ (૩)
૧૩. સમૃદ્ધ, ભરપૂર (૩)
૧૫. ગુજરાતનું એક ગિરિમથક (૨)
૧૭. આશ્ચર્ય (૩)
૧૮. તાપ (૩)
૨૧. --- તીગડા કામ બીગડા (૨)
૨૧અ. સરસ (૩)
૨૨. ઢીલું, પોચું (૩)
૨૬. જક, દુરાગ્રહ (૨)
૨૭. દીકરો (૨)
૨૯. રીત, પદ્ધતિ, (૨)
૩૦. જીદી (૨)
૩૧. લાંબા સમયથી ચાલતાં આવેલા રીત રિવાજને વળગી રહેનારું (૪)

### ઊભી ચાવી

૧. રુખસદ (૪)
૨. ખૂબ જાડું, હષ્ટપુષ્ટ (૩)
૩. ઉતાવળ, દોડાદોડી (૨)
૫. --- નાંખવા=પડાવ નાંખવો, મુકામ કરવો (૪)
૮. લંકાની --- ને ઘોઘાનો વર (૨)
૧૦. કૃષ્ણ (૩)
૧૧. જીભ (૩)
૧૪. ખડિયો (૩)
૧૬. શરીરે મોટું પણ અક્કલમાં ઓછું, જડ (૩)
૧૯. એક જાતનું હલકું ધાન્ય (૩)
૨૦. ઈચ્છા, ખુશી (૩)
૨૧. નિશાનબાજ, તીર મારવામાં કુશળ (૪)
૨૩. મદમાતું, મદોન્મત (૪)
૨૪. યુદ્ધ, મોટી લડાઈ (૨)
૨૫. શાખ, નામના (૩)
૨૮. ખોળો (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગૃ | ૨ હ | | ૩ શ્ર | મ | | ૪ દુ | રા | ૫ ગ્ર | ૬ હ |
| ૭ હો | ડી | | મિ | | | કા | | ૮ હ | સ્ત |
| ધો | | | ૯ ત | ૧૦ ર | ૧૧ બો | ળ | | | ક |
| ૧૨ ગ | ણ | ૧૩ ના | | ૧૪ ત | લ | | ૧૫ અ | ૧૬ બો | લા |
| | | મ | | | | ૧૭ મ | દા | ર | |
| | ૧૮ અં | ધા | રું | | | | વ | | |
| ૧૯ ચા | ક | રી | | ૨૦ વે | ૨૧ ત | | ૨૨ ત | ડ | ૨૩ પ |
| લ | | | ૨૪ ખ | જા | ન | ૨૫ ચી | | | ડ |
| ૨૬ બા | ૨૭ જ | | મૈ | | | ત્કો | | ૨૮ વા | ઘ |
| ૨૯ જી | વ | દ | યા | | ૩૦ જો | ર | | ૩૧ મ | મ |

## ઓળખાણ પડી?

સાચી દિશા નક્કી કરી આપતા વિશિષ્ટ દિશામાપક સાધનની ઓળખાણ પડી? એની સોય હંમેશા ઉત્તર દિશા જ દર્શાવે છે.



અ) માપકયંત્ર બ) દિશધારી યંત્ર ક) બાજુબંધ યંત્ર ડ) હોકાયંત્ર

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

આપેલા વાક્યમાં હાથનો પર્યાય સંતાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.

અવસર આવ્યે ભાગોળે દીવા કરવા જોઈએ

## માઈન્ડ ગેમ

ગ્લાસગોમાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સમાં ૫૧ કિલો વિભાગમાં ગોલ્ડ મેડલ મેળવી દેશનું નામ રોશન કરનારી મહિલા બોક્સરનું નામ જણાવો.

અ) સોમન રાણા બ) તેજસ્વીની શંકર ક) સાક્ષી ચૌધરી ડ) મૃણાલ ચેટરજી

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૧ | ૨ | ૪ | | | ૩ | |
| ૩ | ૮ | | | | | | | |
| ૪ | | | ૯ | | | ૬ | | ૧ |
| ૬ | | ૯ | | | | | | |
| | ૧ | ૪ | | | | ૯ | ૬ | |
| | | | | | | ૫ | | ૭ |
| ૧ | | ૫ | | | ૪ | | | ૬ |
| | | | | | | | ૭ | ૪ |
| | ૪ | | | ૮ | ૨ | ૩ | ૧ | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૭ | ૩ | ૧ | ૫ | ૮ | ૬ | ૯ |
| ૫ | ૬ | ૧ | ૮ | ૪ | ૯ | ૩ | ૨ | ૭ |
| ૯ | ૮ | ૩ | ૨ | ૭ | ૬ | ૪ | ૧ | ૫ |
| ૧ | ૩ | ૮ | ૯ | ૫ | ૪ | ૬ | ૭ | ૨ |
| ૬ | ૯ | ૪ | ૭ | ૨ | ૩ | ૧ | ૫ | ૮ |
| ૭ | ૫ | ૨ | ૬ | ૮ | ૧ | ૯ | ૪ | ૩ |
| ૪ | ૭ | ૬ | ૫ | ૯ | ૮ | ૨ | ૩ | ૧ |
| ૩ | ૨ | ૯ | ૧ | ૬ | ૭ | ૫ | ૮ | ૪ |
| ૮ | ૧ | ૫ | ૪ | ૩ | ૨ | ૭ | ૯ | ૬ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| खेप | ફેરો |
| खेरीज | સિવાય |
| खेळकर | રમતિયાળ |
| खेवैया | સુકાની |
| खेळखंडोबा | વેરવિખેર |

**ગુજરાત મોરી મોરી રેઃ** પતિ

**ઓળખાણ પડી?** જાસ્મીન લંબોરિયા

**માઈન્ડ ગેમ :** ગુજરાત

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** મની

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભરત કજરિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભામિની સંપટ (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મહેશ એન. સંઘવી (૧૩) લજિતા ખોના (૧૪) અમીશી બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૭) કુંદન કે મારુ (૧૮) ભાવના કર્વે (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) કમલ માતલિયા (૨૨) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) અંજુ ટોલિયા (૨૬) જયવંત પદમશી ચિખલ (૨૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) નિતીન જયંતીલાલ બજરિયા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) અરવિંદ કામદાર (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) પ્રવીણ વોરા (૪૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા

# હોર્મુઝની ચિંતા વચ્ચે શૅરબજારમાં બીજા દિવસે ઘટાડો: ટાટા ગ્રૂપના શૅરમાં વેચવાલીનું દબાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઇરાન અને અમેરિકા વચ્ચેની મડાગાંઠનો ઉકેલ ફરી દૂર જણાંતા ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો જારી રહેવા સાથે સ્થાનિક સ્તરે ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરનના રાજીનામા પછી ટાટા ગ્રુપના શેરોમાં વેચવાલીનું દબાણ વધવાને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક સર થતાં સેન્સેક્સ ૧૮૭.૯૦ પોઈન્ટ અથવા ૦.૨૪ ટકા ઘટીને ૭૭,૯૬૬.૩૫ની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૬૫૬.૩૨ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકા ઘટીને ૭૭,૪૯૭.૯૩ સુધી નીચે ગબડ્યો હતો. નિફ્ટી ૩૫.૭૫ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા ઘટીને ૨૪,૪૩૫.૯૫ પોઇન્ટના સ્તર પર બંધ થયો.

ટીસીએસ ૩.૭૧ ટકાના કડાકા સાથે સેન્સેક્સનો ટોપ લુઝર શેર બન્યો હતો. આ ઉપરાંત મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાટા સ્ટીલ, લાર્સન એન્ડ ટૂબ્રો, ઇટર્નલ અને ઇન્ફોસિસ ટોચના ઘટનારા શેરોમાં સામેલ હતો. જ્યારે સ્ટેટ બેન્ક, ભારતી એરટેલ, અલ્ટ્રાટેક સીમેન્ટ અને પાવર ગ્રીડ ટોચના વધાનારા શેરોની યાદીમાં હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ એક તબક્કે ૯૦ ડોલર સુધી પહોંચીને ૦.૧૭ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૮૮.૭૯ ડોલર બોલાયું હતું.

પ્રાઇમરી માર્કેટમાં હોરાઇઝન ઇન્ડસ્ટ્રીયલ પાર્ક્સનો રૂ. ૨,૬૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ, જ્યારે એનએસઈ અને બીએસઇ પર લિસ્ટીંગ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૫૭ થી રૂ. ૬૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૨૫૦ શેર છે.

ઇન્ડેલ મની લિમિટેડ રૂ. ૫૦૦ કરોડના નોન કન્વર્ટિબલ ડિબેન્ચરનું જાહેર ભરણું લાવી રહી છે, જેની ફેસ વેલ્યુ રૂ. ૧૦૦૦ અને મુદ્દત ૪૦૦ દિવસથી ૭૨ મહિનાની છે. ભરણું ૧૮ ઓગસ્ટે ખુલશે અને ૩૧ ઓગસ્ટે બંધ થશે. ઇફેક્ટિવ યીલ્ડ ૧૨.૨૫ ટકા પ્રતિ વર્ષ છે. એનસીડી બીએસઇ પર લિસ્ટેડ થશે. રોકાણકારો એક અથવા વધુ અરજીઓ કરી શકે છે, જે બધી શ્રેણીમાં ઓછામાં ઓછી ૧૦,૦૦૦ અરજી કદને આધીન છે અને ત્યારબાદ રૂ. ૧,૦૦૦ના ગુણાંકમાં અરજી કરી શકે છે.

પોલિમર મોલ્ડેડ પ્રોડક્ટ મેન્યુફેક્ચરર, મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડ તેની ઉત્પાદન ક્ષમતામાં ૩,૫૫૦ મેટ્રિક ટન પ્રતિ વર્ષનું વિસ્તરણ કરી રહી છે. હાલની ઉત્પાદન ક્ષમતા ૩૨,૪૫૦ મેટ્રિક ટન પ્રતિ વર્ષથી વધુ છે. હાલની ક્ષમતાનો ઉપયોગ ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા વર્ષ માટે ૬૪ ટકા જેટલો રહ્યો છે. એકમે સોલર હોલ્ડિંગ્સે તેના રૂ. ૨૧૪૭ કરોડના ઓફશોર ડોલર બોન્ડનું સંપૂર્ણ રિડેમ્પ્શન જાહેર કર્યું હતું. એસઈપીસી લિમિટેડે જૂન ક્વાર્ટરમાં ૪૦ ટકાના વધારા સાથે રૂ. ૨૮૨ કરોડની કુલ આવક નોંધાવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરમાં રૂ. ૨૦૨ કરોડ હતી. વિદેશ બજારોની પ્રતિકૂળતાને કારણે કંપનીએ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરમાં રૂ.૧૭ કરોડના નફાની સરખામણીમાં રૂ. ૧૧ કરોડની ચોખ્ખી ખોટ નોંધાવી હતી. કંપનીને ઓગસ્ટમાં સેઇલ પેલેટ પ્લાન્ટનો રૂ. ૯૫૨ કરોડનો ઓર્ડર મળ્યો છે.

આરડી ઇન્ડસ્ટ્રીઝના શેર તેના રૂ. ૫૩ના ઇશ્યૂ ભાવ સામે ૩૮.૮૬ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૭૩.૬૦ની સપાટીએ ખૂલ્યા હતા.

મન્નાપુરમ ફાઇનાન્સનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ જૂન ક્વાર્ટરમાં ૩૨૨.૪૫ ટકાના વધારા સાથે રૂ.૫૮૪.૫૮ કરોડ નોંધાયો છે. શંકેશ જ્વેલર્સનો રૂ. ૩૬૭.૧૮ કરોડનો આઇપીઓ ૧૮ ઓગસ્ટે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૦ ઓગસ્ટે બંધ થશે. લલિતા જ્વેલરીનો રૂ. ૧,૭૦૦ કરોડનો આઇપીઓ ૧૭ ઓગસ્ટે સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૯ ઓગસ્ટે બંધ થશે.

ઇઝરાયલની શેર્પલાઇટ ટેક્નોલોજીસ ભારતમાં નવી ટેક્નોલજી સાથે પ્રવેશી રહી છે. લાઇટ અને એનર્જી આધારિત ટ્રીટમેન્ટમાં ૨૦ વર્ષથી વધુના આરએન્ડડી સાથે કંપની પેટન્ટવાળા ડાયનામિક પલ્સ કન્ટ્રોલ ટેક્નોલોજી લાવી રહી છે. કંપની રેપીડ એલાઇટ અને રેપીડ ફેનટમ પ્રોડક્ટ લાવી રહી છે, જે ત્વચાની તમામ પ્રકારની સારવાર માટે વપરાય છે. કંપની ૬૦ દેશમાં હાજરી ધરાવે છે.

સેન્કો ગોલ્ડનો પ્રથમ ક્વાર્ટરનો ચોખ્ખો નફો ત્રણ ટકા ઘટીને રૂ. ૧૦૧.૧૦ કરોડ થયો છે. આવકમાં ૬૭ ટકા વધારો થયો છે. ડાઇવર્સિફાઇડ રિટેલ અને ફૂડ પ્રોસેસિંગ કંપની, પટેલ રિટેલ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ ના પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૬૯.૩૫% વૃદ્ધિ સાથે રૂ.૩૧૦.૨૪ કરોડની કુલ આવક, ૩૭.૪૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૯.૫૨ કરોડનો ચોખ્ખો નફો અને ૨૩.૯૨ ટકા વૃદ્ધિ સાથે ૧૯.૬૮ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

સીમેન્સનો ચોખ્ખો નફો પ્રથમ ક્વાર્ટરમાં ૧૮ ટકા ઘટીને રૂ ૩૪૩ કરોડ નોંધાયો હતો. હેન્ડિક્રાફ્ટ ક્ષેત્રે ભારતે એક નવી સિદ્ધી મેળવી છે. વિશાખાપટ્ટનમ ખાતે મહિલા મનોવિકાસના ૩૩૦થી વધુ કારીગરોએ લગભગ ૧૨.૧૮ કિલોમીટર સુધી ફેલાયેલા ૪૭૬૭૧ હાથથી બનાવેલા ક્રોશેટ ત્રિરંગી બંટીંગ્સ સાથે વિશ્વની સૌથી લાંબી ક્રોશેટ બંટીંગ્સ સાંકળ માટે નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. એમઆરએફ લિમિટેડે જૂન ક્વાર્ટરમાં ૧.૩ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૯૫.૩૫ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૩.૬૮ ટકા વધ્યો. જાપાનનો નિક્કી ૨૨૫ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ પણ ઉપર બંધ થયો, જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે સ્થાયી થયો હતો. યુરોપિયન બજારો મોટાભાગે હકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઈ રહ્યા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૨૫૮.૫૫ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા.

૨૦૨૬માં સતત ત્રીજા કેલેન્ડર વર્ષમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)નું ભારતીય ઈક્વિટીસ કેશમાં ઈન્વેસ્ટમેન્ટ રૂપિયા પાંચ ટ્રિલિયન (લાખ કરોડ)ને પાર કરી ગયું છે. બીજી બાજુ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂપિયા ૩.૪૮ટ્રિલિયનની નેટ વેચવાલી રહી છે. ગયા સપ્તાહના અંત સુધીમાં ડીઆઈઆઈનું વર્તમાન વર્ષનું નેટ ઈક્વિટી રોકાણ રૂપિયા ૫.૧૩ ટ્રિલિયન પહોંચી ગયું છે. ગયા વર્ષના આ સમયગાળા સુધીમાં આ આંક રૂપિયા ૪.૪૮ ટ્રિલિયન રહ્યો હતો.

દરમિયાન, કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા રજૂ કરાયેલા નિયમનકારી પગલાંને પરિણામે નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઇક્વિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં રિટેલ રોકાણકારોના કુલ ચોખ્ખા નુકસાનમાં ઘટાડો જોવા મળ્યો છે, જે પાછલા નાણાકીય વર્ષમાં રૂ. ૧.૧૨ લાખ કરોડ જેટલો હતો, એમ મંગળવારે સંસદમાં જણાવવામાં આવ્યું છે.

# ડૉલર સામે રૂપિયામાં સાધારણ ત્રણ પૈસાનો સુધારો

મુંબઈ: અમેરિકા-ઈરાન વચ્ચે ડીલ થવાની સાથે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવાના આશાવાદ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૫૮.૫૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાધારણ ત્રણ પૈસાના સુધારા સાથે ૯૫.૩૩ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનો અન્ડરટોન રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું દરમિયાન ગઈકાલે રેટિંગ એજન્સી ફિચે સતત વીસમાં વર્ષે ભારતનાં સાર્વભોમ ધિરાણનું રેટિંગ ટ્રીપલ બી પ્લસ જાળવી રાખ્યું હતું, પરંતુ યુવાનો દ્વારા રોજગારીનાં મુદ્દે થયેલા દેખાવોને ધ્યાનમાં લેતાં રાજકોષીય ખર્ચનાં જોખમો અંગે ચેતવણી પણ આપી હતી. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૩૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૪૩ અને ઉપરમાં ૯૫.૨૪ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના સુધારા સાથે ૯૫.૩૩ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં છ પૈસાનો ઘટાડો આવ્યો હતો.

અમેરિકાનાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની જાહેરાત પૂર્વે આજે બજારમાં સાવચેતીનો અભિગમ જોવા મળ્યો હતો. જો ફુગાવાના ડેટામાં બજારની અપેક્ષા કરતાં વધુ વૃદ્ધિ થશે તો સપ્ટેમ્બરમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનશે અને ડૉલર ઈન્ડેક્સમાં વધારો થશે અને રૂપિયો દબાણ હેઠળ આવશે અને જો ફુગાવામાં ઓછી વૃદ્ધિ થઈ તો વ્યાજદરમાં વધારાની શક્યતા ઓસરતા ડૉલર નબળો પડતાં રૂપિયાને ટેકો મળશે, એમ સીઆર ફોરેક્સ એડવાઈઝરનાં મેનેજિંગ ડિરેક્ટર અમિત પાબારીએ જણાવ્યું હતું. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા વધીને ૯૯.૮૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૦૭ ટકા વધીને બેરલદીઠ ૮૮.૯૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧૮૭.૯૦ પૉઈન્ટ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૩૫.૭૫ પૉઈન્ટ ઘટીને બંધ આવ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો.

# ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડિજિટલ ધોરણે પાકનાં અંદાજનું સર્વેક્ષણ અમલી

નવી દિલ્હી: દેશનાં ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડિજિટલ ધોરણે પાકના અંદાજના સર્વેક્ષણનો અમલ થઈ ગયો હોવાનું તાજેતરમાં લોકસભામાં જણાવાયું હતું.

લોકસભામાં રાજ્યકક્ષાના કૃષિ પ્રધાન રામનાથ ઠાકુરે એક પ્રશ્નનો લેખિતમાં ઉત્તર આપતાં જણાવ્યું હતું કે દેશમાં તબક્કાવાર ધોરણે ડિજિટલ જનરલ ક્રોપ એસ્ટિમેશન સર્વે (ડીજીસીઈએસ)હાથ ધરવામાં આવે છે. રાજ્ય સરકારોની તૈયારી, ડિજિટલ માળખાગત સુવિધાઓની ઉપલબ્ધિતા અને ક્ષેત્રીય અધિકારીઓની ક્ષમતાના આધારે તેમની સાથે સલાહમસલત કરીને ક્રમશઃ વિસ્તરણ હાથ ધરવામાં આવી રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૩-૨૪ની ખરીફ મોસમમાં દેશનાં ૧૦ રાજ્યોના ચોક્કસ પસંદગીનાં જિલ્લાઓમાં આરંભમાં અમલ કરવામાં આવ્યો હતો. તેની સફળતા સાથે વર્ષ ૨૦૨૩-૨૪ની ખરીફ મોસમમાં તેનું વિસ્તરણ દેશનાં બાવીસ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરવામાં આવ્યું હતું અને હવે દેશનાં ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તેનો અમલ થઈ રહ્યો છે. તબક્કાવાર ધોરણે વિસ્તરણ થવાથી પાક ઉપજ અંદાજોના કવરેજ, પારદર્શિતા અને ગુણવત્તામાં સુધારો કરીને પાક અંદાજ માટેની ડિજિટલ ઈકોસિસ્ટમ નોંધપાત્ર મજબૂત થઈ છે. ડીજીસીઈએસથી ક્રોપ કટિંગ એક્સપરિમેન્ટ્સમાં ઘણાં લાભો આપે છે અને મોબાઈલ એપ્લિકેશન મારફતે કાગળ વિહીન કાર્યપ્રવાહ જળવાઈ રહેવાની સાથે વાસ્તવિક સમયનાં ડેટા ઉપલબ્ધ થાય છે. વધુમાં આ સિસ્ટમને જિઓ ટેગિંગ, ટાઈમ સ્ટેમ્પિંગ અને અધિકૃત ફોટોગ્રાફ પુરાવા મળતા હોવાથી પારદર્શકતામાં વધારો થાય છે, એમ તેમણે ઉમેર્યું હતું.

# વૈશ્વિક અનિશ્ચિતતા છતાં એપ્રિલથી જુલાઈ દરમિયાન નિકાસમાં અંદાજે ૧૫ ટકાનો વધારો: ગોયલ

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષમાં વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ રહ્યો હોવા છતાં ગત એપ્રિલથી જુલાઈ દરમિયાન નિકાસમાં અંદાજે ૧૫ ટકાનો વધારો થયો હોવાનું વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે જણાવવાની સાથે વર્તમાન નાણાકીય વર્ષમાં ગૂડ્સ અને સર્વિસીસની એક ટ્રિલ્યન ડૉલરની નિકાસનો લક્ષ્યાંક હાંસલ થઈ જવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

નોંધનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ગૂડ્સ અને સર્વિસીસ નિકાસ ૮૬૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ચાર મહિનામાં નિકાસમાં અંદાજે ૧૫ ટકાની વૃદ્ધિ થઈ હોવાનું જણાવતાં ઉમેર્યું હતું કે નિકાસ અને આયાતના અંતિમ આંકડાઓની જાહેરાત ૧૩મી ઑગસ્ટના રોજ થશે, એમ જણાવતા તેમણે મુક્ત વેપાર કરાર અંગે જણાવ્યું હતું કે છેલ્લાં ચાર વર્ષમાં નવ મુક્ત વેપાર કરારને અંતિમ ઓપ આપવામાં આવ્યો છે અને તેને કારણે સ્થાનિક ઉદ્યોગ માટે ઘણી તકો સર્જાઈ છે. તેમ જ કુલ વૈશ્વિક વેપારમાં આ કરારનો હિસ્સો અંદાજે બે તૃતીયાંશ જેટલો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી જૂન સુધીના સમયગાળામાં નિકાસ ૧૫.૯૨ ટકા વધીને ૧૨૯.૩૨ અબજ ડૉલરના સ્તરે રહી હતી, જ્યારે આયાત ૧૯.૮૯ ટકા વધીને ૨૧૬.૧૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.


## ટ્રેન નંબર ૨૨૯૨૭/૨૨૯૨૮ બાંદ્રા (ટી)–અમદાવાદ લોકશક્તિ એક્સપ્રેસ વડનગર સુધી લંબાવી

| ટ્રેન નંબર ૨૨૯૨૭ બાંદ્રા (ટી)-વડનગર લોકશક્તિ એક્સપ્રેસ<br>મુસાફરી ૧૩.૦૮.૨૦૨૬ (ગુરુવાર)થી શરૂ | | | ટ્રેન નંબર ૨૨૯૨૮ વડનગર-બાંદ્રા (ટી) લોકશક્તિ એક્સપ્રેસ<br>યાત્રા ૧૪.૦૮.૨૦૨૬ (શુક્રવાર)થી શરૂ | |
|---|---|---|---|---|
| આગમન | પ્રસ્થાન | સ્ટેશન | આગમન | પ્રસ્થાન |
| – | ૧૯:૪૦ | બાંદ્રા (ટી) | ૦૫:૨૫ | – |
| ૦૪:૧૦ | ૦૪:૨૦ | અમદાવાદ | ૨૦:૨૫ | ૨૦:૩૫ |
| ૦૫:૩૦ | ૦૫:૩૫ | મહેસાણા | ૧૮:૪૫ | ૧૮:૫૦ |
| ૦૬:૪૦ | - | વડનગર | - | ૧૮:૨૦ |

- ટ્રેન નંબર ૨૨૯૨૭ બાંદ્રા (ટી) - વડનગર લોકશક્તિ એક્સપ્રેસનો નવો નંબર ૧૨.૧૦.૨૦૨૬ની યાત્રાથી ૧૯૦૧૭ હશે
- ટ્રેન નંબર ૨૨૯૨૮ વડનગર - બાંદ્રા (ટી) લોકશક્તિ એક્સપ્રેસનો નવો નંબર ૧૩.૧૦.૨૦૨૬ની યાત્રાથી ૧૯૦૧૮ હશે

બીજા વચ્ચે આવતા સ્ટેશનના સમયમાં કોઈ ફેરફાર નથી.

રોકાણ, રોકાણનો સમય અને કમ્પોઝિશન માટે યાત્રીઓ https://enquiry.indianrail.gov.in/mntes/ની મુલાકાત લો

વેસ્ટર્ન રેલવે
wr.indianrailways.gov.in

અમને અહીં લાઈક અને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

બધી આરક્ષિત ટિકિટ માટે આઇડી પ્રુફ રાખવાની કૃપા કરશો


# જુલાઈમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોનો આંતરપ્રવાહ ૧૫ ટકા ઘટીને ₹ ૨૪,૬૯૭ કરોડ

નવી દિલ્હી: ગત જુલાઈ મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં આંતરપ્રવાહ માસાનુમાસ ધોરણે ૧૫ ટકા ઘટીને રૂ. ૨૪,૬૯૭ કરોડનો રહ્યો હતો, જ્યારે આ પૂર્વના જૂન મહિનામાં આંતરપ્રવાહ રૂ. ૨૮,૯૭૩ કરોડની સપાટીએ રહ્યો હોવાનું ઔદ્યોગિક સંગઠન એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાએ આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. જુલાઈ મહિનાની આંકડાકીય માહિતીને ધ્યાનમાં લેતા એકંદરે ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ ઈન્વેસ્ટમેન્ટમાં આંતરપ્રવાહ મક્કમ ધોરણે જળવાઈ રહ્યો છે, પરંતુ તેની ગતિ મંદ પડી છે. એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત જુલાઈ મહિનામાં ઈક્વિટી કેટેગરીમાં સ્મોલકેપ ફંડોમાં સૌથી વધુ રૂ. ૭૭૬૮ કરોડનો ચોખ્ખો આંતરપ્રવાહ આકર્ષાયો હતો. ત્યાર બાદ અનુક્રમે મિડકેપ ફંડમાં રૂ. ૬૧૯૨ કરોડનો, ફ્લેક્સિકેપ ફંડમાં રૂ. ૪૭૧૦ કરોડનો અને લાર્જકેપ ફંડમાં રૂ. ૧૩૨૨ કરોડનો આંતરપ્રવાહ આકર્ષાયો હતો. જુલાઈ મહિનાના મ્યુચ્યુઅલ ફંડના ડેટા અપેક્ષાનુસાર જોવા મળ્યા છે. રોકાણકારોનું ડાઈવર્સિફાઈડ ઈક્વિટી કેટેગરીમાં આકર્ષણ જળવાઈ રહ્યું હોવાનું જર્મિનેટ ઈન્વેસ્ટર સર્વિસીસનાં ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર સંતોષ જોસેફે જણાવ્યું હતું. એકંદરે ગત જુલાઈ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં ભારે ટર્નએરાઉન્ડ રહેતાં આગલા જૂન મહિનાના કુલ રૂ. ૫૨,૯૪૯ કરોડનાં આંતરપ્રવાહ સામે રૂ. ૨.૩૬ લાખ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. જેમાં મુખ્યત્વે ડેબ્ટ ઓરિએન્ટેડ સ્કીમમાં ગત જૂન મહિનામાં જોવા મળેલા રૂ. ૧.૦૯ લાખ કરોડના બાહ્યપ્રવાહ સામે રૂ. ૧.૮૮ લાખ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. વધુમાં એમ્ફીની આંકડાકીય માહિતી મુજબ ગત જુલાઈના અંતે ઉદ્યોગની એસેટ અન્ડર મેનેજમેન્ટ જે જૂનના અંતે રૂ. ૮૫.૨૨ લાખ કરોડની હતી તે વધીને ૮૫.૭૬ લાખ કરોડની સપાટીએ રહી હતી. તેમ જ ગત જુલાઈ મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં આંતરપ્રવાહ આગલા જૂન મહિનાના રૂ. ૩૪૪૩ કરોડ સામે ઘટીને રૂ. ૧૫૫૯ કરોડની સપાટીએ રહ્યો હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોના–ચાંદીમાં આગેકૂચ

# સ્થાનિકમાં ચાંદી ₹ ૧૮૬૨ની તેજી અને સોનું ₹ ૬૧૬ વધ્યું

મુંબઈ: આજે મોડી સાંજે અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે વિશ્વ બજારમાં સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં વધારો આગળ વધ્યો હતો, જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૧૪થી ૬૧૬ વધી આવ્યા હતા, જ્યારે ચાંદીમાં કિલોદીઠ રૂ. ૧૮૬૨નો ચમકારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી આયાત પડતરો ઘટવાથી વિશ્વ બજારની સરખામણીમાં મર્યાદિત ભાવવધારો જોવા મળ્યો હતો. આજે સ્થાનિકમાં મુખ્યત્વે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૮૬૨ વધીને રૂ. ૨,૩૭,૨૧૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નિરસ રહી હતી. તે જ પ્રમાણે સોનામાં છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. તેમ છતાં વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૬૧૪ વધીને રૂ. ૧,૫૨,૮૦૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૧૬ વધીને રૂ. ૧,૫૩,૪૧૯ના મથાળે રહ્યા હતા. આજે મોડી સાંજે અમેરિકાના ગત જુલાઈ મહિનાના ફુગાવાની જાહેરાત પૂર્વે ક્રૂડતેલ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું અને હાજરમાં સોનાના ભાવ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૪૩૮૦.૧૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને સોનાના ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૪૪૬૯.૩૦ ડૉલર અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકાના જુલાઈ મહિનાના ફુગાવામાં જો બજારની અપેક્ષા કરતાં વધારો થશે તો ફેડરલ રિઝર્વ દ્વારા આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરવાનો નિર્ણય લે તેવી શક્યતા પ્રબળ બનતાં સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડો આવી શકે છે અને જો ફુગાવામાં અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ થાય તો ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતાએ ભાવમાં સુધારો આગળ ધપી શકે, એવું વિશ્લેષકોનું માનવું છે. સાક્સો બૅન્કના વિશ્લેષકે જણાવ્યું હતું કે હાલમાં સોનાએ ઔંસદીઠ ૪૨૦૦ ડૉલરની સપાટી વટાવી હોવાથી હવે તેજી માટે મુખ્ય અવરોધક ઔંસદીઠ ૪૫૦૦ ડૉલરની ૨૦૦ દિવસની દૈનિક સરેરાશ સપાટી છે. જોકે, હાલને તબક્કે સોનાને એક્સચેન્જ ટ્રેડેડ ફંડોની લેવાલીનો ટેકો મળી રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# ખાંડમાં ₹ આઠથી ૩૦ની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્ર તેમ જ ઉત્તર પ્રદેશની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોનાં ભાવમાં મક્કમથી સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦નો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પરના પ્રોત્સાહક અહેવાલ સાથે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના સુધારા સાથે રૂ. ૪૮૧૦થી ૪૮૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦ના સુધારા સાથે રૂ. ૪૮૯૨થી ૪૯૬૨માં થયાના અહેવાલ હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૭૨૫થી ૪૭૭૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૭૯૫થી ૪૮૭૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# કોપર, બ્રાસ અને ઝિન્ક સ્લેબમાં આગળ ધપતો સુધારો

મુંબઈ: વૈશ્વિક સ્તરે ક્રૂડતેલનાં ભાવમાં જોવા મળેલો વધારો, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવા બાબતે અનિશ્ચિતતાનું વલણ રહેતાં આજે લંડન ખાતે કોપર સહિતની ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને કોપર અને બ્રાસની વેરાઈટીઓ તથા ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી આઠનો સુધારો આગળ ધપ્યો હતો. આજે નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. નવ અને રૂ. બેનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુ. ઈન્ગોટ્સ, ટીન અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૪૫૭, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૯૬૦ અને રૂ. ૯૩૦, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૧૩૬૭ અને રૂ. ૧૨૪૯, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૩૩૦ અને કોપર સ્ક્રેપ હેવી તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૩૫૩ અને રૂ. ૪૦૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૧૬૩૮ અને રૂ. બે ઘટીને રૂ. ૩૬૧ના મથાળે રહ્યા હતા.

# આયાતી તેલમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૦૧ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૧ રિંગિટ ઘટી આવ્યા હતા. જોકે, વૈશ્વિક નરમાઈતરફી અહેવાલ હોવા છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં ખાસ કરીને આયાતી તેલમાં ફરતા માલની ખેંચ અને હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે ખપપૂરતી માગ રહેતાં આયાતી તેલના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો ઘટાડો અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૫નો સુધારો આવ્યો હતો, જ્યારે સોયા રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ દેશી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. દરમિયાન આજે ચીનની કંપની સિનોગ્રેઈને આયાતી ૪.૬૧ લાખ ટન સોયાબીનનું વેચાણ ટનદીઠ સરેરાશ ૪૦૨૩ યુઆનના ભાવથી વેચાણ કર્યું હોવાની બજાર વર્તુળોમાં ચર્ચા હતી. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના મેંગ્લોરથી ડિલિવરી શરતે આસરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, ઈમામીના સપ્ટેમ્બર અને ઑક્ટોબર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૧ તથા ગોકુલ એગ્રોનાં આરબીડી પામોલિનના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, વેપારો છૂટાછવાયા રહ્યા હતા.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## મુંબઈ પોર્ટ ઓથોરિટી
સિવિલ એન્જિનિયરિંગ વિભાગ

**જનરલ નોટિસ**

બિનઅધિકૃત પાર્કિંગ માટે દંડની રકમમાં સુધારો સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે સક્ષમ સત્તાધિકારીએ મુંબઈ પોર્ટ ઓથોરિટી પ્રીમાઈસીસમાં બિનઅધિકૃત પાર્કિંગ માટે દંડની રકમમાં સુધારાને તાત્કાલિક અસરથી મંજૂરી આપી છે.

સુધારેલા દંડની રકમ નીચે મુજબ રહેશે:
**લાઈટ મોટર વાહનો:** વાહન દીઠ ₹૧,૦૦૦/- (+૧૮% GST).
**મધ્યમ કદના વ્યાવસાયિક વાહનો:** વાહન દીઠ ₹૨,૦૦૦/- (+૧૮% GST).
**ભારે વાહનો:** વાહન દીઠ ₹૫,૦૦૦/- (+૧૮% GST).

તમામ વાહનના માલિકો, ચાલકો અને પરિવહન સંચાલકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના વાહનો માત્ર નિર્ધારિત પાર્કિંગ વિસ્તારોમાં જ પાર્ક કરે. બિનઅધિકૃત રીતે પાર્ક કરેલા વાહનો પર મુંબઈ પોર્ટ ઓથોરિટી દ્વારા ઉપરોક્ત દંડની રકમ લાદવા માટે જવાબદાર રહેશે.

ચીફ એન્જિનિયર
મુંબઈ પોર્ટ ઓથોરિટી

## ઘાટકોપરમાં ભેખડ ધસી પડવાની ઘટના



# સાંકડા માર્ગને કારણે બચાવ કામગીરી પડકારજનક બની

### એક સમયે એક જ વ્યક્તિ પસાર થઈ શકે એવી ગલીઃ મશીન ગોઠવવાની જગ્યા ન હોવાથી બકેટથી કાટમાળ ખસેડવો પડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપરમાં ડુંગરાળ વિસ્તારમાં બાંધવામાં આવેલાં ઘરો પર ભેખડ ધસી પડ્યા પછી સાંકડા માર્ગને કારણે રહેવાસીઓને બચાવવાની કામગીરી રેસ્ક્યૂ ટીમ માટે પડકારજનક બની રહી હતી. એક સમયે એક જ વ્યક્તિ પસાર થઈ શકે એટલી સાંકડી ગલી અને તેમાં મશીનની ગોઠવણી શક્ય ન હોવાથી બકેટથી કાટમાળ ખસેડવો પડ્યો હતો. આવી મુશ્કેલ પરિસ્થિતિને કારણે રેસ્ક્યૂ ઑપરેશન જેટલું ઝડપી થવું જોઈતું હતું તે થઈ શક્યું નહોતું.

ચિરાગ નગર પાસેના અશોક નગરમાંની ગૌશિયા ચાલ પર બુધવારના મળસકે ભૂસ્ખલન થયું ત્યારે રહેવાસીઓ ભરઊંઘમાં હતા. મંગળવારે આખો દિવસ વરસાદ પડ્યો હોવાથી વાતાવરણ ઠંડું હતું, જેને કારણે મીઠી નિંદર માણી રહેલા રહેવાસીઓને ભેખડ ધસી પડવાનો અણસાર સુધ્ધાં આવ્યો નહોતો.

મોટી શિલાઓ ત્રણથી ચાર ઘર પર તૂટી પડી

(જુઓ પાનું ૪) ▸▸




## સૂચના અને જનજાગૃતિની અવગણના

ભેખડ ધસી પડવાનું જોખમ હોય એવા સ્થળે રહેતા લોકોને મુંબઈ મહાનગરપાલિકા દ્વારા વારંવાર સૂચના અને નોટિસ આપવામાં આવતી હોવા છતાં તેને ગંભીરતાથી લેવામાં આવતી નથી. આ અંગે પાલિકા દ્વારા જનજાગૃતિ કરાય છે તો સંબંધિત સ્થળોએ બૅનર્સ લગાવવામાં આવતાં હોય છે. આમ છતાં રહેવાસીઓ દ્વારા અવગણના કરવામાં આવતી હોવાનું પાલિકાનું કહેવું છે. ખાસ કરીને ચોમાસા પૂર્વેની તૈયારીઓ દરમિયાન ભૂસ્ખલનવાળાં સ્થળોએ રહેતા લોકોને નોટિસ આપવામાં આવે છે. પાલિકાના કહેવા મુજબ અશોક નગર ટેકરી નંબર-૩ના રહેવાસીઓને પાલિકા દ્વારા સંભવિત જોખમ અંગે જાણકારી આપી સ્થળાંતરની સૂચના અપાઈ હતી. જોકે પાલિકાની ચેતવણી કાને ન ધરવાને કારણે આવી ઘટનાઓમાં રહેવાસીઓ જીવ ગુમાવતા હોવાનું કહેવાય છે. ■

## સપ્તાહ અગાઉ જ રહેવા આવેલો પરિવાર કાટમાળ નીચે દટાયો

ઘાટકોપરની ભેખડ ધસી પડવાની ઘટનામાં જીવ ગુમાવનારો પરિવાર અઠવાડિયા અગાઉ જ ત્યાં રહેવા આવ્યો હતો, એવી માહિતી મળી રહી છે. રહેવાસીઓના કહેવા મુજબ વતનથી આવેલા આ પરિવારે હાલમાં જ ઘર ખરીદ્યું હતું. તે સમયે સ્વજનો અને એ પરિસરમાં રહેતી એક પરિચિત મહિલાએ આ પરિવારને ઘર ખરીદવાથી રોકવાનો પ્રયાસ કર્યો હતો. ભેખડ ધસી પડવાનું જોખમવાળો પરિસર હોવાની વાતથી સચેત કર્યો હતો, પરંતુ અન્યત્ર ઘર ખરીદવાની આર્થિક ત્રેવડ ન હોવાથી પરિવારે જીવના જોખમે આ પરિસરમાં રહેવું પડ્યું હતું. ■

## ૨૨,૪૮૩ પરિવાર જોખમી સ્થળે રહેવા મજબૂર

મુંબઈઃ ચોમાસા દરમિયાન મુંબઈમાં ૨૫૭થી વધુ જગ્યાએ ભેખડ ધસી પડવાનું જોખમ હોવા છતાં ત્યાં ૨૨,૪૮૩ પરિવાર રહેવા મજબૂર હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. આ અંગે રાજ્ય સરકારને જાણકારી હોવા છતાં સુરક્ષાનાં પૂરતાં પગલાં લેવામાં આવતાં ન હોવાનું કહેવાય છે.

માહિતી અધિકાર હેઠળ મળતી વિગતો અનુસાર મુંબઈમાં છેલ્લાં ૩૪ વર્ષમાં ભૂસ્ખલનની દુર્ઘટનામાં ૩૪૦ જણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે ૩૦૦થી વધુ જખમી થયા હતા. મુંબઈના ૩૬માંથી પચીસ મતદાર સંઘમાં ૨૫૭ ઠેકાણે ડુંગરાળ વિસ્તાર જોખમી તરીકે ઓળખવામાં આવ્યા છે. આ ભાગમાં ૨૨,૪૮૩ પરિવાર વસે છે, જેમાંથી ૯,૬૫૭ ઝૂંપડાંના રહેવાસીઓનું તાત્કાલિક સ્થળાંતર જરૂરી છે. તેમને સુરક્ષિત સ્થળે ખસેડવાની ભલામણ પણ સરકારને કરવામાં આવી હતી.

જે પરિવારોનું સ્થળાંતર જરૂરી નથી તેમના ઘર

(જુઓ પાનું ૪) ▸▸

## વિલ પાર્લેના ફ્લૅટમાં લાગેલી આગમાં બાળક સહિત બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિલેપાર્લેમાં બનેલી કમનસીબ ઘટનામાં ૧૨ માળની ઈમારતના ફ્લૅટમાં લાગેલી આગમાં અઢી વર્ષના બાળક સહિત બે જણે જીવ ગુમાવ્યા હતા. આ બનાવમાં ફાયર બ્રિગેડના બે જવાન સહિત છને હૉસ્પિટલભેગા કરવા પડ્યા હોઈ ત્રણને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

સાંતાક્રુઝ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર દત્તાત્રય મસવેકરે જણાવ્યું હતું કે આગ મંગળવારની રાતે ૧૦ વાગ્યાની આસપાસ લાગી હતી. આગને કારણે અઢી વર્ષના અબીર બટાવિયા અને નોકરાણી અંકિતા છત્રી (૨૩)નાં મોત નીપજ્યાં હતાં.

ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે વિલેપાર્લે પશ્ચિમમાં ચર્ચ રોડ પરની શાંતા ભવન બિલ્ડિંગના ૧૧ માળે આગ લાગી હોવાની માહિતી રાતે ૧૦ વાગ્યે મળી હતી. માહિતી મળતાં જ ફાયર બ્રિગેડના જવાનો, પોલીસ, સંબંધિત વીજ વિતરણ કંપની અને પાલિકાના વૉર્ડ અધિકારી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

કહેવાય છે કે એક ફ્લૅટમાં લાગેલી આગની ચપેટમાં બાજુનો બીજો ફ્લૅટ પર આવી ગયો હતો. આગની જ્વાળા દૂર દૂર સુધી દેખાતી

(જુઓ પાનું ૪) ▸▸

### મુંબઈગરા માટે ખુશખબર


## ચાર વર્ષ વહેલી મળશે ૨૩૮ નવી એસી લોકલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાઓ માટે સૌથી મોટા રાહતના સમાચાર છે કે વધુ આધુનિક પ્રકારની એર કન્ડિશન્ડ (એસી) લોકલ ટ્રેનમાં પ્રવાસીઓને મુસાફરી કરવાનો અવસર મળશે, પરંતુ ઔર ઈંતઝારી કરવી પડશે. પશ્ચિમ રેલવેની સાથે મધ્ય રેલવેની મેઈન અને હાર્બર લાઈનમાં કુલ ૨૩૮ એસી લોકલ ટ્રેન દોડાવવાની યોજના છે. અગાઉ આ યોજનામાં પ્રથમ નવી એસી લોકલ ૨૦૩૦માં મળવાની અને સમગ્ર ફ્લીટ ૨૦૩૪ સુધીમાં તૈયાર થવાની શક્યતા હતી. હવે રેલવેએ એસી રેકના ઉત્પાદનની વ્યૂહરચનામાં ફેરફાર કરીને પ્રથમ નવી એસી લોકલ ૨૦૨૭માં અને તમામ ૨૩૮ ટ્રેન ૨૦૩૦ સુધીમાં તૈયાર કરવાનો લક્ષ્યાંક રાખ્યો

(જુઓ પાનું ૪) ▸▸

## બોરીવલીની ગુજરાતી યુવતીએ છત્તીસગઢમાં અકસ્માતમાં જીવ ગુમાવ્યો



### ઓલ ગર્લ્સ બાઈક ટૂરમાં સાથી બાઈકરની બ્રેક બગડેલી બાઈક પોતે ચલાવવા લીધી અને જીવ ખોયોઃ તાકીદે સારવાર ન મળી હોવાથી મૃત્યુ થયું હોવાનો સાથી બાઈકર્સનો આરોપ

*ચેતના રાજા*

મુંબઈઃ છત્તીસગઢના બસ્તરમાં મુંબઈના બાવીસ સાથીઓ સાથે ઓલ ગર્લ્સ બાઈક ટૂર પર ગયેલી ગુજરાતી યુવતી રિદ્ધિ ઠક્કરનું અત્યંત કમનસીબ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. જાણવા મળ્યા મુજબ આ ૨૩ બાઈકર્સમાંથી એક બાઈકરની બાઈકમાં બ્રેક સંબંધી સમસ્યા સર્જાઈ હતી અને તેનાથી બાઈકરને પડી રહેલી તકલીફને જોઈને રિદ્ધિએ બાઈક પોતાના હાથમાં લીધી હતી અને સાથી બાઈકરને પોતાની બાઈક ચલાવવા આપી હતી.

રિદ્ધિ મુંબઈના ૨૩ સાથી ગર્લ્સ બાઈકર્સ સાથે ટૂર પર ગઈ હતી. જોકે, આ પ્રવાસ દરમિયાન એક સાથી યુવતીની બાઈકમાં બ્રેક સંબંધિત કેટલીક ટેક્નિકલ સમસ્યા સર્જાઈ હતી. રિદ્ધિએ આ બાઈક લીધી, પરંતુ બાઈક બદલ્યાના થોડા જ સમય બાદ આગળ આવેલા

(જુઓ પાનું ૪) ▸▸

## બાંદ્રામાં ડ્રગ્સની જપ્તીનું પગેરું ઉત્તર પ્રદેશના કારખાના સુધી પહોંચ્યું

### એટીએસે ૯.૪૦ કરોડનું ડ્રગ્સ પકડી પાડીને બે વિદેશી મહિલા સહિત ત્રણની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવૉડે (એટીએસ) બાંદ્રા વિસ્તારમાં ડ્રગ્સ પકડી પાડ્યા બાદ તેનું પગેરું ઉત્તર પ્રદેશના ગ્રેટર નોએડા ખાતે ડ્રગ્સ બનાવવાના કારખાના સુધી પહોંચ્યું હતું. બંને સ્થળેથી એટીએસની ટીમે ૯.૪૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું અને બે વિદેશી મહિલા સહિત ત્રણ જણની ધરપકડ કરવામાં આવી હતી.

એટીએસના કાલાચોકી યુનિટને માહિતી મળી હતી કે એક વ્યક્તિ મેફેડ્રોન ડ્રગ્સ વેચવા માટે બાંદ્રા પૂર્વમાં કોર્ટ સામેની અંબર હોટેલ નજીક આવવાની છે. આથી એટીએસની ટીમે મંગળવારે હોટેલ સામે છટકું ગોઠવ્યું હતું અને શંકાને આધારે શખસને તાબામાં લીધો હતો. તેની તલાશી લેવામાં આવતાં ચાર કરોડ રૂપિયાનું ૨૦૫૦ ગ્રામ મેથામ્ફેટામાઇન નામનું

(જુઓ પાનું ૪) ▸▸

## સાયનના ગાર્ડનમાં ગઝીબોનો ભાગ તૂટી પડતાં પાંચ સિનિયર સિટિઝન્સ ઘવાયા

મુંબઈઃ સાયન વિસ્તારમાં આવેલા ગાર્ડનમાં ઊભો કરાયેલો ગઝીબોનો ભાગ બુધવારે સાંજે તૂટી પડતાં પાંચ સિનિયર સિટિઝન્સને ઇજા પહોંચી હતી.

પ્રતીક્ષા નગર ખાતે ટી/૧૮ બિલ્ડિંગની સામે આવેલા માલા ગાર્ડનમાં બુધવારે સાંજે ૪.૪૫ વાગ્યે આ ઘટના બની હતી, જેમાં ઘવાયેલા સિનિયર સિટિઝનને સ્થાનિકોની મદદથી ઉગારી લેવામાં આવ્યા હતા. ઘાયલોમાં ધોંડીરામ ઘોપકર, ગણપત અંબોલે, પ્રમીલા જાધવ, લક્ષ્મી શિતલિયા અને સુનિતા મોરેનો સમાવેશ છે.

બનાવની જાણ થયા બાદ મુંબઈ પોલીસ, અગ્નિશમન દળના જવાનો, એમ્બ્યુલન્સ તથા અન્ય એજન્સીઓ બચાવકાર્ય માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગઝીબો એક ખુલ્લી જગ્યાવાળી

(જુઓ પાનું ૪) ▸▸

## નાંદેડની સ્થાનિક સંસ્થાઓના ૪૪ ઉમેદવારો ગેરલાયક

નાંદેડઃ મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં નિર્ધારિત સમયમર્યાદામાં ચૂંટણી ખર્ચનો હિસાબ રજૂ ન કરવા બદલ ૪૪ સભ્યોને ત્રણ વર્ષ માટે નગરપાલિકાના સભ્ય બનવા માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે.

જિલ્લાની ૧૨ નગર પરિષદો અને એક નગર પંચાયત માટેની ૨૦૨૫ની ચૂંટણીઓ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. 'ઉમેદવારોએ નિર્ધારિત સમયગાળામાં સંબંધિત સત્તાવાળાઓને તેમના ચૂંટણી ખર્ચની વિગતો રજૂ કરવાની હોય છે. આ ૪૪ ઉમેદવારોએ નિયમનું પાલન કર્યું નહોતું. અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે, પરિણામે 'મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કાઉન્સિલ્સ, નગર પંચાયતો

(જુઓ પાનું ૪) ▸▸










"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.